بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈય્ઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-જુલાઈ-૨૦૧૦**

શાબાનુલ મુઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક
હિજરી સન : ૧૪૩૧

વર્ષ : ૦૮, અંક : ૦૮, સળંગ અંક : ૮૦

સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૪૫/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


૦૧ હૈદ્રાબાદની મક્કા મસ્જિદ, માલેગાંવ તથા અજમેર શરીફના સર્વ ધમાકા.....'અભિનવ ભારત'ની દૈન ! ૦૨
૦૨ શિર્કની હક઼ીક઼ત અને દેવબંદીઓની જૂઠી તૌહીદની અસલિયત દર્શાવતો આઈનો ૦૩
૦૩ તફસીરે ઝિયાઉલ કુર્આન ૧૨
૦૪ (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત ૧૪
૦૬ હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત رحمۃ اللہ تعالی علیہم اجمعین ૧૬
૦૫ ક઼ાનૂને શરીઅત ૧૮
૦૭ મસ્જિદોમાં સ્ક્રિન લગાડી પ્રોગ્રામ દેખાડવું કેવું ?! ૧૯
૦૭ રૂહાની તર્બિયતકા મહીના રમઝાન શરીફ ! ૨૧
૦૭ ઈસ્લામમાં જૂઠ તથા વાદાખિલાફીની બુરાઈ અને આપણો માહોલ ૨૪
૦૭ સૂફીઈઝમની હક઼ીક઼ત તેના પર વાંધા અને જવાબો ૩૦
૦૭ ઈલ્મની પ્રગતિમાં મુસ્લિમોનો ફાળો ૩૮
૧૪ બરકાતે ખ્વાજાની ટપાલ... ૪૭


## ચાંદસે ઉન્કે ચેહેરે પર.....

અઝ : હુજ્જતુલ ઈસ્લામ હઝરત હામિદ રઝા رحمۃ اللہ علیہ

ચાંદસે ઉન્કે ચેહેરે પર ગેસૂએ મુશ્કે ફામ દો
દિન હૈ ખિલા હુવા મગર વક્તે સહરો શામ દો

આરિઝે નૂરે બારસે બિખરી હૂઈ હટી જો ઝુલ્ફ
એક અંધેરી રાતમેં નિકલે મહે તમામ દો

ખૈર સે દિન ખુદા વો લાએ દોનોં હરમ હમેં દિખાએં
ઝમ ઝમ વ બીરે ફાતિમા કે પઈં ચલકે જામ દો

હાથોંસે ચાર ચાર કે હમ કો મિલેંગે ચાર જામ
દસ્તે હસન હુસૈનસે ઔર મિલેંગે જામ દો

નામે ખુદા હૈ હાથમેં નામે નબી હૈ ઝાતમેં
મોહરે ગુલામ હૈ પળી લિખ્ખે હુએ હૈં નામ દો

નામે હબીબ કી અદા જાગતે સોતે હો અદા
નામે મુહમ્મદી બને જિસ્મ કો યે નિઝામ દો

અબ તો મદીને લે બુલા ગુંબદે સબ્ઝ દે દિખા
'હામિદ' વ 'મુસ્તફા રઝા' હિંદમેં હૈં ગુલામ દો

## હૈદ્રાબાદની મક્કા મસ્જિદ, માલેગાંવ તથા અજમેર શરીફના સર્વ ધમાકા "અભિનવ ભારત"ની દૈન !

કાર્યાલય

સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)ની તપાસમાં આતંકવાદીઓ વિશે ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે. આપણુ ઈલેક્ટ્રોનિક તથા પ્રિન્ટ મીડિયા જે ન્યૂઝ આપવાથી લજ્જા તથા શરમ અનુભવે છે અને આવા ખતરનાક આતંકવાદી તથા તેમની લિંકો પકડવાના સમાચારથી આંખ આડા કાન કરી પબ્લિકને જાણે અજાણ રાખવા મથે છે ! છતાં ક્યાંક ક્યાંક એ સમાચારો પ્રસિધ્ધ થઈ જાય છે, તે એ કે હૈદ્રાબાદની મક્કા મસ્જિદ, માલેગાંવ કબ્રસ્તાન તથા અજમેર શરીફ દરગાહ ખાતે હિંદુ આતંકવાદીઓ થકી ધમાકા થયા હતા. સી.બી.આઈ.એ એ વાતને સમર્થન આપ્યું છે કે આ ત્રણેવ સ્થળે ''અભિનવ ભારત'' નામની એક જ સંસ્થાએ આતંકવાદ ખડો કર્યો હતો. 'અભિનવ ભારત'નું નેટવર્ક શરૂમાં જે સ્થાનિક લેવલ પૂરતુ જણાતુ હતુ પણ તપાસમાં જાહેર થયું કે તેનું નેટવર્ક હિંદના વિવિધ રાજ્યો સુધી ફેલાયેલું છે અને અધિક તપાસમાં તેના છેડા વિદેશ સુધી હોવાનું બહાર પડવાની શક્યતા છે. સી.બી.આઈ.એ સંદિપ કાંગે તથા રામચંદ્ર કાલ સંગરની ધરપકડ માટે દસ દસ લાખ રૂપિયાનું ઈનામ રાખ્યું છે જેઓ મધ્ય પ્રદેશના ઈંદોરના વતની છે અને મક્કા મસ્જિદના ધમાકા બાદ અદશ્ય થઈ ગયા છે. આ બંનેવે સુનીલ જોશીની સાથે મક્કા મસ્જિદ (હૈદ્રાબાદ)માં બોમ્બ રાખ્યો હતો. સી.બી.આઈ.ની દેવેન્દ્ર ગુપ્તા (૩૭)ની સાથે પૂછતાછ દરમ્યાન આ હકીકત સામે આવી હતી. દેવેન્દ્ર ગુપ્તા આર.એસ.એસ.નો સ્વયંસેવક છે અને હાલમાં એક મુજરિમ લોકેશ શર્માની સાથે સી.બી.આઈ.ના કબજા હેઠળ છે. દેવેન્દ્ર ગુપ્તા તથા લોકેશની ધરપકડ અજમેર શરીફના ધમાકા બાદ થઈ હતી. રાજસ્થાન એ.ટી.એસ. એ બંનેવની ધરપકડ કરી હતી. જ્યારે તપાસ લાંબી ચાલી તેમાં એ વાત પણ જાહેર થઈ કે માલેગાંવ તથા મક્કા મસ્જિદ હૈદ્રાબાદના ધડાકામાં પણ એમનો હાથ છે. આ સર્વ આતંકવાદીઓને ''અભિનવ ભારત'' સાથે સંબંધ છે.

સી.બી.આઈ. સમક્ષ આ મામલો ઘણો જ ગંભીર છે, કેમ કે એમાંથી એક મુજરિમ જોશીનું ખૂન થઈ ચૂક્યું છે. એના લીડરોને ખતરો જણાયો હતો કે જો એ પકડાઈ જશે તો ઘણા બધાં મહત્વનાં નામો ઉઘાડાં પડી જશે ! એટલા માટે જોશીને હમેશાં માટે ખામોશ કરી દેવામાં આવ્યો. આશ્ચર્યની વાત એ છે કે માનવ ખૂનથી હોળી ખેલનારા આવા ખતરનાક આતંકવાદીઓની વિગતો સતત સી.બી.આઈ.ની તપાસમાં બહાર પડતાં રહે છે છતાં મીડિયા જાણે અજાણ હોય તેમ કાંઈ કહેવા કે લખવા તૈયાર નથી !

વળી દિલચસ્પીની વાત એ છે કે મક્કા મસ્જિદના ધડાકા બાદ હૈદ્રાબાદ પોલીસે લશ્કરે તયબહ તથા હૂજી પર જિમ્મેદારી થોપીને શહેરના ૧૦૦ મુસ્લિમ નવયુવાનોની ધરપકડ કરી નાખી હતી. તેમને પોલીસે બુરી રીતે ટોર્ચર કરીને ૨૬ મુસ્લિમ યુવાનોના વિરૂધ્ધ વિવિધ કલમો લગાડી કેસો દાખલ કર્યા હતા. પણ બાદમાં અદાલતમાં સૌ નિર્દોષ છૂટી ગયા ! જ્યારે ધડાકાઓની તપાસ સી.બી.આઈ. પાસે આવી તો ધીમે ધીમે વાસ્તવિક્તા પરથી પડદો હટતો ગયો અને દુનિયા સમક્ષ સાચા આતંકવાદીઓ કોણ છે તે જાહેર થઈ ગયું છે. જો આ તપાસનું વર્તુળ વિસ્તર્યું તો 'અભિનવ ભારત' સંસ્થાના આંતર રાષ્ટ્રીય સંબંધો પણ બેનકાબ થઈ શકે છે અને વિશ્વમાં હંગામા ખડા કરવામાં તથા મુસ્લિમો વિરૂધ્ધ ગુપ્ત ચળવળ ચલાવવામાં વર્ષોથી કાર્યરત ઈઝરાઈલને જઈને એની કડી મળતી જોવા મળી શકે છે.

# શિર્કની હક઼ીક઼ત અને દેવબંદીઓની જૂઠી તૌહીદની અસલિયત દર્શાવતો આઈનો




વિશેષતઃ ૧૦૦ વરસથી જગતમાં અને ગુજરાતમાં ૫૦ વરસથી ફેલાઈ રહેલા નવા નીકળેલા વહાબી દેવબંદી બાતિલ ફિર્ક઼ાનું "દારુલ ઉલૂમ" (માસિક) જે દારુલ ઉલૂમ કંથારીયા (તા. જિ. ભરૂચ)થી બહાર પડે છે. આ "કુફ્રી અક઼ીદા" ફેલાવતા મર્કઝમાં રહીને "ગુંગા બહેરા શૈતાન" માફક ઈસ્માઈલ મનુબરી તથા અન્ય મૌલાનાઓ અવાર નવાર તેમના માસિક તથા અન્ય પ્રકાશનોમાં કેવળ કોઠો બનાવીને આ નબી વલીના દુશ્મનો, અવલિયાના ગુસ્તાખો સતત છાપતા રહે છે કે...." અવલિયાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين ને હાઝિર નાઝિર માનવા–શિર્ક ! ઈલ્મે ગયબ માનવું–શિર્ક ! મુશ્કિલ કુશા માનવું–શિર્ક ! મન્નતો માનવી–શિર્ક..... વગેરે." જો કે ઉલમાએ અહલે સુન્નતે એને ભરપુર રદિયો આપી કુર્આન હદીષ થકી એ માન્યતાઓ (અક઼ીદા) હરગિઝ શિર્ક નથી, તે કેટલીયેવાર સાબિત કરેલ છે, અને હુઝૂર, સહાબા તથા બુઝુર્ગોના દરેક યુગમાં એ જ અક઼ીદા રહ્યા છે એ સ્પષ્ટ કરેલ છે. વળી ઈમામે અહલે સુન્નત, મુજદ્દિદે દીનો મિલ્લત, આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رحمة الله عليه થી તેમને એટલી જલન થાય છે કે વારંવાર તેમના વિશે "શિર્ક ફેલાવ્યું" એવું વિના દલીલે લખ્યા કરે છે. તથા હાલમાં પણ જૂન–૨૦૧૦ના "દારુલ ઉલૂમ" માસિક પેજ નં ૧૭માં એ જ પ્રમાણે "શિર્ક ફેલાવનારાઓ"નો કોઠો બનાવી તેમાં અકાબિર ઉલમાએ અહલે સુન્નતનાં નામો લખી દીધાં. તેમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા, શેરબેશએ અહલે સુન્નત હશ્મતઅલીખાં પીલીભીતી, હઝરત અલ્લામા નઈમુદ્દીન મુરાબાદી, હઝરત મુશ્તાક઼ અહમદ નિઝામી, અલી મુહમ્મદ ધોરાજવી વગેરેની સાથોસાથ હાલના ઉલમા (હઝરત સૈયદ) મહમૂદ કછોછવી, (હઝરત સૈયદ મુહમ્મદ) મદની કછોછવી, (હઝરત સૈયદ) અશરફી કછોછવી અને છેલ્લે લખી આપ્યું છે કે તમામ રઝાખાની ઉલમા તથા દરગાહોના મુજાવરો.

ઈતિહાસ સાક્ષી છે કે ઉપરોક્ત અહલે સુન્નતના ઉલમાએ કિરામ તે છે જેમણે દેવબંદિયતના કુફ્રને ખૂબ જ ઉઘાડુ પાડી આપ્યું અને એમાંના મોટા ભાગના ઉલમાએ ઠેર ઠેર તેમના જે તે સમયના મોલ્વીઓ સાથે મુનાઝરાઓ કરી તેમને જબરદસ્ત હારની થાપડો લગાડી હતી જેનો ઝણઝણાટ હજુ સુધી અનુભવતા હોવાથી તેમની અદાવતમાં તેઓ આવું લખે છે, અને આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمة الله عليه ના નામથી એટલા માટે ભડકેલા રહે છે કે તેમણે જે તે સમયના હરમૈન શરીફૈન (મક્કા–મદીના) તથા અન્ય ઈસ્લામી દેશોના ટોચના ઉલમા સમક્ષ આ લોકોના દેવબંદી મોલ્વી મહાશયો જેવા કે અશરફઅલી થાનવી, ક઼ાસિમ નાનોત્વી, રશીદ ગંગોહી, ખલીલ અંબેઠવી તથા તેમના ભાઈ ક઼ાદયાનીઓનું ખુદા વ રસૂલની બારગાહમાં ગુસ્તાખી કરતુ કુફ્રી લખાણ પેશ કરી તેમના કુફ્ર પર મજબૂત ખીલો ઠોકી દીધો ! જેથી આજ સુધી તેઓ તથા તેમના ભાઈ ક઼ાદયાનીઓ તેની પીડામાં ચીસો પાડતા રહે છે. *(જુઓ : હુસ્સામુલ હરમૈન તથા અસ્સવારિમુલ હિંદિયા)*

અન્ય ચર્ચા કરતાં પહેલાં, આવો ! સૌ પ્રથમ સરળ ભાષામાં "શિર્ક" શું છે ? શિર્ક કોને કહે છે ? અને માણસ "મુશ્રિક" ક્યારે થાય છે ? તેને કુર્આન હદીષની રોશનીમાં ગિઝાલીએ દૌરાં હઝરત અલ્લામા સઈદ અહમદ કાઝમી (પાક.) رحمة الله عليه ની કિતાબ "તૌહીદ તથા શિર્ક"ના આધારે સમજી લઈએ :–

**શિર્કની ભયાનક્તા :** રબ તઆલા ફર્માવે છે, "અલ્લાહ નહીં માફ કરે એને જે ભાગીદાર (શરીક) કરે એની સાથે, અને માફ કરી આપશે એના સિવાય જેને ચાહે." *(સૂ. નિસાઅ્, આ. ૧૧૬)*

**તૌહીદનો અર્થ :** તૌહીદનો અર્થ છે અલ્લાહ તઆલાની પાક ઝાતને તેની ઝાત તથા સિફતોમાં શરીક (ભાગીદાર)થી પાક માનવી. એટલે કે જેવો અલ્લાહ છે તેવો આપણે કોઈને અલ્લાહ ન માનીએ. જો કોઈ અલ્લાહ તઆલાના હોવા છતાં કોઈ અન્યને અલ્લાહ સમજે છે તો તે ઝાતમાં શિર્ક કરે છે. ઈલ્મ, શ્રવણ શક્તિ, જોવાની શક્તિ...... વગેરે અલ્લાહ તઆલાની સિફતો (ખૂબીઓ) છે જો તે સિફતોમાં અન્યને શરીક ઠરાવીએ તો આપણે મુશ્રિક ઠરીશું.

**તૌહીદ અને શિર્કમાં તફાવત :** આપણને તૌહીદનો અર્થ જણાઈ ગયો કે અલ્લાહ તઆલાની પાક ઝાત તથા સિફતોમાં કોઈને શરીક ઠરાવવામાં ન આવે.

હવે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે, ઈલ્મ અલ્લાહ તઆલાની સિફત (ખૂબી) છે. જો આપણે કોઈ બીજાના માટે ઈલ્મ સાબિત કરી દઈએ તો એ શિર્ક થશે ? સમીઓબસીર (સાંભળનાર તથા જોનાર) અલ્લાહ તઆલાની (ખૂબીઓ) સિફતો છે, જો આપણે કોઈ અન્યના માટે સાંભળવા તથા જોવાની સિફતો સાબિત કરી દઈએ તો શું એ પણ શિર્ક થશે ? એ જ મુજબ અલ્લાહ તઆલાના માટે સિફતે હયાત (જીવંત હોવાની સિફત) સાબિત છે, જો આપણે કોઈ અન્યને હયાતની સિફત ધરાવનાર કહીએ (જીવંત કહીએ) તો શું આપણે મુશ્રિક થઈશું ? આવો ! એને સમજી લઈએ.

**અલ્લાહ તઆલાની હયાત અને ઈન્સાની હયાતમાં તફાવત :** અલ્લાહ તઆલાની હયાત પર તો સૌનું ઈમાન છે, અને જે લોકોને અલ્લાહ તઆલાએ હયાતની સિફત આપી છે તે સૌ આ સિફત (જિંદગી) ધરાવનાર છે. હવે આપણે આપણા માટે પણ હયાતની સિફત માની અને અલ્લાહ તઆલાના માટે હયાતની સિફત માની તો શું એ શિર્ક થશે ? નહીં ! એનું કારણ એ છે કે જેવી હયાત આપણે અલ્લાહ તઆલાના માટે માનીએ છીએ તેવી હયાત ન આપણે આપણા માટે માનીએ છીએ ન અન્ય કોઈના માટે. કેમ કે અલ્લાહ તઆલા આપણને જિંદગી આપવાવાળો છે. અલ્લાહ તઆલાને કોઈ હયાત આપનાર નથી. આપણી જિંદગી મર્યાદિત સમય માટેની છે, તેણે (ખુદાએ) આપેલી છે, મર્યાદિત અને ફના થનારી છે. અલ્લાહ તઆલાની હયાત મર્યાદિત સમય પૂરતી નથી, અતા થએલ નથી અને મર્યાદિત પણ નથી. હવે જ્યારે જણાયું કે અલ્લાહ તઆલાની હયાત અમુક સમય પૂરતી, અતા થયેલ કે મર્યાદિત નથી અને આપણી જિંદગી અતાઈ છે, અલ્લાહ તઆલાની હયાત બાકી છે અને આપણી ફાની છે, માટે હવે શિર્ક ખતમ થઈ ગયું. આ જ વિચારો તમામ મસાઈલમાં રજૂ કરતા ચાલો તો વાત સ્પષ્ટ થતી જાય છે.

**ખુદા તઆલાની કુદરત અને ઈન્સાનના ઈખ્તિયારમાં તફાવત :** સવાલ એ છે કે શું અલ્લાહ તઆલાએ ઈન્સાનની અંદર કોઈ શક્તિ પેદા નથી કરી ? જો નથી કરી તો પછી પથ્થર અને માણસમાં શું તફાવત હશે ?

અલ્લાહ તઆલા કાદિર તથા મુખ્તાર છે અને ઈન્સાનની તે કુદરત (શક્તિ) અને ઈખ્તિયાર જે અલ્લાહ તઆલાએ દરેક વ્યક્તિમાં પેદા કર્યા તેના કારણે ઈન્સાન પણ મુખ્તાર (ઈખ્તિયારવાળો) થયો કે નહીં ? તો પછી અલ્લાહ પણ મુખ્તાર અને બંદો પણ મુખ્તાર એ કેવું ? તો સાંભળો ! અલ્લાહ તઆલા મુખ્તાર હોવામાં મોહતાજ નથી, અલ્લાહ તઆલાને ઈખ્તિયાર કોઈના થકી અતા નથી થયો બલ્કે તે ઝાતી છે અને બંદો મુખ્તાર હોવામાં અલ્લાહનો મોહતાજ છે.

**ખુદાઈ ઈલ્મ અને ઈન્સાની ઈલ્મમાં તફાવત :** ઈલ્મ ઈન્સાનિયતનું અલંકાર છે પણ ઈલ્મ

તો ખુદાની સિફત છે તો શું એ શિર્ક થશે ? તો એનો જવાબ એ છે કે જે ઈલ્મ અલ્લાહ તઆલાનો છે તે બંદાનો નથી. અલ્લાહ તઆલાનો ઈલ્મ પોતાનો છે અને આપણો ઈલ્મ તેનો અતા કરેલ છે.

તે જ પ્રમાણે અલ્લાહ તઆલા સમીઓ બસીર (સાંભળનાર તથા જોનાર) છે અને ફર્માવે છે કે, ''અમે ઈન્સાનને સમીઓ બસીર એટલે કે સાંભળનાર તથા જોનાર બનાવ્યો.'' તો અલ્લાહ તઆલાની આ તમામ સિફતો (ખૂબીઓ) બેનિયાઝ તથા ગની (કોઈના પર આધારિત નહીં) થઈને છે અને બંદાઓની આ સિફતો તેની (ખુદાની) હાજતમંદ તથા નિયાઝમંદ (તેની સામે લાચાર) બનીને છે. કેમ કે તેઓને આ સિફતો ખુદાએ આપી અને તે પોતે અને તેની સિફતો રબના કબ્જા અને કુદરતમાં છે. ખુદાઈ અને બંદાપણામાં આ જ તફાવત છે.

હવે શિર્કનો મતલબ સ્પષ્ટ થઈ ગયો કે **જે સિફતો અલ્લાહ તઆલાની પોતાની છે એટલે કે કોઈની અતા કરેલ (અર્પેલી) નથી તે જ સિફતો કોઈ અન્યના માટે સાબિત કરવું શિર્ક છે.** અને તે સિફતો વડે શિર્ક લાગુ નથી પડતું જે અલ્લાહ તઆલાએ કોઈને બખ્શી છે. જો ઈન્સાનોને અલ્લાહ તઆલાએ સિફતો (ખૂબીઓ) ન બખ્શી હોય તો પછી ન કોઈ સાંભળવાવાળો હોય ન જોવાવાળો હોય, ન જીવંત હોય, ન કોઈ ઈલ્મવાળો હોય. તેથી આપણે એ જ કહીશું કે જે સિફતો અલ્લાહ તઆલાની છે તે બંદાઓની નથી હોઈ શકતી. **અલ્લાહ તઆલાની સિફતો અઝલી તથા અબદી (હમેશાંથી હમેશાં માટે) છે, બંદાની હંગામી છે. અલ્લાહ તઆલાના કમાલો કોઈના પેદા કર્યા વગરના છે અને ઈન્સાનના કમાલો (ખૂબીઓ) અલ્લાહ તઆલાના બખ્શેલા છે.**

જો આપણે કોઈના માટે અલ્લાહ તઆલાની અર્પિત કુદરત (શક્તિ) અને અલ્લાહ તઆલાનો અતા કરેલ ઈખ્તિયાર માનીએ, અલ્લાહ તઆલાની અતા કરેલી સાંભળવાની તથા જોવાની શક્તિ માનીએ તો શિર્ક નથી. કેમ કે જ્યારે અતાનો ખ્યાલ આવ્યો તો શિર્કની નફી થઈ ગઈ (શિર્ક રહ્યું નહીં).

**એક વાંધો અને તેનો જવાબ** : પરંતુ અહીં એક સવાલ ઉપસ્થિત થઈ ગયો કે, આપ કહો છો કે અલ્લાહ તઆલાની પેદા કરેલી ચીજનો ખ્યાલ આવી ગયો તો શિર્ક ખતમ થઈ ગયું, જો કે એ વાત નથી! કેમ કે મુશ્રિકો મૂર્તિઓની પૂજા કરતા હતા. તેઓને પૂછવામાં આવ્યું કે તમે જે બૂતોની પૂજા કરો છો તેને કોણે પેદા કર્યા ? તો અલ્લાહ તઆલા ફર્માવે છે, તેઓ કહેશે અલ્લાહે પેદા કર્યા★.

જણાયું કે કેવળ અલ્લાહ તઆલાના પેદા કરવાના ખયાલને માની લેવાથી મકસદ પૂરો ન થયો અને કેવળ મખ્લૂક સમજવાનો ખ્યાલ કરવો શિર્કથી બચવા માટે પૂરતું નથી. બલ્કે અલ્લાહ તઆલાની ખાસ સિફતોમાં કોઈને પણ શરીક ન ઠરાવવો અને એ માનવું કે ખુદાની દરેક સિફત અલ્લાહ તઆલાની ખાસ સિફત છે, એ પણ જરૂરી છે.

**મુશ્રિકોની માન્યતા શું હતી ?** : એ ખરું કે મુશ્રિકોએ પોતાના બાતિલ મઅબૂદોને મખ્લૂક માન્યા પરંતુ જ્યારે માની લીધું તો તેને સ્વીકારવું જોઈએ કે મખ્લૂક ખાલિકની મોહતાજ છે અને ખાલિકના વજૂદ વગર મખ્લૂકનું વજૂદ નથી હોઈ શકતું. અને મખ્લૂક જેવી રીતે પેદાઈશમાં ખાલિકની મોહતાજ છે એવી જ રીતે મૌતના માટે પણ તેની મોહતાજ છે. આ એતેકાદ (માન્યતા) અનિવાર્ય હતો. પરંતુ તે ''મુશ્રિકોએ કહ્યું કે, એ સાચું છે કે તેઓને ખુદાએ પેદા કર્યા, પરંતુ પેદા કર્યા બાદ તેઓને ખુદાઈ આપી દીધી. એટલા

---

★ وَلَئِنْ سَأَلْتَهُمْ مَّنْ خَلَقَهُمْ لَيَقُولُنَّ اللّٰهُ فَأَنّٰى يُؤْفَكُونَ ○ *''અને જો હે હબીબ ! (ﷺ) તમે તેઓને પૂછો કે તેઓને કોણે પેદા કર્યા તો તેઓ જરૂર કહેશે કે અલ્લાહે, પછી તેઓ ક્યાં ઊંધા બહેકતા જાય છે.'' (સૂરએ ઝુખરૂફ, આ–૮૭) શયખ મહમૂદ આલૂસીએ તફસીરે રૂહુલ મઆલીમાં લખ્યું છે કે આ આયત મૂર્તિની ઈબાદત કરવાવાળા મુશ્રિકોના સંબંધે પણ હોઈ શકે છે અને તેઓના મઅબૂદોના વિશે પણ.''*

માટે અલ્લાહ તઆલા હવે કોઈ કામ ન કરે અને આ કરવા ઈચ્છે તો કરી શકે, કેમ કે અલ્લાહ તઆલાએ હવે તેઓને પોતાના હુકમ હેઠળ નથી રાખ્યા અને ખૂદ મુખ્તારીની સિફત તેઓને આપી દીધી કે મારો હુકમ ન પણ હોય તો પણ તમે કામ કરી શકો છો." **આ હતો તે જાહિલોનો એતેકાદ !** જો કે તેઓએ સમજવું જોઈતું હતું કે જે ચીજ **મખ્લૂક઼** છે તે **મુસ્તક઼િલ (જાતે પોતે ખુદાની અતા વગર શક્તિમાન) નથી હોઈ શકતી.**

**ખુદાઈ અતાઈ નથી હોઈ શકતી :** અલ્લાહ તઆલા સર્વ કાંઈ આપી શકે છે પણ ઉલૂહિય્યત (ખુદાઈ) નથી આપી શકતો કેમ કે ઉલૂહિય્યત (રબ હોવાપણુ) કોઈની અતા વગર ખૂદ બખૂદ છે, અને અતાઈ (અતા કરવામાં આવેલ) ચીજ મુસ્તક઼િલ નથી હોઈ શકતી. ઉલૂહિય્યત (ખુદાઈ) ખૂદ બખૂદ હોવાના અર્થમાં (કોઈના મોહતાજ નહીં) છે. પરંતુ મુશ્રિકોનો ખયાલ એ હતો કે તેઓએ કહ્યું લાત તથા મનાત વગેરે એવા ઝાહિદ તથા આબિદ લોકો હતા કે અલ્લાહે કહ્યું, તમારી ઈબાદત કમાલના દરજે પહોંચી ગઈ. હવે હું તમારા પર એ એનાયત કરું છું કે તમે આઝાદ છો. હું તમારા પર ન કાંઈ ફર્ઝ કરું છું અને ન કોઈ પાબંદી લગાડું છું. પછી આ પ્રમાણે તેઓએ (તે મુશ્રિકોએ) કહ્યું કે અલ્લાહ તઆલાને અમારા તમામ 'મઅબુદો'ને ઉલૂહિય્યત (ખુદાઈ) આપી દીધી.

જે શખ્સનો એ અક઼ીદો હોય કે અલ્લાહ તઆલાએ કોઈને ઉલૂહિય્યત (રબપણા)ની સિફત અતા ફર્માવી દીધી છે તે મુશ્રિક અને મુલ્હિદ છે. મુશ્રિકો અને મુસ્લિમોની વચ્ચે પાયાનો ફરક એ જ છે કે તેઓ (કાફિરો) ગયરૂલ્લાહના માટે અતાઈ ઉલૂહિય્યતના માનનાર હતા, જ્યારે મો'મિનો કોઈ મક઼બૂલથી મક઼બૂલતરીન એટલે સુધી કે હુઝૂર સૈયદુલ મુરસલીન ﷺના હક્કમાં પણ ઉલૂહિય્યત અને ઝાતમાં બેપરવા (પોતાની ઝાત માટે ખુદાના મોહતાજ ન હોવું)ના કાઈલ (માનવાવાળા) નથી.

**દરેક કામ અલ્લાહના હુકમથી અયન તૌહીદ છે :** مَنْ ذَا الَّذِیْ یَشْفَعُ عِنْدَهٗ اِلَّا بِاِذْنِهٖ "કોણ છે જે શફાઅત કરે ખુદા તઆલાના હુકમ વગર★." (પા–૩)

જાણવા મળ્યું કે **હુકમ વગર શફાઅતનો એતેકાદ (રાખવો) શિર્ક** છે અને હુકમની સાથે અયન તૌહીદ છે. વળી જ્યારે એ અક઼ીદો હોય કે ફલાણી વ્યક્તિ અલ્લાહ તઆલાના હુકમ વગર કોઈ હાજત પૂરી કરી શકે છે, તો શિર્ક છે, અને **જો અલ્લાહ તઆલાના હુકમથી કરી શકે છે એ અક઼ીદો હોય તો શિર્ક ખતમ થઈ ગયું**

**હઝરત ઈસા علیہ السلامનું મુડદાંઓને જીવંત કરવું :** હઝરત ઈસા علیہ السلامએ જ્યારે ક઼ૌમની સામે રિસાલતની તાલીમ પેશ કરી તો તેઓને કહ્યું, مَنْ ذَا الَّذِیْ یَشْفَعُ عِنْدَهٗ اِلَّا بِاِذْنِهٖ "અને સાજા કરું છું આંધળા અને કોઢીઓને અને મુડદાને જીવંત કરું છું અલ્લાહના હુકમથી." *(પા–૩, સૂ. આલે ઈમરાન, આ–૪૯)*

તમે **જુઓ ! તંદુરસ્તી આપવી અને મુડદાને જીવંત કરવું એ અલ્લાહનું કામ છે, એ રીતે જોતાં તો હઝરત ઈસા علیہ السلامએ અલ્લાહ તઆલાના કામોનો દાવો કર્યો !** પરંતુ આપ આગળ

★ *અહીં એક ફાયદો બયાન ફર્માવી દીધો કે **દરેક વ્યક્તિને બારગાહે ઈલાહીમાં બોલવાની અને શફાઅતની તાક઼ત હશે નહીં. કેવળ તે જ શફાઅત કરશે જેને પરવરદિગારે આલમે હુકમ ફર્માવ્યો.** દર્શાવવાનું એ છે કે, હે કાફિરો તથા મુશ્રિકો ! ક઼યામતના દિવસે તો તે જ શફાઅત કરશે જેને ઈજાઝત હશે અને તમારાં તે બુતોને તો કોઈ ઈજાઝત નથી પછી તેમના પ્રત્યે આ બેકાર આશા કેમ બાંધીને બેઠા છો ? **"ઈલ્લા બિઈઝનિહ્"**થી સ્પષ્ટ કરી દીધું કે તે મહબૂબ તથા મક઼બૂલ ખુદાના બંદાઓ જરૂર શફાઅત કરશે જેઓને તેમના રબે ઈજાઝત ફર્માવી હશે. સૌથી પ્રથમ શફાઅત કરનાર અલ્લાહ તઆલાના મહબૂબ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ હશે. ત્યારબાદ અંબિયાએ કિરામ, અવલિયાએ કિરામ, ઉલમા, હાફિઝો અને શહીદો પણ શફાઅત કરશે.*

જણાવે છે, **બિઇઝનિલ્લાહ્** એટલે કે **હું જે કાંઈ કરું છું અલ્લાહના હુકમથી કરું છું.** પછી જ્યાં **અલ્લાહનો હુકમ આવી જાય તો શિર્ક ચાલ્યું જાય છે,** અને જ્યાં હુકમ ગયો તો તૌહીદ પણ ગઈ ! અને આ જ અલ્લાહના હુકમનું હોવું અને ન હોવું **તૌહીદ અને શિર્ક માટે પાયાનો મુદ્દો છે.**

**એક શંકાનું નિવારણ :** જો આજે કોઈ એમ કહે છે કે હું માદરઝાદ (પયદાઈશી) આંધળાઓને અલ્લાહના હુકમથી સાજા કરીશ અને જો કે તેને હુકમ નથી આપવામાં આવ્યો તો તેનું આ પ્રમાણે કહેવું શિર્ક ન થશે કેમ કે તેણે ખૂદ સાજા કરવાનો દાવો નથી કર્યો બલ્કે અલ્લાહના હુકમથી કરવાનું કહ્યું. પરંતુ હુકમ વિના હુકમનું કહેવું અલ્લાહ તઆલા પર આક્ષેપ કરવું જ છે અને એ ખુદા પર આક્ષેપ લગાડનાર જૂઠો કહેવાય શકે છે, તેને આપણે કાફિર તો કહી શકીએ છીએ પરંતુ મુશ્રિક નથી કહી શકતા.

હવે જો કોઈ અવલિયા અલ્લાહને અલ્લાહના હુકમથી હાજતરવા કહે તો શિર્ક તો ખતમ થઈ ગયું પરંતુ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે ખરેખર અલ્લાહ તઆલાએ તેઓને હુકમ આપ્યો છે ? જો હુકમ આપ્યો છે તો તેની શું દલીલ છે ?

આ પ્રશ્નમાં મુશ્રિકો તો બંને બાજુથી પીટાઈ ગયા કે એક તો અલ્લાહ તઆલાના હુકમ વગર તેમણે બુતોને હાજતરવા માન્યાં. બીજું એ કે જો તેઓ હુકમની સાથે હાજતરવા માનતા તો પણ અલ્લાહ તઆલાએ તેઓને હુકમ આપ્યો ન હતો, તો એ રીતે પણ પીટાઈ ગયા. એક તો એ કે તેઓ હાજતરવાઈના લાયક ન હતા અને તેઓને હાજતરવા માન્યા, બીજું એ કે અલ્લાહના હુકમના મોહતાજ પણ ન માન્યા. તેથી તેઓ કુફ્રમાં પણ સપડાયા અને શિર્કમાં પણ !

### ★ મો'મિન વલીને હાજતરવા માનવાથી મુશ્રિક નથી થતો ★

હવે આવો **મો'મિનની** તરફ કે તે **શિર્કથી પાક** છે, કેમ કે **તેમની પાસે અલ્લાહના હુકમની સાબિતી છે અને તેઓ અલ્લાહના હુકમથી હાજતરવા માને છે.** જોવાનું એ છે કે શું સાચે જ તેઓને (અવલિયા અલ્લાહને) હુકમ અલ્લાહે આપ્યો છે ? હવે ભય એ છે કે તેઓના પર કુફ્ર સાબિત ન થઈ જાય કેમ કે કુફ્ર પણ મુસીબત છે ! આપણે દર્શાવવાનું એ છે કે આપણા એ'તેકાદમાં ન શિર્કનો સાયો છે ન તો કુફ્રનો.

જુઓ ! હદીષે કુદ્સી છે : (અર્થ) : (હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે) અલ્લાહ તઆલાએ (પોતાના રસૂલે અકરમ ﷺની ઝબાને અક્દસ પર) ફર્માવ્યું કે, **જેણે મારા વલીની અદાવત કરી મારું તેની સાથે જંગનું એલાન છે,** અને જે ચીજોના ઝરીયે બંદો મારાથી નજીક થાય છે તેમાં સૌથી વધુ મહબૂબ ચીજ મારી નજીક ફર્ઝો છે. અને મારો બંદો નવાફિલના ઝરીયે મારી તરફ હમેશાં નઝદીકી હાંસલ કરતો રહે છે, એટલે સુધી કે હું તેને મારો મહબૂબ બનાવી લઉં છું. તો **જ્યારે હું તેને મારો મહબૂબ બનાવી લઉં છું તો હું તેનો કાન બની જાઉં છું જેના વડે તે સાંભળે છે, અને તેની આંખો બની જાઉં છું જેના વડે તે જુએ છે, અને તેના હાથ બની જાઉં છું જેના વડે તે પકડે છે, અને હું તેના પગો બની જાઉં છું જેના વડે તે ચાલે છે. જો તે મારાથી કાંઈક માંગે છે તો હું તેને જરૂર આપું છું અને જો તે મારાથી પનાહ માંગીને કોઈ બુરી ચીજથી બચવા ઈચ્છે તો હું તેને જરૂર બચાવું છું.** *(બુખારી શરીફ, ભાગ–૨, મિશ્કાત, ભાગ–૧)*

તો બંદો જ્યારે અલ્લાહ તઆલાનો કુર્બ (નઝદીકી) હાંસલ કરી લે છે તો અલ્લાહ તઆલાની સાંભળવા, જોવાની સિફતો અને કુદરતના અનવાર બંદાના સાંભળવા, જોવા અને કુદરત (શક્તિ)માં જાહેર થવા

લાગે છે. અને આ રીતે તે મુકર્રબ (નઝદીકી પામેલ) બંદો ઈલાહી સિફતોનો મઝહર (જાહેર થવાની જગા) બની જાય છે. એટલે કે એ બંદો અલ્લાહ તઆલાના નૂરે સમઅ (સાંભળવાની શક્તિના નૂર)થી સાંભળે છે, તેના જોવાની શક્તિ (દૃષ્ટિ શક્તિ)ના નૂર વડે જુએ છે, અને તેના કુદરતના નૂર દ્વારા તસર્રુફ કરે છે. ન ખુદા બંદામાં પ્રવેશ કરે છે ન બંદો ખુદા બની જાય છે. બલ્કે ખુદાનો એ મુકર્રબ બંદો ઈલાહી સિફતોનો મઝહર બનીને ઈન્સાનિયતના કમાલની તે મંઝિલ ઉપર પહોંચી જાય છે જેના માટે તેનું સર્જન થયું હતું. જો આપ વિચાર કરશો તો આપના ઉપર જાહેર થઈ જશે કે આયતે કરીમહ **وَمَا خَلَقْتُ الْجِنَّ وَ الْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنِ**નો અર્થ એ જ છે જેની સચ્ચાઈની સાબિતી આ મુકર્રબ બંદો છે. ઈબાદતનો અર્થ પાયમાલીનો છે. મુકર્રબ બંદો પોતાની ખૂદી અને સિફાતે (ઈન્સાની ગુણો)ને પોતાના રબની બારગાહમાં પાયમાલ એટલે કે રિયાઝત તથા મુજાહિદા દ્વારા તેને ફના કરી દે છે તો તેનો લાઝમી નતીજો (પરિણામ) એ થાય છે કે બંદામાં તેની બંદાપણાની સિફતોને બદલે હક્કની સિફતો તજલ્લી ફર્માવે છે અને ઈલાહી સિફતોના અન્વારથી તે બંદો મુનવ્વર (રોશન) થઈ જાય છે. **જ્યારે કુર્આનથી સાબિત છે કે ઝાડ પરથી "ઈન્ની અનલ્લાહ"નો અવાજ આવી શકે છે તો મુકર્રબ બંદા માટે એ કેવી રીતે અશક્ય છે કે અલ્લાહ તઆલાની સાંભળવા તથા જોવાની સિફતોનો મઝહર (જાહેર થવાની જગા) ન થઈ શકે ?**

**અલ્લામહ ઈમામ ફખુદ્દીન રાઝી** رحمۃ اللہ علیہ એ જ હદીષની તશરીહ કરતાં ઈર્શાદ ફર્માવે છે, (અર્થ) : "અને એ જ પ્રમાણે જ્યારે કોઈ બંદો નેકીઓ પર હમેશગી ઈખ્તિયાર કરી લે છે તો એ મકામ સુધી પહોંચી જાય છે જેના વિશે અલ્લાહ તઆલાએ **كُنْتُ لَهٗ سَمْعًا وَبَصَرًا** ફર્માવ્યું છે. જ્યારે અલ્લાહના જલાલનું નૂર તેની સમઅ (શ્રવણ શક્તિ) બની જાય છે તો તે દૂર તથા નજીકની અવાજોને સાંભળી લે છે અને જ્યારે એ જ નૂર તેની બસર (જોવાની શક્તિ) થઈ ગયું તો તે દૂર તથા નજીકની ચીજોને જોઈ લે છે. અને જ્યારે એ જ નૂરે જલાલ તેનો હાથ બની જાય તો એ બંદો મુશ્કેલ અને આસાન, દૂર અને નજીકની ચીજોમાં તસર્રુફ કરવા પર કાદિર થઈ જાય છે. *(તફસીરે કબીર)*

હદીષે કુદ્સીની શરહમાં **ઈમામ રાઝી** رحمۃ اللہ علیہએ મુકર્રબ બંદાની શાનમાં જે કાંઈ લખ્યું છે તે અબ્દ (બંદો) અને બશર (માનવ) સમજીને લખ્યું છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે આ રીતે તે આ'લા સિફતોનું તે બંદાના માટે માનવું તેની અબ્દિય્યત અને બશરિય્યત વિરુદ્ધ નથી. (સમઅ : શ્રવણ શક્તિ, બસર : બીનાઈ)

ઈન્સાનિયતનો કમાલ છે કે બંદો સિફાતે ખુદાવંદીનો મઝહર (ખુદાની ખૂબીઓનું ઉદ્ભવ સ્થાન) બની જાય. જ્યારે અલ્લાહ તઆલાની સિફતે સમઅની તજલ્લીઓ તેની સમઅ (શ્રવણ શક્તિ)માં ચમકવા લાગશે તો એ દરેક નજીક તથા દૂરની અવાજોને સાંભળી લેશે.

આ તેની ઝાતી સિફત (ખૂબી) નથી બલ્કે અલ્લાહ તઆલાની તજલ્લીનો સાયો છે, અક્સ છે, અને પડછાયો છે. પડછાયો અને અક્સ ગૈર મુસ્તકિલ હોય છે અને પડછાયાવાળો મુસ્તકિલ હોય છે. વળી અસલ તૌહીદ તો એ છે કે બંદો અલ્લાહ તઆલાનો એટલો કુર્બ હાંસલ કરે કે ખુદાની સિફતોનો આયનો બની જાય.

**ઈમામ રાઝી** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે અલ્લાહ તઆલાની બસર (જોવાની શક્તિ)નું નૂર જ્યારે તેની (બંદાની) બસર (દૃષ્ટિ શક્તિ) ના કલઈ થયેલ આયનામાં ચમકશે તો તે દરેક નજીક અને દૂરની ચીજને જોઈ લેશે.

જ્યારે અલ્લાહ તઆલાની કુદરતના નૂરના જલ્વા તેના હાથ પગો, દિલ અને દિમાગમાં જાહેર થશે તો તે દરેક આસન, દરેક મુશ્કેલ, દરેક દૂર તથા નજીકની ચીજ પર કાદિર (શક્તિમાન) થઈ જશે. હવે બતાવો કે જ્યારે મુશ્કેલી બંદાની કુદરતમાં થઈ ગઈ તો મુશ્કિલકુશા નહીં તો બીજુ શું છે ?

પણ સારી યાદ રાખો કે ખુદાનું મુશ્કિલકુશા હોવું ઝાતી છે અને બંદાનું મુશ્કિલકુશા હોવું અતાઈ છે. કેમ કે બંદો જો કોઈની કોઈ મુશ્કેલી હલ કરે છે અથવા હાજત પૂરી કરે છે તો અલ્લાહની આપેલી તાકત તથા અખ્તિયારથી કરે છે અને અલ્લાહ તઆલાના હુકમથી કરે છે.

તો પછી સ્પષ્ટ થઈ ગયું કે આપણો એ અકીદો શિર્કની તમામ જડોને કાપવાવાળો છે. **હવે બતાવો કે અયન તૌહીદને લોકો શિર્ક કહે છે તો પછી ઈસ્લામ શું હશે ?!**

પછી આ પહોંચ, ઈલ્મ, સઅમ અને બસર (સાંભળવા અને જોવાની શક્તિ) જે તે બારગાહે ઈલાહીના મુકર્રબ બંદાઓમાં જોવા મળે છે, અને જેનામાં દલીલ મૌજૂદ છે તેનામાં **આસાનથી આસાન કામ ઉપર પણ અવલિયા અલ્લાહની કુદરત સાબિત થઈ ગઈ** અને દલીલ કાયમ થઈ ગઈ અને **મુશ્કેલ તથા દૂરની ચીજો ઉપર પણ તેમની કુદરત સાબિત થઈ ગઈ કે એઓ નફો પહોંચાડવાવાળા છે** અને બારગાહે રબ્બુલ આલમીનમાં દુઆઓ કરીને રબને રાજી કરવાની લાયકાતો રાખવાવાળા છે, તેઓનામાં મુશ્કિલ કુશાઈની કુદરતો (શક્તિઓ) પણ છે, દૂરનું જોવાની કુદરતો પણ છે અને દૂરના અવાજને પણ સાંભળી શકે છે.

મક્કાના કાફિરો તો ખુદા પર એ બોહતાન બાંધતા હતા કે ખુદાએ તે પથ્થરો અને બુતોને ઈખ્તિયાર આપી રાખેલો છે અને હુકમ આપી દીધો છે, જો કે એવું ન હોતું. અને **જ્યારે આપણે તે અંબિયા અવલિયા પર હુકમની શરત લગાડી તો શિર્ક દૂર થઈ ગયું અને જ્યારે તેઓના ઈખ્તિયારને સાબિત કરી દીધા તો કુફ્ર પણ જતું હતું.** અલ્હમ્દુલિલ્લાહ ! આપણે અલ્લાહના હુકમનો એતેકાદ કરીને શિર્કથી પાક અને અંબિયા તથા અવલિયાના ઈખ્તિયારો સાબિત કરીને કુફ્રથી પણ પાક છીએ.

## ★ વહાબી દેવબંદી અસલમાં ખારજી છે ★

દારુલ ઉલૂમ કંથારીયા (તા. ભરૂચ)ના મોલ્વી ઈસ્માઈલ મનુબરી તથા ત્યાંના અન્ય મોલ્વીઓ સહિત સર્વ આ બાતિલ ફિર્કા દેવબંદી વહાબીઓની એ આદત છે કે **જે કુર્આની આયતો બુતો (મૂર્તિઓ)ના હક્કમાં આવી છે તેને મો'મિનો ઉપર ફીટ કરે છે.** આ રીતે ભોળાભાળા મુસલમાનોને ધોકો આપે છે. અહલે સુન્નતના ઉલમા થકી કુર્આન, હદીષ તથા બુઝુર્ગોના અકવાલ થકી **શિર્ક**ના આક્ષેપોના વારંવાર રદિયા તથા સ્પષ્ટતા છતાં ગુંગા બહેરા શૈતાન જેમ આ હઠધર્મીઓ એકને એક વાત વારંવાર છાપીને સાબિત કરી રહ્યા છે તેમનાં દિલો પર મોહર લાગી ગઈ છે.

બુખારી શરીફમાં છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما **ખારજી ગિરોહ**ને આખી મખ્લૂકથી બુરા જાણતા હતા. અને ફર્માવ્યું કે, તે લોકોએ (ખારજીઓએ) પોતાનો તરીકો એ બનાવી દીધો છે કે જે આયતો કાફિરો તથા મુશ્રિકોના માટે ઉતરેલી છે તેને મો'મિન પર ફીટ કરી દે છે. *(બુખારી શરીફ, ભાગ–૨)* તેમાંના જ આ લોકો પણ છે.

## ★ મોલ્વી મનુબરી પોતાના પેશ્વાઓને મુસલમાન સાબિત કરી બતાવે ? ★

ઉપરોક્ત લખાણથી કુર્આન હદીષની રોશનીમાં સ્પષ્ટ થયું કે નબી વલીને અલ્લાહની અતાથી હાઝિર નાઝિર, ઈખ્તિયારવાળા, ઈલ્મે ગયબવાળા, હાજતરવા, મુશ્કિલકુશા....વગેરે માનવું શિર્ક નથી. અને

અલ્હમ્દુલિલ્લાહ ! અમો અહલે સુન્નત તો ૧૪૦૦ ઉપરાંત વરસોથી નબી વલીના માટે અલ્લાહની અતાથી હાઝિર નાઝિર હોવું, ઈલ્મે ગયબવાળા હોવું, હાજતરવાં હોવું, ઈખ્તિયારવાળા હોવું, મુશ્કિલ કુશા હોવું માનીએ જ છીએ પણ તમારા નવા નીકળેલા **દેવબંદી ધર્મમાં આ બધું ''શિર્ક''** છે, તો હવે નીચેનો પ્રસંગ વાંચો ! **આ કિતાબ તમારા જ પેશવાની લખેલી છે તેમાં કેટલી વાતો શિર્ક છે તે ગણી લો** અને તેમાં સામેલ લોકોને મુશ્રિક કહી આપો ! અથવા તમે સૂચવેલ કાયદાનુસાર તેમને મુસલમાન સાબિત કરી બતાવો !

### ★ મરણ પછી કાસિમ નાનોત્વીનું સદેહે દેવબંદના મદ્રસામાં આગમન ★

કારી તૈયબ મોહતમીમ દારુલ ઉલૂમ દેવબંદનું બયાન છે કે, જે જમાનામાં મૌલ્વી રફીઉદ્દીન સાહબ દારુલ ઉલૂમ દેવબંદના મોહતમીમ હતા, ત્યારે દારુલ ઉલૂમના અમુક મુદર્રિસો દરમિયાન એક બીજા સાથે ખેંચતાણ છેડાઈ હતી. આગળ જતાં મદ્રસાના સદર મુદર્રિસ મૌલાના મહમૂદુલ હસન સાહેબ પેલા હંગામામાં (મૌલ્વીઓના) ભળી ગયા અને ઝઘડો લંબાયો. હવે એ પછીનો વાકેઓ (પ્રસંગ) કારી તૈયબની જબાનથી સાંભળો :–

તેઓ લખે છે કે, ''એ જ સમયમાં એક દિવસ વહેલી સવારે ફજરની નમાઝ પછી મૌલાના રફીઉદ્દીન સાહેબે મૌલાના મહમૂદુલ હસન સાહબને પોતાના હુજરામાં (જે દારૂલ ઉલૂમ દેવબંદમાં છે) બોલાવ્યા. મૌલાના હાજર થયા અને બંધ હુજરાના બારણાં ઉઘાડી અંદર ગયા. સખત ઠંડીની મોસમ હતી. મૌલાના રફીઉદ્દીન સાહેબે ફર્માવ્યું કે, પ્રથમ મારો આ રૂ નો પોષાક જોઈ લો, જોયું તો તર(ભીનો), અને ઘણો ભીગી ગયો હતો ! ફર્માવ્યું : બનાવ એ છે કે હમણા હમણા મૌલાના નાનોત્વી.... જાહેરી શરીર સાથે મારી પાસે તશરીફ લાવ્યા હતા જેથી હું પરસેવામાં તરબોળ થઈ ગયો અને મારો પોષાક પણ તરબોળ થઈ ગયો, અને એમ કહ્યું કે, મહમૂદ હસનને કહી દો કે તે આ ઝઘડામાં ન પડે. બસ ! મેં આ કહેવા માટે તમને બોલાવ્યા. મૌલાના મહમૂદ હસન સાહબે અર્ઝ કરી કે, હઝરત ! હું આપના હાથ પર તૌબા કરુ ં છું કે, આ પછી હું આ કિસ્સામાં કાંઈ બોલીશ નહીં'' *(''અરવાહે ષલાષા'' નવુ નામ ''હિકાયાતે અવલિયા'' બહવાલા ઝલઝલા)*

**દેવબંદી મોલ્વીના લખેલ આ પ્રસંગમાં શિર્કો કેટલાં ?! :** (૧) દેવબંદી પેશવા કાસિમ નાનોત્વીને કબ્રમાં ખબર પડી ગઈ કે દારુલ ઉલૂમ દેવબંદમાં મુદર્રિસો લડી રહ્યા છે. (૨) કબ્રમાં ખબર પડી કે કોણ કોણ લડે છે ? (૩) મહમૂદુલ હસન પણ ઝઘડામાં પડયા....આ સૌ ''ઈલ્મે ગયબ'' નથી તો શું છે ? (૪) કબ્રમાં કેટલાય મણ માટીની નીચેથી ઉઠીને દારુલ ઉલૂમ દેવબંદમાં ચાલ્યા આવ્યા ! મૌલાના રફીઉદ્દીનને મળીને જરૂરી હુકમ આપી જતા રહ્યા ! આ ઈખ્તિયાર તથા તસર્રુફ નથી તો શું છે ? (૫) અને બંને મૌલાના (રફીઉદ્દીન તથા મેહમૂદ)એ એ વાતને માન્ય રાખી અને સાચી જાણી અને મૌલાના મહમૂદ હસને મરનાર કાસિમ નાનોત્વીની વાત માનીને ઝઘડાથી તૌબા કરી લીધી ! અને આ વાત કિતાબમાં છાપનારા પણ દેવબંદીઓ જ છે ! તો કાસિમ નાનોત્વીને માટે ઈલ્મે ગયબ, ઈખ્તિયાર, મદદે પહોંચવું, નફો નુકસાન થવું આ બધું જ તો ઈસ્માઈલ મનુબરી તથા તેમના ચેલાઓ દેવબંદી ''નર્યુ શિર્ક'' માને છે જેથી એમના જ કાયદાનુસાર આ પ્રસંગ વર્ણવનારા તથા સાચો માની તેના પ્રમાણે અમલ કરનારા, તેના છાપનારા સૌ દેવબંદી મોલ્વીઓ મુશ્રિક થયા. અને **મોલ્વી મનુબરી હજી એમને પોતાના પેશવા જાણે છે જેથી એ પોતે મુશ્રિકોને તથા કાયમી જહન્નમીઓને મુસલમાન માની પોતે પણ ઈસ્લામથી બહાર થઈ ગયા કે નહીં ?! અને કાયમની જહન્નમમાં સપડાયા કે નહીં ?!**

### ★ દેવબંદી મોલ્વી નાનોત્વીના ખાદિમનો ઈલ્મે ગયબ ★

દેવબંદી મૌલ્વી મનાઝિર અહસન ગીલાનીએ પોતાની કિતાબ ''સવાનેહે ક઼ાસિમી'' માં નાનોત્વીના એક ખાદિમ દીવાનજીનો પ્રસંગ નકલ કર્યો છે :–

લખ્યું છે કે, '' દીવાનજી સાહિબે નિસ્બત બુઝુર્ગ હતા. પોતાના મકાનના હુજરામાં ઝિક્ર કર્યા કરતા. મૌલાના હબીબુર્રહમાન સાહેબ ભૂતપૂર્વ મોહતમીમ દારુલ ઉલૂમ દેવબંદ ફર્માવ્યા કરતા હતા કે, તે જમાનામાં દીવાનજીની કશ્ફી હાલત એટલી વધેલી હતી કે બહાર સડક પર આવ જા કરનાર દેખાતા રહેતા. દરો દીવારના પડદા તેમના ઝિક્ર વેળા આડે આવતા નહીં !'' *(હાશિયા સવાનેહે ક઼ાસિમી, જિલ્દ–ર, બહવાલા ઝલઝલા)*

સુબ્હાનલ્લાહ ! જોઈ રહ્યા છો આપ ! મૌલ્વી ક઼ાસિમ નાનોત્વીના એક ઘરેલું ખાદિમના કશ્ફની હાલત કે **માટીની દિવાલો સ્પષ્ટ ગ્લાસ જેમ તેમના પર રોશન રહ્યા કરતી** હતી ! છતાં બુધ્ધિ અને એતેક઼ાદની ગુમરાહી પર સદ્ અફસોસ કે **તે હઝરાતને ત્યાં માટીની એ જ દીવાલ સરકારે દો જહાં ﷺની નિગાહ પર પડદા બનીને આડ રહેતી હતી** ! જેમ કે દેવબંદી જમાઅતના વિશ્વાસુ મુનાઝિર મૌલ્વી મંઝૂર સાહબ નોઅમાની લખે છે : ''જો હુઝૂરને દીવાલની પાછળની બધી વાતો માલૂમ થઈ જયા કરતી તો હઝરત બિલાલથી (દરવાજા પર ઉભેલી ઔરતનું) નામ લઈ પૂછપરછ કરવાની શું જરૂરત હતી ?'' (એનો અમે જવાબ આપી શકીએ છીએ પણ અહીં એનો અવકાશ નથી.)

તમે જ ફેંસલો કરો કે, **જે દીવાલના પડદા દિવાનજીના દરમિયાનમાંથી ઉઠી ગયા હતા તે જ દીવાલના પડદા હવે રસૂલે અકરમ ﷺના માટે આડ બન્યા** ! હવે આથી વધીને અદાવતે રસૂલનો કયો નમૂનો પેશ થઈ શકે !!! આવા તો ઘણા પ્રસંગો દેવબંદી પેશવાઓના ઈલ્મે ગયબ, ઈખ્તિયાર, હાઝિર નાઝિર હોવાના, હાજત રવાઈ કરવાના, માના પેટમાં શું છે ? તે જણાવી દેવાના તેમની જ કિતાબોમાં મૌજૂદ છે, જે સૌ વાતો તેમના ધર્મમાં શિર્ક છે ! પણ એ સૌ શિર્કને તેઓ પોતાના મોલ્વીઓને કમાલવાળા દર્શાવવા માટે હજમ કરી ગયા છે !

મુસલમાનો ! સાવધાન ! ૧૪૦૦ વરસથી ચાલ્યા આવતા **અહલે સુન્નતના બુઝુર્ગો વિરુદ્ધ અક઼ીદા રાખનારા** આ ગુમરાહોને ઓળખી લો ! લોકોને ધોકો આપવા પોતાના માસિક ''દારુલ ઉલૂમ''ના ટાઈટલ પર ''અહલે સુન્નત વ જમાઅતનું તર્જુમાન'' એવું તેઓ લખે છે, તો તેનાથી છેતરાશો નહીં. હે સુન્નીઓ ! તમારામાં ઈમાની ગૈરત હોય તો હવે તો સમજો ! અને આ બદ્અક઼ીદા વહાબી દેવબંદીઓથી સગાઈ સંબંધ તોડો, દોસ્તી, ઉઠક બેઠક ખત્મ કરો તથા તેમનું ઝબહ કરેલુ, વેચેલું, રાંધેલુ મટન મુરદારના હુકમમાં છે, તેને ન ખાવ, અને તમારા તથા તમારી ઔલાદના ઈમાનની હિફાઝત કરો.

*[વધુ જાણકારી માટે અમારે ત્યાંથી કિતાબો મંગાવો : હક્ક઼ નાહક્ક઼ની પેહચાન, જાઅલ હક્ક઼, રહનુમાએ હક્ક઼, તથા સાચા કોણ ? પેમ્પલેટ વગેરે]*


અનમોલ કિતાબ મંગાવો

**માહે રમઝાન કૈસે ગુઝારેં ?** (ભાષા : ઉર્દૂ બોલી ગુજરાતી લિપીમાં)

લેખક : **મૌલાના મુહમ્મદ શાકિર નૂરી** (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી) પેજીસ : ૧૪૮, કિંમત : **ફક્ત રૂા. ૩૦/–**

પ્રકાશક : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા) **C/o.** ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧, રમઝાન શરીફની, રોઝાની ફઝીલત, સર્વ મસાઈલ, હુઝૂર ﷺ તથા સહાબા કઈ રીતે રમઝાન પસાર કરતા હતા, તરાવીહ, ઝકાત, ફિત્રા, શબે ક઼દ્ર, ઈદ વગેરેનું વર્ણન તેમજ અંતમાં હઝરત અલી, હઝરત ખદીજા, હઝરત આઈશા, હઝરત ફાતિમા ઝહરા رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن ના જીવન ચરિત્રનું વર્ણન સમાવતી દા'વતી અંદાઝમાં મધૂર શબ્દોમાં લખાયેલ કિતાબ આજે જ પ્રકાશકના સરનામે **રૂા. ૩૦/– M.O.** કરીને મંગાવો.

કાર્યાલય

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહની તફસીર

يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوا
اتَّقُوا اللّٰهَ وَ ذَرُوۡا مَا بَقِىَ مِنَ الرِّبٰٓوا اِنۡ كُنۡتُمۡ
مُّؤۡمِنِيۡنَ ﴿۲۷۸﴾ فَاِنۡ لَّمۡ تَفۡعَلُوۡا فَاۡذَنُوۡا بِحَرۡبٍ مِّنَ
اللّٰهِ وَرَسُوۡلِهٖ ۚ وَاِنۡ تُبۡتُمۡ فَلَكُمۡ رُءُوۡسُ اَمۡوَالِكُمۡ ۚ
لَا تَظۡلِمُوۡنَ وَ لَا تُظۡلَمُوۡنَ ﴿۲۷۹﴾ وَاِنۡ كَانَ ذُوۡ
عُسۡرَةٍ فَنَظِرَةٌ اِلٰى مَيۡسَرَةٍ ؕ وَاَنۡ تَصَدَّقُوۡا خَيۡرٌ
لَّكُمۡ اِنۡ كُنۡتُمۡ تَعۡلَمُوۡنَ ﴿۲۸۰﴾ وَاتَّقُوۡا يَوۡمًا تُرۡجَعُوۡنَ
فِيۡهِ اِلَى اللّٰهِ ۖ ثُمَّ تُوَفّٰى كُلُّ نَفۡسٍ مَّا كَسَبَتۡ
وَهُمۡ لَا يُظۡلَمُوۡنَ ﴿۲۸۱﴾ يٰۤاَيُّهَا الَّذِيۡنَ اٰمَنُوۡۤا اِذَا
تَدَايَنۡتُمۡ بِدَيۡنٍ اِلٰٓى اَجَلٍ مُّسَمًّى فَاكۡتُبُوۡهُ ؕ
وَلۡيَكۡتُبْ بَّيۡنَكُمۡ كَاتِبٌ ۢ بِالۡعَدۡلِ ۚ وَلَا يَاۡبَ
كَاتِبٌ اَنۡ يَّكۡتُبَ كَمَا عَلَّمَهُ اللّٰهُ فَلۡيَكۡتُبۡ ۚ وَلۡيُمۡلِلِ
الَّذِىۡ عَلَيۡهِ الۡحَـقُّ وَلۡيَتَّقِ اللّٰهَ رَبَّهٗ وَلَا يَبۡخَسۡ
مِنۡهُ شَيۡـًٔا ؕ فَاِنۡ كَانَ الَّذِىۡ عَلَيۡهِ الۡحَـقُّ سَفِيۡهًا
اَوۡ ضَعِيۡفًا اَوۡ لَا يَسۡتَطِيۡعُ اَنۡ يُّمِلَّ هُوَ فَلۡيُمۡلِلۡ
وَلِيُّهٗ بِالۡعَدۡلِ ؕ وَاسۡتَشۡهِدُوۡا شَهِيۡدَيۡنِ مِنۡ
رِّجَالِكُمۡ ۚ فَاِنۡ لَّمۡ يَكُوۡنَا رَجُلَيۡنِ فَرَجُلٌ وَّامۡرَاَتٰنِ
مِمَّنۡ تَرۡضَوۡنَ مِنَ الشُّهَدَآءِ اَنۡ تَضِلَّ اِحۡدٰٮهُمَا
فَتُذَكِّرَ اِحۡدٰٮهُمَا الۡاُخۡرٰى ؕ وَلَا يَاۡبَ الشُّهَدَآءُ اِذَا
مَا دُعُوۡا ؕ وَلَا تَسۡـَٔمُوۡۤا اَنۡ تَكۡتُبُوۡهُ صَغِيۡرًا اَوۡ كَبِيۡرًا
اِلٰٓى اَجَلِهٖ ؕ ذٰلِكُمۡ اَقۡسَطُ عِنۡدَ اللّٰهِ وَاَقۡوَمُ لِلشَّهَادَةِ
وَاَدۡنٰۤى اَلَّا تَرۡتَابُوۡۤا اِلَّاۤ اَنۡ تَكُوۡنَ تِجَارَةً
حَاضِرَةً تُدِيۡرُوۡنَهَا بَيۡنَكُمۡ فَلَيۡسَ عَلَيۡكُمۡ
جُنَاحٌ اَلَّا تَكۡتُبُوۡهَا ؕ

### ત.....ર્જુ.....મો.....

હે ઈમાનવાળાઓ ! ડરો અલ્લાહથી ! અને છોડી આપો જે બાકી રહી ગયું છે વ્યાજથી જો તમે (સાચા દિલથી) ઈમાનદાર હોઉ. અને જો તમે એવું ન કર્યુ તો એલાને જંગ સાંભળી લો[૩૭૭] અલ્લાહ તથા તેના રસૂલના તરફથી. અને જો તમે તૌબા કરી લો તો તમને (મળી જશે) મૂળ માલ. ન તમે જુલ્મ કરો અને ન તમારા પર જુલ્મ કરવામાં આવે. અને જો કરજદાર તંગદસ્ત હોય[૩૭૮] તો મોહલત આપો તેને ખુશહાલ થતા સુધી અને માફ કરી દેવું તેને (કરજ) ઘણુ જ બેહતર છે તમારા માટે જો તમે જાણતા હોઉ. અને ડરતા રહો તે દિવસથી પરત કરવામાં આવશે જેમાં અલ્લાહની તરફ પછી પૂરે પૂરું આપી દેવામાં આવશે દરેક નફ્સ (જીવ)ને જે તેણે કમાયું છે અને એમના પર જબરદસ્તી કરવામાં નહીં આવે. હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે એકબીજાને કરજ આપો[૩૭૯] નિશ્ચિત મુદત સુધી તો લખી લીધા કરો તેને, અને જોઈએ કે લખે તમારા દરમ્યાન લખનારો[૩૮૦] ઈન્સાફથી અને ન ઈન્કાર કરે લખનાર[૩૮૧] લખવાથી જે રીતે શીખવાડયુ છે તેને અલ્લાહે તો એ પણ લખી આપે, અને લખાવે તે શખ્સ જેના માથે હક્ક (કરજો) છે, અને ડરે અલ્લાહથી જે એનો પરવરદિગાર છે, અને ન કમી કરે એમાંથી રજ માત્ર. પછી જો તે શખ્સ જેના પર કરજ છે મૂર્ખ હોય અથવા કમજોર હોય અથવા એની શક્તિ ન ધરાવતો હોય કે ખૂદ લખાવી શકે તો લખાવે એને વલી (સરપરસ્ત) ઈન્સાફથી. અને બનાવી

લીધા કરો[૩૮૨] બે ગવાહ પોતાના મરદોમાંથી, અને ન હોય બે પુરૂષો તો એક પુરૂષ અને બે સ્ત્રીઓ એ લોકોમાંથી જેમને પસંદ કરો છો તમે (પોતાના માટે) ગવાહ જેથી ભૂલી જાય એક સ્ત્રી તો યાદ કરાવે (તે) એકબીજાને. અને ન ઈન્કાર કરે ગવાહ જ્યારે તેમને બોલવવામાં આવે. અને ન ઉકતાયા કરો તેને લખવાથી ચાહે (કરજની રકમ) થોડી હોય કે વધુ એની મુદ્દત સુધી. આ લખાણ ન્યાય સ્થાપિત કરવા માટે ખૂબ જ લાભકારક છે અલ્લાહની નજીક અને ખૂબ જ મેહફૂઝ રાખનારી છે ગવાહીને અને આસાન તરીક઼ો છે તમને શકથી બચાવવાનો પણ એ કે સોદો હાથો હાથ થાય જેનું તમે લેણ દેણ કરો આપસમાં કરો (આ સ્થિતિમાં) નથી તમારા પર કોઈ વાંધો જો ન પણ લખો તેને.

## તફસીર...............

**૩૭૭.** વ્યાજના સંસ્કારિક, સામાજિક તથા આર્થિક ન ભરપાઈ કરી શકાય તેવાં નુકસાનોને કારણે એના હરામ હોવાને એટલા સખત અંદાઝમાં વર્ણન કરવામાં આવ્યું જેનું દષ્ટાંત નથી. આદેશ છે કે **જે આ હુકમો પછી પણ વ્યાજ લેવાની હિંમત કરશે તેની વિરૂધ્ધ અલ્લાહ તઆલા તથા રસૂલુલ્લાહ ﷺનું એલાને જંગ છે !**

**૩૭૮.** અખ્લાક઼ (સંસ્કાર)ની ખૂબીઓનો એક અધિક સબક છે કે જે ક઼ૌમ આવા સંસ્કારિક બંધારણની પાબંદ હોય તેના ગરીબ તથા અમીર લોકોમાં હસદ તથા દુશ્મનીની આગ નથી ભડકી શકતી અને તેઓ ખૂની ક્રાંતિ ખડી નથી કરી શકતા જેનાથી આજે આખુ જગત કાંપી રહ્યું છે. કાશ ! મુસલમાનો પોતાના ફર્ઝને ઓળખે અને આ અખ્લાક઼ી ઉસૂલો (સંસ્કારિક નિયમો)ને અપનાવવાની કોશિશ કરે.

**૩૭૯.** કુર્આને કરીમની આ સૌથી લાંબી આયત છે અને એમાં મુઆમલાત (વહેવાર)ના ઘણા બધા શરઈ હુકમો વિસ્તારપૂર્વક વર્ણન કરવામાં આવ્યા છે. પ્રથમ હુકમ તો એ છે કે જ્યારે ઉધારની લેણ દેણ કરો તો જરૂર લખી લીધા કરો, કેમ કે ઘણીવાર માણસ પ્રથમ લખતાં શરમાય છે પરંતુ બાદમાં જાત જાતની ગલતફહમીઓ તથા બહષો ઉભી થઈ જાય છે અને લડાઈ ઝઘડા તથા કોર્ટ કચેરી સુધી વાત પહોંચે છે, અને આપસના સંબંધો કાયમ માટે તંગ થઈ જાય છે. પરંતુ જો મામલાની સંપૂર્ણ વિગત એટલે કે (કરજની) માત્રા, પ્રકાર તથા અદા કરવાનો નિશ્ચિત સમય લખી લેવામાં આવે તો પછી આ ખરાબીઓથી છૂટકારો મળી જાય છે. ફિક઼્હી બોલીમાં ભલે એને વાજિબ ન કહેવામાં આવે પરંતુ એના મહત્વ તથા ફાયદાઓથી કોઈને ઈન્કાર નથી. હુઝૂરે અકરમ ﷺથી રિવાયત થયેલ છે કે, "જે શખ્સ લખાણ નથી કરતો અને તેનો હક્ક઼ જતો રહે તો તેને કોઈ બદલો મળશે નહીં, અને જો તેણે પોતાનો હક્ક઼ મારી ખાનાર માટે બદદુઆ કરી તો તે પણ ક઼બૂલ થશે નહીં, કેમ કે તેણે અલ્લાહ તઆલાના આ ઉઘાડા આદેશનું પાલન નથી કર્યું." *(અહકામુલ કુર્આન)*

**૩૮૦.** એટલે કે જે વ્યક્તિ લખાણનું કાર્ય કરે તેણે એવું લખાણ લખવું જોઈએ જે દરેક પ્રકારની ગોળ ગોળ વાત તથા પ્રપંચથી પાક હોય, દ્વિઅર્થી શબ્દ પ્રયોગથી બચે અને એ સર્વ શરતોનો લેહાઝ રાખે જે શરીઅતે એ ક઼રારના સહીહપણા માટે નિશ્ચિત કરેલ છે. એટલા માટે ફક઼ીહોએ ફર્માવ્યું કે ક઼રાર લખનાર એવો શખ્સ હોવો જોઈએ જેને આ શર્તો તથા નિયમોનો પૂરેપૂરો ઈલ્મ હોય કે બંને પક્ષોના મક઼સદની સાચી રજૂઆત કરી શકે.

**૩૮૧.** જો એક શખ્સ સિવાય કોઈ બીજો માણસ ક઼રાર લખનાર ન હોય તો એ શખ્સ પર જરૂરી છે કે તે લખવાથી ઈન્કાર ન કરે અને ફુક઼હાએ કિરામે સ્પષ્ટતા કરી છે કે ક઼રાર લખનારને મજૂરી લેવાની શરીઅતની રૂએ ઈજાઝત છે.

**૩૮૨.** લખાણ સાથે ગવાહ નિયુક્ત કરવાનો પણ હુકમ આપ્યો જેથી મામલામાં કોઈ વખતે પણ ગરબડ પેદા ન થાય. ગવાહીના વિગતવાર હુકમો ફિક઼્હની કિતાબોમાં જુઓ.

**હદીષ** : હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہ થી રિવાયત છે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે શૈતાન માણસનો વરૂ છે, જેવી રીતે બકરીઓનો વરૂ એક તથા દૂર તથા કિનારાવાળીને પકડે છે.[૧] તમે ઘાટીઓથી બચો[૨] મુસલમાનોની જમાઅત તથા અવામને લાઝમી રીતે પકડો.[3] (અહમદ) હઝરત અબૂ ઝર رضی اللہ عنہ ફર્માવે છે, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જે જમાઅતથી વહેંત જેટલો છૂટો પડયો તેણે ઈસ્લામની રસ્સી પોતાની ગરદનથી ઉતારી નાખી.[૪] (અહમદ તથા અબૂ દાઊદ) હઝરત માલિક ઈબ્ને અનસથી મુરસલ રિવાયત છે,[૫] રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, મેં તમારા દરમ્યાન **બે ચીજો છોડી** છે, જ્યાં સુધી એને મજબૂતીથી પકડી રાખશો તો ગુમરાહ થશો નહીં, (એક) અલ્લાહની **કિતાબ** અને (બીજી) તેના પયગંબરની **સુન્નત.**[૫] આ રિવાયત મોઅત્તામાં છે.

## સ....મ....જૂ....તી....

**૧.** شاذ તે બકરી છે જે પોતાની સમજાતિથી નફરત કરતી થઈને તથા ધણ (ટોળા)થી દૂર રહે છે. કાસિયહ (**قاصيه**) તે જે નફરત કરતી તો ન હોય પણ ચરવાના માટે ધણ (ટોળા)થી અલગ થઈ જાય. નાજિયહ્ (**ناجيه**) તે જે ધણથી અલગ તો ન થાય પણ કિનારે કિનારે ચાલે. સરખામણી આપવાનો ખુલાસો એ છે કે દુનિયા એક જંગલ છે જેમાં આપણે લોકો બકરીઓ સમાન છીએ, શૈતાન વરૂ છે જે દરેક સમયે આપણી તાકમાં છે. જે મુસલમાનોની જમાઅતથી અલગ રહ્યો તે શૈતાનના શિકારમાં આવી ગયો.

**૨.** શઆબ એ શઅબા (**شعاب شعبةٌ**)નું બહુવચન છે, બે પહાડોની વચ્ચેના સાંકડા રસ્તાને ઘાટી (શઅબા) કહે છે જ્યાં કીડા, મકોડા, ડાકૂઓ, ચોરો બલ્કે જિન્નાતનો પણ ખતરો રહે છે. અહીં મુસલમાનોના તે ફિર્કા મુરાદ છે જેઓ અહલે સુન્નત વ જમાઅતની વિરૂધ્ધ છે.

**3.** એટલે એ અકીદા અપનાવી લો જે આમ મુસલમાનોના હોય કેમ કે એ જ જમાઅતમાં અવલિયા અલ્લાહ પણ છે. જૂઠી જમાઅતો તથા ફિર્કાઓથી અલગ રહો. એની તફસીર આગળ વર્ણન થઈ ચૂકેલી હદીષ છે કે મોટી જમાઅત (ગિરોહ)નું અનુસરણ કરો, અને તે હદીષ જેને મુસલમાન સારું સમજે તે અલ્લાહની નજીક પણ સારું છે. અલ્હમ્દુલિલ્લાહ ! હમેશાંથી અહલે સુન્નતની બહુમતિ રહી અને હજી છે. આમ મુસલમાનો મુકલ્લિદ છે, બુઝુર્ગોના અકીદતમંદ છે, મીલાદ શરીફ, ફાતિહાને સારું જાણે છે. તેમના સિવાય સર્વ જમાઅતો મળીને પણ અહલે સુન્નતથી અડધી પણ નથી, જેથી અહલે સુન્નત જ બરહક્ક છે. જે એનાથી હટશે તે શૈતાનનો શિકાર થશે. તેની તફસીર અગાઉ પણ વર્ણન થઈ ચૂકી.

**૪.** એટલે કે જે એક ક્ષણ માટે અહલે સુન્નતના અકીદાથી અલગ થયો, અથવા કોઈ મામૂલી અકીદામાં પણ તેનો વિરોધી થયો તો ભાવિમાં તેના ઈસ્લામનો ખતરો છે. બકરી તે જ મેહફૂઝ રહે છે જે ખીલા સાથે બંધાયેલી હોય, માલિકના બંધનથી આઝાદ થઈ જવું એ બકરીની મૌત છે. મુસલમાનોની જમાઅત નબી કરીમ صلی اللہ علیہ وسلم ની રસ્સી છે જેમાં દરેક સુન્ની બંધાયેલો છે. **એવું ન સમજો કે ફર્ઝનો**

**ઈન્કાર જ ખતરનાક છે બલ્કે કદી કદી મુસ્તહબનો ઈન્કાર પણ તબાહીનો સબબ બની જાય છે.** સૈયદના અબ્દુલ્લાહ બિન સલામ رضی اللہ عنہ એ કેવળ ઊંટના ગોશ્તથી બચવા ચાહ્યું હતું, તો રબ તઆલાએ ફર્માવ્યું :

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا ادْخُلُوا فِي السِّلْمِ كَافَّةً وَلَا تَتَّبِعُوا خُطُوَاتِ الشَّيْطَانِ

"હે ઈમાનવાળાઓ ! ઈસ્લામમાં પૂર્ણપણે દાખલ થઈ જાવ અને શૈતાનના કદમો પર ન ચાલો, બેશક ! તે તમારો ઉઘાડો દુશ્મન છે." *(સૂ. બક્રહ, આ. ૨૦૮)*

**૫.** મુહદ્દિષોની નજીક મુરસલ તે હદીષ છે જેમાં સહાબીનો ઉલ્લેખ ન હોય, તાબઈ એવું કહી આપે કે હુઝૂરે ફર્માવ્યું. પણ ફક઼ીહોની નજીક તે હદીષ પણ મુરસલ છે જેમાં તાબઈ તથા સહાબી બંનેવ છૂટી ગયા હોય, તબેઅ તાબઈ કહી આપે કે હુઝૂરે આવું ફર્માવ્યું. અહીં ફિક઼્હી મુરસલ મુરાદ છે કેમ કે ઈમામ માલિક તાબઈ નથી તબેઅ તાબઈ છે, તે ફર્માવે છે હુઝૂરે આ ઈર્શાદ ફર્માવ્યો.

**૬.** "કિતાબુલ્લાહ"થી કુર્આને કરીમની ગૈરમન્સૂખ આયતો મુરાદ છે. "સુન્નત"થી તે હદીષો મુરાદ છે જે ઉમ્મતના માટે અમલને પાત્ર છે. મન્સૂખ આયતો તથા હદીષો અને એ જ પ્રમાણે હુઝૂરની વિશિષ્ટતાઓ (ખુસૂસિયાત) પર અમલ અશક્ય છે. આ હદીષથી જાણવા મળ્યું કે દીનના મૂળ ઉસૂલ કુર્આન તથા સુન્નત છે. કેમ કે હુઝૂરના જમાનામાં ઈજમાઅ અશક્ય હતો અને મુજતહિદોનો ક઼યાસ કિતાબ તથા સુન્નતથી મુલ્હિક઼ (સંકલિત) છે કે જો આયત પર ક઼યાસ છે તો તે ક઼યાસ કુર્આનથી મુલ્હિક઼ અને જો સુન્નત પર છે તો સુન્નતથી મુલ્હિક઼ છે, એટલા માટે એ બંનેવનો અહીં ઉલ્લેખ ન થયો તેમજ **ઈમામોની તક઼લીદ કિતાબ તથા સુન્નતને સમજવાના માટે છે, તેમને છોડવાના માટે નથી.** જેથી આ હદીષ ગૈર મુક઼લ્લિદોની દલીલ નથી બની શકતી. જ્યારે તેઓ હદીષ સમજવા માટે ઈલ્મે સરફ, નહ્વ, લુગત તથા અદબથી મદદ લે છે તો જો આપણે પણ તેના માટે ફિક઼્હથી મદદ લઈએ તો શું વાંધો છે ? એની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ **જાઅલ હક઼્ક઼ (ભાગ-૧)**માં જુઓ. (જાઅલ હક઼્ક઼ **દયાદરા** ગુજરાતીમાં મળે છે.)

પેજ નં. ૩૭ નું ચાલુ...

ગુનાહનું કામ કરતો ન હોય. મતલબ કે ખુલ્લમ ખુલ્લા શરીઅતની વિરૂધ્ધ વાતો કરવી, બાજમાઅત નમાઝ તથા ઈસ્લામના અન્ય અરકાનોની પાબંદી ન કરવી, જૂઠ, ગીબત, દાઢી મૂંડાવવી અથવા મુટ્ઠીથી કમ કતરાવવી, જાહેરમાં ફોટા પડાવવાનો આદી ન હોય, ટી.વી. પર સિરીયલો, પિક્ચરો, રમતો વગેરે જોતો ન હોય, બેપર્દા નામહરમ સ્ત્રીઓને સામે બેસાડનાર તથા હાથ ચૂમાડનાર, વહાબી દેવબંદીઓ સાથે મેળમેળાપ, ઉઠક બેઠક રાખનાર.....વગેરે કામો કરતો ન હોય." **ફાસિક઼** તથા **ફાજિર** તો તે છે **જેની સાક્ષી (ગવાહી) સુધ્ધાં શરીઅતે માન્ય નથી** રાખી તેમજ નમાઝમાં તે **ઈમામ નથી બની શકતો** તો પછી દીની બાબતમાં એ તમારો **પીર કઈ રીતના થઈ શકે છે ?!**

**(૪) હુઝૂર ﷺ સુધી સિલસિલાનો ક્રમ જોડાયલો હોય,** એટલે કે તમારા પીરથી લઈને હુઝૂર ﷺ સુધી શજરાના ક્રમમાં જેટલા પણ પીરો છે તે બધા શરતો મુજબ હોય. એમનામાંથી કોઈ એક પણ જો શરતો મુજબનો પીર (એટલે આ ચાર શરતોવાળો) નથી તો સિલસિલો (ક્રમ) જોડાયેલો રહેશે નહીં. કોઈ એક પણ શરતો મુજબ ન હોવાના કારણે ક્રમ તૂટી જશે અને ઉપરથી આવતા ફયઝ તથા બરકતોથી પણ વંચિત રહેવું પડશે. **એટલા માટે, હે લોકો ! સાવધાન ! થઈ જાવ કે કોઈના હાથમાં હાથ આપતાં પહેલાં પીરની સારી રીતે તપાસ કરી લો, કે એ પીરમાં ચારેય શરતો સમાયેલી છે કે નહીં ?! જો સમાયેલી હોય તો ઠીક, નહીં તો કોઈ બીજા શરતો મુજબના પીરની શોધ કરો.** *(ઈલ્મે દીનનું મહત્વ તથા સૂફીપણાની વાસ્તવિક્તા)*



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

رحمۃاللہ تعالی علیہم اجمعین

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

### મજલિસ-૮

*(અનીસુલ અરવાહ : મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃاللہ علیہ)*

### ★ ગાળ ગલોચ કરનાર વિશે ★

ગાળ આપવા વિશે ચર્ચા ચાલી તો આપે (હઝરત ઉષ્માન હારૂની رحمۃاللہ علیہએ) ઝબાન મુબારકથી ફર્માવ્યું કે, જે શખ્સ મુસલમાનને ગાળ આપે છે તે જાણે કે પોતાની મા તથા પુત્રી સાથે ઝિના કરે છે. અને ગાળ આપવું એવું છે જેમ કે મૂસા علیہ السلامની લડાઈમાં ફિરઔનની મદદ કરવું.

પછી ફર્માવ્યું કે જે શખ્સ મુસલમાનને ગાળ આપે છે તેની દુઆ અમુક દિવસો સુધી કૃબૂલ નથી થતી, અને જો વિના તૌબાએ મરશે તો ગુનેહગાર ઠરશે.

### ★ લાલ દસ્તરખાન પર ખાવા વિશે ★

અને ખાવાનો ઉલ્લેખ થયો. જ્યારે ખાણુ આવ્યું તો આપે ફર્માવ્યું કે ખાણુ દસ્તરખાનમાં લાવો જેથી એના ઉપર રાખીને ખાઈએ. રસૂલે ખુદા صلی اللہ علیہ وسلمએ દસ્તરખાન પર ખાણુ નથી ખાધુ પરંતુ દસ્તરખાન પર રાખીને ખાવાને મના પણ નથી કર્યું, જો ખાઈ લઈએ તો જાઈઝ છે. પરંતુ આવો ! સૌ મળીને ખાઈએ અને એવું કરીએ જેવું કે ઈસા علیہ السلامએ કર્યું છે.

પછી ફર્માવ્યું કે હઝરત ઈસા علیہ السلامના દસ્તરખાનનો રંગ લાલ હતો જે આસ્માનથી ઉતરતુ હતું, અને એમાં સાત રોટલીઓ તથા પાંચ શેર નમક હતું. તો જે શખ્સ દસ્તરખાન પર નમક સાથે રોટલી (રોટલો) ખાય તો તેના દરેક કોળિયાના બદલામાં સો નેકીઓ લખવામાં આવે છે, અને સો દરજાનો જન્નતમાં વધારો કરવામાં આવે છે, અને જન્નતમાં મૂસા علیہ السلامના સાથે મળે છે. અને જે શખ્સ લાલ દસ્તરખાન પર નમક સાથે રોટલી ખાય છે તેને જન્નતમાં એક શહેર મળે છે અને રોટલી ખાવાથી ફારિગ થતા પહેલાં ખુદાવંદે તઆલા તેના સર્વ ગુનાહો માફ કરી આપે છે.

પછી ફર્માવ્યું કે ખ્વાજા મૌદૂદ હસન رحمۃاللہ علیہની ઝબાની સાંભળ્યું કે જે શખ્સ લાલ દસ્તરખાન પર રોટલી ખાય છે ખુદાવંદે તઆલા તેને રહમતની નજરથી જુએ છે.

### ★ નબી કરીમ صلی اللہ علیہ وسلم તરફથી નામનો ખિતાબ ★

પછી ફર્માવ્યું કે શમ્સુલ આરિફીન અને તેમનું આ નામ અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلمના રોઝા મુબારકથી પડયું. તે એ રીતે પડયું કે જે દિવસે તે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના રોઝા મુબારક પર પહોંચ્યા અને સલામ કરી તો અવાજ આવ્યો, અલૈકસ્સલામ યા શમ્સુલ આરિફીન. "હે શમ્સુલ આરિફીન ! તમારા પર સલામ!"

પછી ફર્માવ્યું કે આ જ મામલો ઈમામે આ'ઝમ رضی اللہ عنہ સાથે પણ બન્યો હતો. જ્યારે આપ પ્રારંભિક હાલતમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના રોઝા મુબારક પર પહોંચ્યા અને કહ્યું, હે રસૂલોના સરદાર ! તમારા પર સલામ થજો ! તો અવાજ આવ્યો : અલૈકસ્સલામ! યા ઈમામલ

મુસ્લિમીન ! "હે મુસલમાનોના ઈમામ ! તમારા પર સલામતી થાય !"

પછી ફર્માવ્યું કે ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہનો ખિતાબ "સુલ્તાનુલ આરિફન" હતો. એકવાર અડધી રાતના સમયે મકાનની છત પર આવીને લોકોને સૂતેલા પામ્યા અને કોઈ શખ્સને જાગતો ન જોયો તો ખ્વાજા સાહબના દિલમાં ખયાલ આવ્યો કે અફસોસ ! આવી બાઅઝમત બારગાહમાં જાગૃત મશગૂલ કોઈ કેમ નથી ?! ચાહ્યું કે ખુદાવંદે તઆલાથી સમગ્ર મખ્લૂકના જાગવા તથા મશગૂલ થવાની દુઆ કરે. પછી ખયાલ આવ્યો કે આ શફાઅતનો મકામ તો નબી કરીમ ﷺનો છે, મારી શું મજાલ છે કે એવી દરખાસ્ત કરું ! જેવો દિલમાં આવો ખયાલ આવ્યો તો ગયબથી અવાજ આવ્યો કે હે બાયઝીદ ! આ પ્રમાણેની અદબ જે તેં સાચવી રાખી તો તારું નામ મેં ખલ્કતમાં "સુલ્તાનુલ આરિફીન" રાખ્યું.

પછી ફર્માવ્યું કે અહમદ મઅશૂક رحمۃ اللہ علیہની સાથે પણ આવું જ થયું હતું કે એકવાર આપ શિયાળાની ઋતુમાં ચિલ્લાની રાતમાં અડધી રાતના નજીક જ્યારે બહાર નીકળ્યા તો પાણીમાં ચાલ્યા ગયા અને દિલમાં નક્કી કરી લીધું કે જ્યાં સુધી મને એ માલૂમ ન થઈ જાય કે હું કોણ છું ત્યાં સુધી હરગિઝ પાણીથી બહાર નીકળીશ નહીં. અવાજ આવ્યો કે, "તું તે શખ્સ છે જેની શફાઅતથી કયામતના દિવસે ઘણા લોકોને બખ્શી દેવામાં આવશે." શયખ અહમદે કહ્યું કે હું એ વાત પસંદ કરતો પણ મને એ માલૂમ થવું જોઈએ કે હું કોણ છું ? પછી અવાજ સાંભળ્યો કે, મેં હુકમ કર્યો છે કે તમામ દુર્વેશ તથા આરિફ મારા આશિક હોય અને તું મઅશૂક હોય. પછી ખ્વાજા સાહબ ત્યાંથી નીકળ્યા તો જે શખ્સ આપને મળતો તે "અસ્સલામુ અલૈકુમ ! અહમદ મઅશૂક" કહેતો.

પછી ફર્માવ્યું કે શમ્સુલ આરિફીન (લોકોના સમક્ષ) નમાઝ અદા કરતા ન હતા. લોકોએ આપને એનો સબબ પૂછયો તો આપે ફર્માવ્યું કે નમાઝ સૂરએ ફાતિહા વિના પઢુ છું. લોકોએ કહ્યું કે એ કેવી નમાઝ છે ? પછી કોઈએ વિનંતિ કરી તો આપે ફર્માવ્યું કે સૂરએ ફાતિહા પઢું છું اِیَّاكَ نَعۡبُدُ وَاِیَّاكَ نَسۡتَعِیۡنُ નથી પઢતો. લોકોએ વિનંતિ કરી કે આપ જરૂર પઢો. ત્યાર બાદ મોડે સુધી ચર્ચા થતી રહી. જ્યારે નમાઝ માટે ઉભા થયા અને સૂરએ ફાતિહા પઢવી શરૂ કરી તો જ્યારે اِیَّاكَ نَعۡبُدُ وَاِیَّاكَ نَسۡتَعِیۡنُ પર પહોંચ્યા તો આપના વજૂદ મુબારકના દરેક રોંગટાથી લોહી વહેવું શરૂ થઈ ગયું★ ! તો હાજરજનો તરફ ફરીને કહ્યું કે મારા માટે એવી નમાઝ (રિયાકારીવાળી) દુરુસ્ત નથી કે લોકો કહે કે હું નમાઝ પઢુ છું.

જ્યારે ખ્વાજા સાહબ (ઉષ્માન હારૂની) આ ફવાઈદને ખત્મ કરી ચૂક્યા તો યાદે ખુદામાં મશગૂલ થઈ ગયા અને સૌ લોકો તથા દુઆગો (ગરીબ નવાઝ) પાછા ચાલ્યા આવ્યા. الحمد اللہ علی ذٰلک

★ *આ મજઝૂબ વલીનો મકામ છે. જેમ કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ મલ્ફૂઝાતમાં હઝરત મૂસા સુહાગ رحمۃ اللہ علیہનો પ્રસંગ આવા પ્રકારનો વર્ણવ્યો છે. તથા સાચા મજઝૂબની ઓળખ પણ એ છે કે તેમને શરીઅતનો હુકમ દર્શાવવામાં આવે તો તેનો વિરોધ કરશે નહીં બલ્કે તેના પર ચાલી પણ બતાવશે. હાલ અમુક બનાવટી સૂફી મજઝૂબ હોવાનો ઢોંગ રચે છે પણ શરીઅતની વાત રજૂ કરતાં આડુ અવળુ બોલી નાખે છે જે તેમના બનાવટી હોવાનું જાહેર કરે છે કેમ કે સાચા મજઝૂબ વલી શરીઅતનો વિરોધ કરતા નથી કે એની વિરુદ્ધ એલફેલ બકવાસ કરતા નથી.* **–અનુવાદક**


## દરેક ગ્રાહક ૧૧-૧૧ મેમ્બર કરીને મોકલે પ્રિય વાંચકોને નમ્ર ગુઝારિશ !

આપનું પ્યારું **બરકાતે ખ્વાજા (માસિક)** તેના સફરની સાતમી મંઝિલ પસાર કરી રહ્યું છે. આ સાત વરસમાં **અહલે સુન્નત વ જમાઅત**ની હક્કાનિયતનો ડંકો વગાડવા તથા બાતિલ ફિર્કાઓના તંબૂઓમાં માતમનો કોહરામ મચાવવા સતત કાર્યરત છે તેમજ ઈસ્લામની હક્કાનિયત વિરુદ્ધ ઉઠતા વિરોધીઓના ગપગોળાઓનો જોરદાર જવાબ રજૂ કરતું રહે છે તમે ખરેખર **ઈસ્લામ** તથા **સુન્નિયતના ચાહક હોઉં** તો તમારા મિત્રો–સગાં વગેરેમાંથી દરેક સભ્ય ૧૧–૧૧ ગ્રાહકો કરીને મોકલે એવી દરખાસ્ત છે. જઝાકલ્લાહ ! *–તંત્રી*

### દરેક મુસ્લિમે જાણવો જરૂરી છે

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃاللہ علیہ

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## ★ મકરૂહે તન્ઝીહી ★

એવું મકરૂહ કે જેને કરવું શરીઅતે પસંદ કર્યું નથી પરંતુ કરનારને સજા કે શિક્ષા પણ નથી.

**મસ્અલો** : સિજદા કે રુકૂઅમાં વિના કારણે ત્રણ તસ્બીહથી ઓછી પઢવી મકરૂહે તન્ઝીહી છે, હા, જો સમય ઓછો હોય કે ગાડી જતી રહે તેમ હોય તો એ બીકને કારણે હોય તો વાંધો નથી.

**મસ્અલો** : કામકાજના કપડાંથી નમાઝ પઢવી મકરૂહે તન્ઝીહી છે જો કપડાં હોય તો, અને જો બીજાં નથી તો વાંધો નથી.

**મસ્અલો** : આળસમાં ઉઘાડા માથે નમાઝ પઢવી એટલે કે ટોપીથી માથા ઉપર વજન લાગતું હોય અથવા ગરમી લાગતી હોય એ કારણે ઉઘાડા માથે નમાઝ પઢે છે તો એ મકરૂહે તન્ઝીહી છે અને જો નમાઝને હલ્કી સમજીને ઉઘાડા માથે પઢે દા.ત. એમ સમજે કે નમાઝ કોઈ ઈજ્જતને લાયક મહા ચીઝ નથી કે જેના માટે ટોપી કે પાઘડી પહેરવી જોઈએ તો એમ સમજવું કુફ્ર છે અને જો ખુશૂઅ ખુઝૂઅ (દિલ લગાડવા અને આજીજી નમ્રતા બતાવવા) માટે ઉઘાડા માથે પઢી તો એ મુસ્તહબ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર અને બહાર)*

**મસ્અલો** : નમાઝમાં ટોપી પડી ગઈ તો ઉઠાવી લેવી અફઝલ છે જ્યારે કે અમલે કષીર (વારંવાર ત્રણથી વધુ વખત) ન હોય, નહીં તો નમાઝ તૂટી જશે, અને જો વારંવાર ઉઠાવવાની જરૂર પડે તો છોડી દે ન ઉઠાવે. અને એકવાર પણ ન ઉપાડવામાં ખુશૂઅ મક્સદ હોય તો ન ઉપાડવી અફઝલ છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : માથાએથી ઘાસ કે ધૂળ હઠાવવી મકરૂહ છે જ્યારે કે નમાઝમાં એની ફિકર ન થયા કરતી હોય અને મોટાઈ તકબ્બુર કે અભિમાનને કારણે હઠાવી રહ્યો હોય તો તે મકરૂહે તહરીમી છે અને જો તકલીફ થતી હોય કે તે તરફ ખ્યાલ જતો રહેતો હોય તો હઠાવવું વાંધાજનક નથી. બલ્કે હઠાવી જ લેવું જોઈએ, કે જેથી રિયા (ખોટો દેખાવ) આવવા ન પામે. *(આલમગીરી)*

રિયાનો મતલબ દેખાડવા ખાતર કરવું નુમાઈશ, પ્રદર્શન માટે કરવામાં આવે તેને રિયા કહે છે, રિયા હરામ અને મહાપાપ છે. હદીષ શરીફમાં રિયાને શિર્કે અસ્ગર (નાનું શિર્ક) ફર્માવવામાં આવ્યું છે જે અમલ રિયા માટે કરવામાં આવશે તેના ઉપર સવાબને બદલે અઝાબ કરવામાં આવશે.

**મસ્અલો** : એ જ રીતે જરૂરત પ્રસંગે પેશાની ઉપરથી પરસેવો લુછવો બલ્કે દરેક તે થોડું કાર્ય કે જે નમાઝના માટે ફાયદાકારક હોય તે જાઈઝ છે અને જે ફાયદામંદ ન હોય તે મકરૂહ છે. *(આલમગીરી)*

**મસ્અલો** : નમાઝની હાલતમાં નાકમાંથી પાણી નીકળે તો જમીન પર પડે તેના કરતાં લુછી લેવું સારું છે અને જો મસ્જિદમાં હોય તો લુછી લેવું જરૂરી છે, મસ્જિદમાં પડવા ન દેવું. *(આમલગીરી વગેરે)*

**મસ્અલો** : નમાઝમાં મજબૂરી વિના પલાંઠી વાળી બેસવું મકરૂહ છે. મજબૂરી હોય તો વાંધો નથી. અને નમાઝ સિવાયની હાલતમાં એ રીતે બેસવામાં કોઈ વાંધો નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : સિજદામાં જતી વેળા ઘુટણોથી પહેલાં હાથ મૂકવા અને ઉઠતી વેળા હાથથી પહેલા ઘૂટણો ઉપાડવા મજબૂરીના કારણ વિના મકરૂહ છે. *(ગુનિયા)*

**મસ્અલો** : રુકૂઅમાં માથાને પીઠ કરતાં ઊંચુ કે નીચું રાખવું મકરૂહ છે. *(ગુનિયા)*

**મસ્અલો** : ઉભા થતી વેળા આગળ પાછળ પગો ઉઠાવવા મકરૂહ છે.

**મસ્અલો** : જૂ કે મચ્છર જ્યારે કે તકલીફ પહોંચાડતા હોય તો પકડીને મારી નાખવામાં વાંધો નથી. જ્યારે કે અમલે કષીર (ત્રણથી વધુ વાર એક રુકનમાં કાર્ય ન થતું હોય) ન હોય. *(ગુનિયા, બહાર)*

**મસ્અલો** : મસ્જિદની છત ઉપર નમાઝ પઢવી મકરૂહ છે. *(આલમગીરી)*

**મસ્અલો** : કોઈ માણસ ઉભો ઉભો કે બેઠો બેઠો વાતો કરી રહ્યો છે તેની પાછળ ઉભા રહી નમાઝ પઢવામાં મકરૂહ (કરાહત) નથી જ્યારે કે તેની વાતો તરફ ધ્યાન જવાનો ડર ન હોય. કુર્આન મજીદ, કિતાબો, તલ્વાર અને સૂતેલા માણસ પાછળ નમાઝ પઢવી મકરૂહ નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : વિના કારણે હાથથી માખી, મચ્છર ઉડાવવું મકરૂહ છે. *(આલમગીરી)*

**મસ્અલો** : એવી ચીજની સામે કે જેનાથી દિલ તે તરફ ભટકે નમાઝ પઢવી મકરૂહ છે જેમ કે શણગાર, રમતગમતનાં સાધનો વગેરે.

**મસ્અલો** : નમાઝ માટે દોડવું મકરૂહ છે. *(રદ્દુલ મુહતાર)*

Fatwa વિભાગ

★ કાર્યાલય ★

# મસ્જિદોમાં સ્ક્રિન લગાડી પ્રોગ્રામ દેખાડવું કેવું ?!

*આજકાલ એક તેહરીક થકી દીનની તથા સુન્નતોની તબ્લીગના નામે અમુક મસ્જિદોની અંદર સીનેમા ટોકીઝો જેમ પડદો (સ્ક્રિન) લગાડી અથવા ટી.વી. ગોઠવી દીની પ્રોગ્રામ દેખાડવાના શરૂ થયા છે, તો તેના સંબંધે ઘણા ઠેકાણેથી એ વિશે અમને પૂછતાછ થતી રહે છે. જેના ઉકેલ રૂપે અમોએ વિવિધ દારુલ ઈફતા પર એ મુજબનો સવાલ રજૂ કરી ફત્વા મંગાવ્યા. જેમાંથી બે મશ્હૂર દારુલ ઈફતાના ફત્વા આવી ચૂક્યા છે જે અત્રે હાજર છે. વાંચકો ખૂદ એના બારામાં સમજી લે અને યોગ્ય માર્ગ અપનાવે. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા*

**સવાલ** : શું ફર્માવે છે દીનના ઉલમા તથા શરીઅતના મુફતીઓ આ મસ્અલામાં કે :–

કેટલીક મસ્જિદોમાં સીનેમાઘરો જેમ પડદો દીવાલ પર લગાડવામાં આવે છે અને એના પર પીર સાહબ (ના દીદાર) તથા મૌલાના સાહબને તક્રીર કરતા દેખાડવામાં આવે છે. એક T.V. ચેનલ પર દીની પ્રોગ્રામ તક્રીર વગેરે જે આવે છે તે સૌ એ પડદા પર મસ્જિદના જમાઅતખાનામાં નમાઝીઓને દેખાડવામાં આવે છે. તો આ રીતે ફિલ્મની જેમ મસ્જિદમાં T.V. અથવા V.D.O. વાળા પ્રોગ્રામ પડદા પર દેખાડવા કેવું છે ?

કેટલીક જગાઓ પર મસ્જિદોમાં આવું પિક્ચર જેમ શરૂ કરવાને કારણે કેટલાક લોકોએ નારાજ થઈને મસ્જિદે જવાનું છોડી દીધું છે અને સુન્નીઓમાં જ બે ગૃપ થઈ ગયા છે. તો શું આ મસ્જિદને વિરાન કરવું અથવા આવી વાતો કરવાથી મસ્જિદની બેઅદબી નથી થતી ? આજે જો એ વાતો પર રોક તથા પાબંદી ન લગાડવામાં આવી તો દેખાદેખી લોકો કાલે વાજિંત્રોવાળી ક્વ્વાલીને (ઉલમાની મના છતાં) જાઈઝ કહેનારા મસ્જિદમાં ક્વ્વાલી કરવા લાગશે, તો પછી એમને કઈ રીતે રોકવામાં આવી શકે છે ? અને મસ્જિદોના આદાબનું શું થશે ? કહેવાતા સુન્નીઓના આ કારનામાં ગૈરોના માટે હંસી ઉડાવવાનો ઝરીયો બની જશે. મહેરબાની કરીને વિગતવાર દલીલપૂર્ણ જવાબ આપશો. *પ્રશ્નકર્તા : પટેલ શબ્બીર અલી [તંત્રી : બરકાતે ખ્વાજા –માસિક]*

## દારુલ ઉલૂમ શયખ અહમદ ખટ્ટુ અહમદાબાદના દારુલ ઈફતાનો જવાબ

**અલ્જવાબ** : મસ્જિદ કેવળ અલ્લાહ રબ્બુલ્ ઈઝ્ઝતની ઈબાદતના માટે છે. રબ તઆલા ઈર્શાદ ફર્માવે છે : **ان اول بيت وضع للناس الى--- آخره** આજ આયતની તફસીરમાં તફસીરે રૂહુલ બયાનમાં છે : **للعبادة وجعل متعبد الهم والواضع هو الله تعالى** એટલે કે લોકોને રબની ઈબાદતના માટે મસ્જિદ બનાવવામાં આવી. એ જ કારણે મસ્જિદોમાં દુનિયાવી મુબાહ વાત પણ કરવાની ઈજાઝત નથી. મસ્જિદની પવિત્રતા, મસ્જિદોની અદબ તથા એહતેરામ દરેક મુસલમાન પર લાઝિમ તથા જરૂરી છે.

હદીષ શરીફમાં છે :–

**ان رسول الله ﷺ قال جنبوا مساجدكم صبيانكم ومجانيكم وشراءكم وبيعكم وخصوماتكم ورفع اصواتكم واقامة حدودكم وسل سيوفكم**

**(તર્જુમો)** : ''રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, તમારી મસ્જિદોને બાળકોથી, પાગલોથી, ખરીદ વેચાણથી, ઝઘડાઓથી, અવાજોને મોટા કરવાથી, હદ કાયમ કરવાથી (ઈસ્લામી કાયદા મુજબ સજા આપવાથી), અને તલ્વાર ઉઠાવવાથી બચાવો.'' હદીષ શરીફથી માલૂમ થયું કે મસ્જિદમાં હદ (શિક્ષા) લાગુ પાડવી પણ મના છે, જ્યારે કે હદ

ફર્ઝ બાબતોમાંથી છે. T.V. અથવા પડદા પર ઈસ્લામી પ્રોગ્રામ જોવું તથા દેખાડવા સંબંધે આપણા ઉલમાએ અહલે સુન્નતની વિવિધ બે રાયો છે. ઉલમાએ કિરામનો એક ગિરોહ હાજતે શરઈય્યહના તહક્કુકના સમયે જાઈઝ હોવાનું કહેનારો છે જ્યારે કે બીજો તબકો હર હાલતમાં નાજાઈઝને માનનારો છે. જેમણે હાજતે શરઈય્યહના તહક્કુકના સમયે જાઈઝ હોવાનો કૌલ કર્યો છે તેમને ત્યાં પણ રુખસદ (રજા) મુબાહ તથા મુસ્તહસન સુધીની હદે જ છે. અને મસ્જિદનો અદબ તથા એહતેરામ જ્યારે વાજિબ છે તો એક વાજિબને ત્યજીને મુબાહ કામ હાંસલ કરવાનો હુકમ કઈ રીતે આપવામાં આવી શકે છે ?! કેમ કે મુબાહ અમલ કરતાં વાજિબ પર અમલ અગ્રતા ધરાવે છે. એટલા માટે **મસ્જિદોમાં T.V. અથવા સ્ક્રિન (પડદા) પર કોઈ પ્રકારનો પણ પ્રોગ્રામ જોવો તથા દેખાડવો જાઈઝ નથી.** વલ્લાહુ અઅ્લમ.

લખનાર : **(મુફ્તી) મુહમ્મદમુબશ્શિર રઝા**

૧૧–રજબુલ મુરજ્જબ, હિ.સ.૧૪૩૧, ૨૪–જૂન–૨૦૧૦ **દારુલ ઉલૂમ શૈખ અહમદ ખટ્ટુ** (رحمۃ اللہ علیہ) –અહમદાબાદ (ગુજરાત)

★★★

## વિશ્વ વિખ્યાત અરબી યુનિવર્સિટી જામિઆ અશ્રફિયા મુબારકપુરના દારુલ ઈફતાનો જવાબ

**અલ્જવાબ** : T.V. લેપટોપ તથા ખાસ પડદાની હેસિયત મૂળ પોતે જે પણ હોય પણ પબ્લિક એને એક તમાશાનો ઝરીયો તથા મનોરંજનનું સાધન સમજે છે. એટલા માટે મસ્જિદમાં એવા સાધનો લગાડવાં મના છે કે એક તો મસ્જિદનો તકદ્દુસ (પવિત્રતા) તથા એહતેરામ લોકોના દિલોથી ઓછો જઈ જશે. બીજુ કે લોકો મસ્જિદને તમાશાનું સ્થળ સમજશે. ત્રીજુ એના કારણે મુસલમાનોમાં મતભેદ થશે જે આપસમાં વિભાજનનો સબબ બનશે. ચોથુ એ કે વિભાજન જમાઅતમાં ઘટાડાનો સબબ બનશે. પાંચમું એ કે એનાથી આગળ જતાં અન્ય ખરાબીઓ પણ જન્મ લઈ શકે છે. દા.ત. (જમાઅતના) બાદમાં નમાઝ પઢનારાઓની નમાઝમાં ખલેલ, તિલાવતમાં ખલેલ અથવા બાદમાં આવનારાઓનું આ મન્ઝર જોઈને ઘરે પાછા ફરી જવું અથવા એમાં મશ્ગૂલ થઈને નમાઝથી ગાફેલ થઈ જવું વગેરે વગેરે. એટલા માટે **મસ્જિદમાં આ સાધનો મસ્જિદમાં હરગિઝ હરગિઝ ન ઉપયોગમાં લેવામાં આવે.** ક઼િરાઅતે સબઅ મુતવાતિરા હક્ક છે અને સાતેવ કુર્આને કરીમની જ ક઼િરાઅતો છે તેમ છતાં જ્યાં જે ક઼િરાઅતથી લોકો માહિતગાર ન હોય ત્યાં તે ક઼િરાઅત અવામ દરમ્યાન મના છે. તુલૂએ આફતાબના સમયે નમાઝ મના છે બલ્કે દુરુસ્ત જ ન થશે છતાં પણ જો પબ્લિક પઢે તો તેમને રોકવું મના છે કે તેઓ સમજશે કે તેમને નમાઝથી મના કરવામાં આવી રહેલ છે. વુઝૂમાં ગરગરા મુસ્તહબ છે પણ હદીષે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની બુનિયાદ પર અવામની સામે એનાથી બચવાનો હુકમ થશે. હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہ નમાઝમાં ક઼િરાઅત લાંબી કરી આપ્યા કરતા હતા જે જમાઅતમાં ઘટાડો થવાનો સબબ હતો જેથી સરકાર ﷺએ તેમને ટોક્યા અને ફર્માવ્યું, أَفَتَّانٌ أَنْتَ يَا مُعَاذُ "શું તમે લોકોમાં ફિત્નો પેદા કરવા ચાહો છો ?" *(સહીહ મુસ્લિમ શરીફ)* તથા એ ઉપરાંત તેવી પુષ્કળ ગવાહીઓ છે જેનાથી સાબિત થાય છે કે અવામના દીનની હિફાઝત જરૂરી છે અને તેમની બુદ્ધિ તથા સમજનો લેહાઝ પણ જરૂરી છે, નહીં તો ખરાબીઓ પેદા થશે. એટલા માટે **મસ્જિદોમાં ટી.વી., લેપટોપ અને તેનો ખાસ સ્ક્રિન (પડદો) કોઈ પણ દશ્ય દેખાડવા માટે હરગિઝ ન વાપરવામાં આવે.**

લખનાર : **(મુફ્તી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી** *(સદર મુફતી દારુલ ઈફતા દારુલ ઉલૂમ અશ્રફિયા–મુબારકપુર, જિ. આઝમગઢ, યુ.પી.)*

૩–રજબુલ મુરજ્જબ હિ.સ. ૧૪૩૧, અંગ્રેજી તા. ૧૭–૬–૨૦૧૦

# રૂહાની તર્બિયતકા મહીના
# રમઝાન શરીફ !

الحمد لله! માહે રમઝાન હર સાલ જલ્વા ફગન હોતા હૈ ઔર ઉમ્મતે મુસ્લિમા ઈસ માહ કી સઆદતોં ઔર બરકતોં સે બક઼દ્રે તૌફિક઼ ફૈઝયાબ ભી હોતી હૈ મગર બહુત કમ લોગ હૈં જો ઈસ માહ કો ઈમાન વ એહતિસાબ કે તક઼ાઝોં કે સાથ ગુઝારતે હૈં. યહી વજહ હૈ કિ સાલહા સાલ રોઝા રખને કે બાવજૂદ ભી હમારી ઝિંદગિયોં મેં વહ તબદીલી પૈદા નહીં હોતી જિસકા તક઼ાઝા યહ માહે મુબારક કરતા હૈ. જિસકી વજહ યા તો હમારી ગફ઼લત હૈ યા ઈસ માહે મુબારક કે આમાલ સે નાવાક઼િફિયત. જબકિ સૈયદે આલમ ﷺને ફર્માયા કિ, "અગર તુમ્હારા રોઝા તુમ્હેં ઝૂટ ઔર દૂસરી બુરાઈયોં સે બાઝ નહીં રખતા તો અલ્લાહ ﷻ કો તુમ્હારે ભૂકે ઔર પ્યાસે રહને કી કોઈ ઝરૂરત નહીં."

માહે રમઝાન દર અસ્લ એક રૂહાની તર્બિયત કા મહીના હૈ જિસમેં ઈન્સાન ઉન તમામ ખસાઈલે હમીદા સે આરાસ્તા હો જાતા હૈ જો શજરે તક઼્વા કે બર્ગ વ બાર કી હૈસિયત રખતે હૈં, જબ કિ રોઝા કી ફર્ઝિયત કા બુન્યાદી મક઼સદ હી શજરે તક઼્વા કી આબયારી હૈ, કુર્આને અઝીમ કા ઈર્શાદ હૈ :–

يَاأَيُّهَا الَّذِينَ آمَنُوا كُتِبَ عَلَيْكُمُ الصِّيَامُ كَمَا كُتِبَ عَلَى الَّذِينَ مِن قَبْلِكُمْ لَعَلَّكُمْ تَتَّقُونَ

"અય ઈમાનવાલો ! તુમ પર રોઝે ફર્ઝ કિયે ગયે જૈસે અગલોં પર ફર્ઝ હુએ થે કે કહીં તુમ્હેં પરહેઝગારી મિલે." *(સૂ. બક઼રહ–૧૮૩, કન્ઝુલ ઈમાન)*

રોઝા ઉમ્મતે મુહમ્મદિયા ﷺસે પહલે ભી તમામ અંબિયાએ કિરામ કી ઉમ્મતોં પર ફર્ઝ થા ઈસ લિએ કિ રૂહાની ઔર અખ્લાક઼ી તર્બિયત કે લિએ રોઝા બહુત ઝરૂરી હૈ.

વહ મઝાહિબ જો રહબાનિયત યાની તર્કે દુન્યા ઔર તર્કે લઝ્ઝાતકી તાલીમ દેતે હૈં વહ રૂહાની ઈરતિક઼ા કે લિએ પૂરી ઝિંદગી મુજર્રદ રહને ઔર દુન્યવી અલાઈક઼ સે બેનિયાઝ હો જાને કા હુક્મ દેતે હૈં લેકિન રહબાનિયત એક તરહ સે **'فرار عن الحيات'** (ઝિંદગીસે ફરાર) હૈ જબ કિ ઈસ્લામ ઝિંદગી કા મઝહબ હૈ ઔર પૂરે આલમે ઈન્સાની કા મઝહબ હૈ. અગર તમામ ઈન્સાન રહબાનિયત ઈખ્તિયાર કર લેં તો ક઼ાફિલાએ હયાત આગે ન બઢ સકેગા, ઈસ લિએ ઈસ્લામ મેં રહબાનિયત કી ગુંજાઈશ નહીં. ફર્માયા ગયા لَا رَهْبَانِيَّةَ فِي الْإِسْلَامِ

અલબત્તા ઈરતિક઼ાએ રૂહાની કે લિએ માહે રમઝાન અતા ફર્માયા ગયા તાકિ ઉમ્મતે મુસ્લિમા ઈસ માહે મુબારક મેં રોઝા રખ કર ઝિંદગી ભર રહબાનિયત કે ઝરીઆ રૂહાની મનાઝિલ તય કરને વાલોં સે ઝયાદા બુલંદ રૂહાની મક઼ામ હાસિલ કર લે. યહી વજહ હૈ કિ કુર્આને અઝીમને લૈલતુલ ક઼દ્ર કો હજાર મહીને કી રાતોં સે બેહતર ક઼રાર દિયા હૈ. સરકારે દો આલમ ﷺ કા ફર્માને ગિરામી હૈ કિ ઈસ માહ કા અવ્વલ રહમત, વસ્ત મગફિરત ઔર આખિરી હિસ્સા જહન્નમ સે આઝાદી હૈ. રહમત, મગફિરત ઔર જહન્નમ સે આઝાદી કી તર્તીબ મેં એક ફિત્રી રબ્ત પાયા જાતા હૈ.

અલ્લાહ તબારક વ તઆલા રહમાન વ રહીમ હૈ વહ સારી કાયનાત કી પરવરિશ ઈસલિએ કરતા હૈ કિ યહ ઉસકી સિફત રહમાન વ રહીમ કા તક઼ાઝા હૈ. વહ અપને બંદોં કે ગુનાહ અપની રહમતે બેપાયા સે માફ ફર્માએગા. સરકારે દો આલમ ﷺ ને ફર્માયા કિ અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માતા હૈ કિ મેરી રહમત કે ૧૦૦ હિસ્સે હૈં, મૈંને ઉસકા એક હિસ્સા અપની મખ્લૂક઼ કો અતા ફર્માયા હૈ. જબસે વહ દૂસરોં કે સાથ રહમ વ કરમ કા મામલા કરતી હૈ, હત્તા કે જાનવર અપને બચ્ચોં કી પરવરિશ કરતે હૈં. ઔર નિન્યાનવેં (૯૯) હિસ્સે મૈંને ક઼યામત કે દિન અપને બંદો કે લિએ મખ્સૂસ ફર્મા રખા હૈ. *(મફ઼હૂમન્)*

ઈસસે માલૂમ હુઆ કિ મગફિરત બગૈર રહમત કે મુમ્કિન નહીં. ચુનાન્ચે રમઝાન કે પહલે અશરે મેં બંદે કો ચાહિએ કિ રહમત તલબ કરે તા કિ દૂસરે અશરે મેં મગ઼ફિરત કા હક઼દાર બન જાએ ઔર દૂસરે અશરે મેં તલબે મગફિરત કે બાદ ગુનાહોં સે પાક વ સાફ઼ હો જાએ ઔર તીસરે અશરે મેં જહન્નમ સે આઝાદ હોકર જન્નત મેં જાને કા મુસ્તહિક઼ હો જાએ. અસ્લ મેં જન્નત મેં ઈન્સાન ગુનાહોં કી ગંદગી કી વજહ સે દાખિલ નહીં હો સકેગા ઈસલિએ દખૂલે જન્નત મેં લાખોં અફરાદ કે ગુનાહ માફ હોતે હૈં ઔર ઉન્હેં મુસ્તહિક઼ે જન્નત ક઼રાર દિયા જાતા હે. ઈસલિએ સરકારે દો આલમ ﷺને ઈર્શાદ ફર્માયા : مَنْ صَامَ رَمَضَانَ اِيْمَاناً وَّ اِحْتِسَاباً غُفِرَ لَهٗ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهٖ
*(બુખારી શરીફ, ૧/૧૫૫)*

## માહે રમઝાન ઔર તિલાવતે કુર્આન

માહે રમઝાન કા તિલાવતે કુર્આને અઝીમ સે બળા ગહરા રબ્ત હૈ. કુર્આને અઝીમ માહે રમઝાન મેં નાઝિલ હુઆ જૈસા કિ અલ્લાહ તઆલા કા ફર્માને ઝીશાન હૈ : "شَهْرُ رَمَضَانَ الَّذِىْ اُنْزِلَ فِيْهِ الْقُرْآنُ" ઈસ તરહ **રમઝાન** ગોયા **નુઝૂલે કુર્આન કી સાલગિરહ કા મહીના** હૈ. ઈસ માહે મુબારક મેં ખૂદ સૈયદે આલમ ﷺ ઔર મહીનોં કે મુક઼ાબલે મેં કુર્આને પાક કી તિલાવત ઝયાદા ફર્માતે થે ઔર હઝરત જિબ્રઈલ علیہ السلام હુઝૂર ﷺ કો કુર્આન સુનાતે ભી થે ઔર કુર્આન સુનતે ભી થે. અંબિયાએ કિરામ પર નુઝૂલે વહી કે આગાઝ સે પહલે રોઝે કા હુકમ દિયા જાતા થા. ચુનાન્ચે હઝરત મૂસા علیہ السلام કો તૌરાત અતા ફર્માને સે પહલે કોહે તૂર પર ચાલીસ રોઝ તક રોઝા ઔર ઈબાદત નીઝ દીગર અલાઈક઼ે દુન્યવી સે અલાહિદા રહને કા હુકમ દિયા ગયા ઔર ચાલીસ રોઝ કી તકમીલ કે બાદ ઉન્હેં તૌરાત અતા કી ગઈ.

આક઼ાએ દો જહાં ﷺ કો હુકમ તો નહીં દિયા ગયા મગર ઉન્હોંને અપની પૈગમ્બરાના ફિતરત કી દાવત પર ગારે હિરા મેં તન્હાઈ ઈખ્તિયાર કી જહાં અકષર વહ રોઝે કી હાલત મેં હોતે થે, ઈસી હાલત મેં નુઝૂલે કુર્આન કા આગાઝ હુઆ.

અબ નુઝૂલે વહી તો મુમ્કિન નહીં મગર રમઝાન મેં તિલાવતે કુર્આન કી સઆદત હાસિલ કરને વાલોં કે દિલ પર કુર્આન પાક કે અન્વાર વ બરકાત ઝરૂર ઉતરતે હૈં, ઈસલિએ કિ ઈસ માહ મેં કુર્આને અઝીમ કી તિલાવત કે સાથ સાથ કિસી હદ તક અલાઈક઼ે દુન્યવી ઔર ખાહિશાતે માદી સે બે તઅલ્લુક઼ી હોતી હૈ.

**દુન્યા મેં કોઈ ઐસા નિઝામે ઝિંદગી ઔર ક઼ાનૂને હયાત નહીં હૈ જિસકે માનને વાલોં કો હર સાલ પૂરા દસ્તૂરે હયાત સુનાયા જાતા હો ઔર ઉસકી યાદ દેહાની કરાઈ જાતી હો** મગર તરાવીહ કે ઝરિયા હર સાલ ઉમ્મતે મુસ્લિમા પૂરા કુર્આને અઝીમ સુનતી ભી હૈ ઔર પળ્હતી ભી હૈ. કાશ ! મુસલમાન સમઝ કર પળ્હતે ઔર અમલ કરતે તો આજ આલમે ઈસ્લામ કા નક઼્શા હી કુછ ઔર હોતા.

**વહ મુઅઝ્ઝઝ્ થે ઝમાને મેં મુસલમાં હોકર**
**ઔર હમ ખાર હુએ તારિકે કુર્આ હોકર**

## રમઝાનમે રૂહાની અમલી તર્બિયત

રમઝાન પાક મેં શૈતાન પાબંદે સલાસિલ કર દિયા જાતા હે તાકિ વહ એહલે ઈમાન કો બહકા ન સકે ઔર મુસલમાન અપની રૂહાની તર્બિયત ઔર અમલી ટ્રેનિંગ કા ઝમાના શૈતાન કી મુદાખલત કે બગૈર કામિલ કર સકે. આપને દેખા હોગા કિ તર્બિયત લેને વાલે કો તર્બિયત દેને વાલા બહુત સે હિફાઝતી ઈંતિઝામાત કે સાથ તર્બિયત દેતા હે, ઔર જબ તર્બિયત કામિલ હો જાતી હૈ તો હિફાઝતી ઈંતિઝામાત ઉઠાએ જાતે હૈં ઔર વહી વક઼્ત ઉસકી તર્બિયત કી આઝમાઈશ કા હોતા હે.

રમઝાન કે બાદ શૈતાન કો આઝાદ કર દિયા જાતા હે અગર મર્દે મોમિન ને ઈમાન વ એહતિસાબ કે સાથ રોઝા રખા, ઔર હાથ, પાઉં, આંખ, ઝબાન વગૈરા કો ભી રોઝાદાર રખા તો માહે મુબારક ગુઝર જાને કે બાદ ભી રમઝાન કી હાલત પર કિસી હદ

તક ક઼ાયમ રહતા હૈ. ઔર અગર તર્બિયત નાક઼િસ રહ ગઈ તો વહ ફિર માહે રમઝાન સે ક઼ત્લ કી ઝિંદગી કી તરફ લોટ જાતા હૈ, જો ઈસ બાત કી અલામત હૈ કિ ઈસ કા રોઝા મક઼બૂલ નહીં હુઆ. ઐસે ઈન્સાન કે લિએ દુઆ કરની ચાહિએ કિ મૌત સે પહલે અલ્લાહ ઉસકો એક ઐસા માહે રમઝાન ઝરૂર અતા કરે જબ ઉસકે રોઝે મક઼બૂલ હો ગએ હોં ઔર ઉસકે સારે ગુનાહ માફ ફર્મા કર ઉસકો મુસ્તહિક઼ે જન્નત ક઼રાર દિયા ગયા હો.

**માહે રમઝાન રોઝાદાર કે અંદર બહુત સી રૂહાની ઔર અખ્લાક઼ી ખૂબિયોં કો પરવાન ચઢ્હાતા હૈ. મષલન :-**

**૦૧.** અલ્લાહ કા ખૌફ હર હાલત મેં રોઝાદાર કે દિલ પર તારી રહતા હૈ. યહી વજહ હૈ કિ વહ ખલ્વત (એકાંત) મેં કોઈ ઐસા કામ નહીં કરતા જો હુક્મે રબ્બાની કે ખિલાફ હો.

**૦૨.** રોઝાદાર કે અંદર સબ્ર ઔર બર્દાશ્ત નીઝ ઝબ્તે નફસ કી સલાહિયત પૈદા હો જાતી હૈ. વહ ગાલી યા દાવતે મુબારઝત કે જવાબ મેં સિર્ફ યહ કહતા હૈ કિ મૈં રોઝદાર હૂં ઔર ગુઝર જાતા હૈ.

**૦૩.** અપને અવક઼ાતે કાર કો મુંઝબિત કરતા હૈ, શબ બેદારી કી આદત પૈદા હોતી હૈ, તહજ્જુદ ઔર નવાફિલ કા પાબંદ હો જાતા હૈ, જમાઅત કા એહતિમામ કરતા હૈ.

**૦૪.** ઉસકે અંદર અપને એહતિસાબ કી સલાહિયત પૈદા હો જાતી હૈ ઔર "حَاسِبُوْا قَبْلَ اَنْ تُحَاسَبُوْا" કી સિફત સે મુત્તસિફ હો જાતા હૈ.

**૦૫.** "اَلصَّوْمُ جُنَّةٌ" કે ફર્માને આલીશાન કે મુતાબિક઼ વહ શૈતાન કે મુક઼ાબલે કે લિએ ખૂદ કો તૈયાર કર લેતા હૈ ઔર ઉસકો કુદરત કી તરફ સે એક ઢાલ મિલ જાતી હૈ જો શૈતાન કે હમલોં સે મહફૂઝ રખતી હૈ.

**૦૬.** ઉસકે લિએ જન્નત કે દરવાઝે ખોલ દિએ જાતે હૈં, જહન્નમ કે દરવાઝે બંદ કર દિએ જાતે હૈં ઔર શયાતીન કો પાબંદે સલાસિલ કર દિયા જાતા હૈ.

**૦૭.** રમઝાન કી બરકાત સે ઉસે દો ખુશિયાં મયસ્સર આતી હૈં, એક વક઼્તે ઈફતાર ઔર એક ઝિયારતે પરવરદિગાર કે વક઼્ત.

**૦૮.** ઈસ માહે મુબારક મેં રોઝાદાર કે નવાફિલ ફર્ઝ કા, ફર્ઝ સત્તર ફર્ઝોં કા હામિલ રહતે હૈં.

**૦૯.** ઈસ માહે મુબારક મેં રોઝાદાર કા દિલ નર્મ ઔર અખ્લાક઼ી ખૂબિયોં સે મામૂર હોતા હૈ. ઉસકે અંદર જઝબ-એ-સખાવત પૈદા હોતા હૈ, ઔર દિનોં કે મુક઼ાબલે મેં ઝયાદા ઉમૂરે ખૈર મેં હિસ્સા લેતા હૈ.

**૧૦.** ઈફતારી ઔર સહરી કી બર્કતેં હાસિલ કરતા હૈ.

**૧૧.** રોઝા ઔર કુર્આન કી શફાઅત કા મુસ્તહિક઼ હોતા હૈ.

**૧૨.** લૈલતુલ ક઼દ્ર કી બર્કતોં સે ફૈઝયાબ હોતા હૈ.

**૧૩.** રોઝાદાર ખૂદ કો રમઝાન કે બાદ ભી નફ્લી રોઝોં કે લિએ આમાદા કર લેતા હૈ.

**૧૪.** રોઝાદાર જિસ્માની સેહત સે બેહરામંદ હો જાતા હૈ. *(મુક઼દમા : કિતાબ-માહે રમઝાન કૈસે ગુઝારેં)*


**આખા વરસની મુબારક રાતોની ફઝીલત સંબંધી કિતાબ મંગાવો !**

દર મહિને કે દર વરસે માસિકોમાં એક જ વાત છપાય તેવા આગ્રહ રાખવા કરતાં આપ અમારા ત્યાંથી આ કિતાબ મંગાવી લો : **"અલ વઝીફતુલ કરીમા"** જેમાં ઈમામે અહલે સુન્નત આ'લા હઝરત رحمۃ اللہ علیہના દર્શાવેલ વઝીફાઓ ઉપરાંત અન્ય દુઆ દુરૂદ સાથે **મશ્હૂર મુબારક રાતોની ફઝીલતો** સાથે **ઈબાદતો** જેમ કે **શબે ક઼દ્ર, શબે બરાત, આશૂરા, શબે મેઅરાજ** વગેરેનું વર્ણન છે. આજે જ **રૂા. ૫/- ટપાલ ટિકિટ કવરમાં મોકલીને મંગાવો.** સરનામુ : **સુન્ની દા'વતે ઈસ્લામી,** (દયાદરા શાખા) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ (ગુજરાત), પિન. ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઈસ્લામમાં જૂઠ તથા વાદાખિલાફીની બુરાઈ અને આપણો માહોલ

લેખ હરીફાઈમાં પ્રથમ આવનાર લેખ

ઈસ્લામ એક સંપૂર્ણ ધર્મ છે. ઈસ્લામે માણસને જિંદગીની દરેક ક્ષણ કેવી રીતે વિતાવવી તેની તાલીમ આપેલ છે. જેવી રીતે ઈસ્લામમાં સુસંસ્કારને ખૂબ ઊંચા દરજા પર રાખવામાં આવેલ છે તેવી જ રીતે કુસંસ્કારને એટલા જ હકીર (તુચ્છ) જણાવેલ છે. કુસંસ્કાર વિશે હુઝૂર ﷺ ઈર્શાદ ફર્માવે છે કે, ''બદખુલ્કી (કુસંસ્કાર) અમલોને એવી રીતે બર્બાદ કરી દે છે જેવી રીતે સિરકો મધને ખરાબ કરે છે.''

મારા પ્યારા દીની ભાઈઓ તથા બહેનો ! ''જૂઠ તથા વાદાખિલાફી'' કુસંસ્કારોમાંથી જ છે અને ઈસ્લામે આ કામોને ફક્ત કુસંસ્કાર જ નહીં પરંતુ ગુનાહે કબીરા (મોટા ગુનાહ) પણ ગણાવ્યા છે ! પણ આજે મુસલમાન આ કામોને એવી રીતે કરે છે જાણે એમાં કોઈ ગુનોહ જ નથી ! આવો ! તમારી સમક્ષ આ કામોની બુરાઈ રજૂ કરું કે ઈસ્લામે આ કામોથી બચવાની કેટલી તાકીદ કરેલ છે અને એને કેટલા ખરાબ ગણાવેલ છે.

## ★ જૂઠ કુર્આન તથા હદીષની રોશનીમાં ★

મારા આકા ﷺના પ્યારા દીવાનાઓ જૂઠ એક બહુ મહાન ઐબ (ખરાબી) અને બહુ જ ખરાબ ગુનાહે કબીરા છે. આપણા સમાજમાં અગણિત બુરાઈઓ ફક્ત જૂઠના લીધે ફેલાય છે. જૂઠ જોવામાં તો ફક્ત એક ગુનોહ છે પણ એનાથી હજારો ગુનાહ જન્મ લે છે. જે વ્યક્તિ જૂઠો હોય તેના ઉપર કોઈ ભરોસો નથી કરતું અને ન તેની કોઈ વાતનો વિશ્વાસ થાય છે. જૂઠો વ્યક્તિ દુનિયામાં પણ ઝલીલ (બેઈજ્જત) થાય છે અને આખરેતમાં પણ જહન્નમના અઝાબનો હક઼દાર થાય છે. જૂઠની બુરાઈ જાણવા માટે એટલું જ પૂરતુ છે કે કુર્આને કરીમમાં કેટલીય જગાઓ પર ''જૂઠાઓ પર અલ્લાહની લા'નત''નો ઝિક્ર કરવામાં આવ્યો છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે : ''તો જૂઠાઓ પર અલ્લાહની લા'નત નાખીએ.'' *(સૂ. આલિ ઈમરાન, આ-૬૧)*

લા'નતનો શું મતલબ છે ? લા'નતનો અર્થ એ છે કે બંદો જૂઠુ બોલી અલ્લાહની રહમતથી દૂર થઈ જાય છે.

મારા પ્યારા ભાઈઓ ! ઘણી બધી હદીષ શરીફ જૂઠની બુરાઈ અને જૂઠા વ્યક્તિના મલઊન તથા મરદૂદ હોવા વિશે મૌજૂદ છે, જેમાંથી કેટલીક હદીષો રજૂ કરું છું :-

હઝરત ઈસ્માઈલ બિન વાસિત ફર્માવે છે કે મેં સિદીકે અકબર رضی اللہ عنہથી સાંભળ્યું, આપ હુઝૂર ﷺના વિસાલ પછી ખુત્બો આપતાં ઈર્શાદ ફર્માવી રહ્યા હતા કે નબી કરીમ ﷺ ગયા વર્ષે આ જગ્યા ઉપર ઉભા થયા જ્યાં હું ઉભો છું. પછી હઝરત સિદીકે અકબર રડી પડયા અને હદીષ બયાન કરી કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, ''પોતાને જૂઠથી બચાવો ! કેમ કે જૂઠ બોલવાવાળો બદકારની સાથે છે, તે બંને જહન્નમમાં જશે.'' અને બીજી એક હદીષમાં છે કે, ''બેશક ! જૂઠ મુનાફિક઼તના દરવાજાઓમાંથી એક દરવાજો છે.''

પ્યારા ભાઈઓ ! ઉપરોક્ત બંને હદીષ શરીફ પરથી જાણવા મળે છે કે જૂઠુ બોલવાવાળો બદકારની સાથે જહન્નમમાં જશે, અને જે જૂઠુ બોલ્યો તે એવો છે કે જૂઠના દરવાજાથી મુનાફિક઼તપણામાં દાખલ થયો. શું તમે ચાહો છો કે મુનાફિક઼પણાનો ભોગ બને ? જો નથી ઈચ્છતા તો આજે જ જૂઠુ બોલવાનું છોડી દો.

રજૂકર્તા : **હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ પટેલ-પારખેત** *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

## ★ વેપારમાં જૂઠ ★

પ્યારા વાંચક મિત્રો ! તિજારત (વેપાર) તે ધંધો છે જેને મારા પ્યારા આક઼ા ﷺએ પસંદ પણ ફર્માવ્યો અને જાતે પણ કર્યો તેમજ વધારે પડતા સહાબાએ કિરામે પણ વેપાર જ કર્યો. એક હદીષમાં હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યું છે કે, "સાચો વેપારી ક઼યામતના દિવસે સિદ્દીક઼ો સાથે ઉઠાવવામાં આવશે." મારા ભાઈઓ ! વેપારની આટલી બધી ફઝીલત હદીષ શરીફમાં બતાવવામાં આવી છે, પણ આજે લોકો વેપારમાં વધારે નફો મેળવવા જૂઠુ બોલે છે તો આ રીતે પૈસા કમાવા હરામ છે. લોકોને કોઈ વસ્તુમાં નફો મળતો હોય તો પણ કહે છે કે આટલામાં તો મને નથી મળતી ! અને હુઝૂર ﷺએ આ જૂઠને "ગુનાહે કબીરા" ગણાવ્યું છે. અને જ્યાં સુધી જૂઠથી નફો મેળવવાની વાત છે તો હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યું છે કે, "જૂઠ રિઝ્ક઼ને ઘટાડી દે છે." *(અહયાઉલ ઉલૂમ)*

લોકો સમજે છે કે જૂઠ દ્વારા આપણા વેપારમાં વધારો થશે, પરંતુ હુઝૂર ﷺએ જૂઠને રોજીમાં ઘટાડો કરવાવાળુ બતાવ્યું. અને આપણો અક઼ીદો છે કે હુઝૂર ﷺની ઝબાનથી ખોટી વાત નથી નીકળી. આપણે જ્યારે હુઝૂર ﷺને સાચા તથા હાઝિરો નાઝિર સમજીએ છીએ તો આપણે જોઈએ કે હુઝૂરની હાજરીમાં જૂઠ જેવા ગુનાહે કબીરાથી બચીએ. અને એક જગ્યાએ તો હુઝૂર ﷺએ પણ ઈર્શાદ ફર્માવ્યું કે, "તાજિર (વેપારી) જ ફાજિર છે." *(અહયાઉલ ઉલૂમ)*

જ્યારે હુઝૂર ﷺએ આ હદીષ બયાન ફર્માવી તો અર્ઝ કરવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ શું અલ્લાહ તઆલાએ ખરીદ વેચાણને હલાલ નથી કર્યું ? તો હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યું કે, હા ! પણ આ લોકો ક઼સમો ખાઈને ગુનેહગાર થાય છે અને વાતચીતમાં જૂઠ બોલે છે."

મારા પ્યારા ભાઈઓ ! આ હદીષ શરીફ પરથી જાણવા મળે છે કે જે વેપારી ખરીદ વેચાણમાં જૂઠુ બોલે અને ક઼સમો ખાય તેને હુઝૂર ﷺ એ ફાજિર ઠરાવ્યો છે. શું આજે મુસલમાનો આ રીતે વેપાર નથી કરતા ? પ્યારા ભાઈઓ ! આપણી હાલતો આજે એવી થઈ ગઈ છે કે બે પાંચ રૂપિયા નફો મેળવવા લોકો જૂઠુ પણ બોલે છે અને ખુદાની ક઼સમ પણ ખાઈ લે છે. અને જ્યારે તેમને કહેવામાં આવે છે કે આ રીતે જૂઠુ બોલી વેપાર ન કરો ! તો કહે છે કે જૂઠુ બોલ્યા વગર તો અમને નફો જ ન મળે ! હું આવા લોકોથી પૂછવા માંગુ છું કે હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ હિજરત બાદ (જ્યારે કે તેમની પાસે કાંઈ જ ન હતું) વેપાર કરી મદીનાના સૌથી મોટા વેપારી બન્યા. તો શું તે જૂઠુ બોલી નફો મેળવતા હતા ? હરગિઝ નહીં ! બલ્કે તેમનો વેપાર બહુ જ પાકીઝા અને ખૂબ જ ઈમાનદારીવાળો હતો. તે ક્યારેય વેપારમાં જૂઠુ ન બોલતા. મારા ભાઈઓ ! આજે આપણે પણ વેપાર ઈમાનદારી તથા સાચુ બોલીને કરીએ તો અઢળક નફો મેળવી શકીએ છીએ, તો જોઈએ કે આપણે વેપારમાં ઈમાનદારી વાપરીએ. જો સાચી રીતે વેપાર કરશો તો દુનિયામાં પણ કામયાબ થશો અને આખેરતમાં પણ સિદ્દીક઼ો સાથે ઉઠાવવામાં આવશો.

## ★ મઝાકમાં પણ જૂઠ ન ચાલે ! ★

પ્યારા વાંચક મિત્રો ! મઝાક (મામૂલી મઝાક જેમાં જૂઠનો સમાવેશ ન હોય) હુઝૂર ﷺથી પણ સાબિત છે અને સહાબાએ કિરામ પણ કરતા હતા. હઝરત હસન બસરી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે એક વૃધ્ધ સ્ત્રી નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થઈ તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, કોઈપણ વૃધ્ધા જન્નતમાં નહીં જાય ! આ સાંભળી તે વૃદ્ધા સ્ત્રી રડવા લાગી તો હુઝૂર ﷺએ ફમાવ્યું, તે દિવસે કોઈ વૃધ્ધ નહીં હોય. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

"બેશક ! અમે તેમને એક રીતે સિધ્ધી આપી પછી તેમને કુંવારીઓ બનાવી દીધી." *(સૂ. વાકિ઼આ, આ. ૩૫)*

પ્યારા વાંચક મિત્રો ! આ હતું હુઝૂર ﷺનું મઝાક કરવું પણ આપણે આજે મઝાકનો અર્થ જ કાંઈ જુદો સમજીએ છીએ. હુઝૂર ﷺ મઝાક તો કરતા હતા પણ ક્યારેય જૂઠુ ન બોલતા હતા. જેમ કે હુઝૂર

ﷺએ પોતે ઈર્શાદ ફર્માવ્યું, "ભલે હું તમારી સાથે મઝાક કરું છું પરંતુ હક્ક વાત સિવાય કાંઈ નથી કહેતો." આજે આપણા સમાજમાં જોવા મળે છે કે લોકો મઝાક તો કરે છે પણ તેમાં જૂઠ સિવાય કાંઈ જ નથી બોલતા. એવું લાગે છે જાણે મઝાકમાં જૂઠ બોલવું એક ફેશન છે, તેમાં કોઈ પ્રકારનો ગુનોહ જ નથી ! પરંતુ એવું નથી, જૂઠને જૂઠ સમજીને બોલવામાં આવે કે પછી પણ મઝાકમાં તેનો ગુનોહ તો સરખો જ છે. મઝાકમાં જૂઠને પણ હુઝૂર ﷺએ ગુનાહે કબીરા જ ગણાવ્યું છે.

મારા પ્યારા ભાઈઓ તથા બહેનો ! આવું જ એક બીજુ જૂઠ છે જેને આજે લોકો ગુનોહ સમજતા જ નથી તે એ કે આજે વધારે પડતા મા બાપ પોતાનું બાળક રડતુ હોય તો તેને ચૂપ કરાવવા જૂઠુ બોલે છે. તેઓ કહે છે કે, "ચૂપ થઈ જા ! જો વાઘ આવ્યો ! જો ફલાણુ થયું !" વગેરે, તો આ રીતે બોલવુ પણ જૂઠ જ છે. હઝરત અબ્દુલ્લાહ બિન આમિર رضی اللہ عنہ ફર્માવે છે નબી કરીમ ﷺ અમારા ઘરે તશરીફ લાવ્યા તે વખતે હું નાનો હતો. હું રમવા લાગ્યો તો મારી માએ મને કહ્યું, "અબ્દુલ્લાહ ! અહીં આવો ! હું તમને કંઈક આપું." આ સાંભળી હુઝૂરે ઈર્શાદ ફર્માવ્યું કે શું આપવા ઈચ્છો છો ? તો મારી માતાએ અર્ઝ કરી કે, ખજૂર ! ત્યારબાદ હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યું, જો તમે આવુ ન કરતા તો તમારા પર એક જૂઠ લખવામાં આવતું ! એટલે કે તમારી પાસે ખજૂર ન હોત તો આ તમારા નામએ આમાલમાં જૂઠ લખાત. આ ઉપરથી જાણવા મળ્યું કે બાળકોને ચૂપ કરવા અથવા સૂવડાવવા માટે જૂઠુ બોલવું પણ ગુનોહ છે. તો મારા ભાઈઓ તથા બહેનો ! ફક્ત એક બાળકને ચૂપ કરવા અથવા સૂવડાવવા માટે શા માટે ગુનાહે કબીરામાં પડો છો ?! ખુદાથી ડરીને હમેશાં સાચુ બોલો. જો તમે તમારા બાળકને ધમકાવવા જ ઈચ્છતા હોઉં તો સાચુ બોલી ધમકાવો.

### ★ જૂઠ અને બુઝુર્ગોનાં ફર્માન ★

મારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ફર્માવે છે કે, "જ્યારે હું તમારાથી દૂર હોય ત્યારે તમારામાંથી તે વ્યક્તિ સારો લાગે છે જેનું નામ સારુ હોય અને જ્યારે હું તમારાથી મળુ છું તો તે વ્યક્તિ બધાથી સારો લાગે છે જેના સંસ્કાર સારા હોય. અને જ્યારે હું તમારી પરીક્ષા લઉં ત્યારે તે વ્યક્તિ બધાથી સારો લાગે છે જે સાચો અને અમાનતદાર હોય." આ કૌલ પરથી સાબિત થયું કે હઝરત ઉમર رضی اللہ عنہના નજીક સાચુ બોલવું એ પરીક્ષામાં સફળ થવા માટે એક શર્ત છે. અને કોને ખબર છે કે અલ્લાહ તઆલા કોની પરીક્ષા ક્યારે લે, એટલા માટે આપણે જોઈએ કે દરેક પરિસ્થિતિમાં સાચુ બોલીએ.

હઝરત ઈમામ બાકર رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે, "બદી માટે તાળાં મુકર્રર કરવામાં આવ્યા છે અને એ તાળાંઓની ચાવી શરાબ છે, પણ જૂઠ એનાથી પણ દુષ્ટ છે" અને આપે એ પણ ફર્માવ્યું કે, "જૂઠુ બોલનાર ઈમાનના મૂળમાં ખરાબી રેડે છે." ઈમામ બાકરના નજીક જૂઠ બધા કુકર્મોની ચાવીથી પણ બુરું છે અને એવું છે જાણે કે ઈમાનના મૂળમાં ખરાબી રેડવી. એટલે કે જેના ઈમાનના મૂળમાં જ ખરાબી હોય તે જરૂર મુનાફિકતપણાનો ભોગ બનશે. આપણે આપણુ ઈમાન સલામત રાખવું હોય તો હમેશાં જૂઠથી બચવું જોઈએ.

હઝરત ઈમામ હસન અસ્કરી رحمۃ اللہ علیہથી રિવાયત છે, "તમામ બદઆમાલને એક મકાનમાં ભરી દેવામાં આવ્યા છે, અને તેની ચાવી જૂઠ છે." આ રિવાયત પરથી સાબિત થયું કે જૂઠ નાનુ બોલો કે મોટુ, મઝાકમાં બોલો કે પછી વેપારમાં, સમાજમાં બુરાઈઓ તો ફેલાવાની જ છે, અને બદઆમાલીનો દરવાજો ખુલવાનો જ છે. *(મેઅરાજુસ્સઆદહ)*

### ★ જૂઠનો ઈલાજ ★

સૌ પ્રથમ ઈલાજ તો એ કે જૂઠુ બોલવાથી શું નુકસાન થાય છે તે સમજી લેવું. આ ઉપરાંત જૂઠ થકી થનારા અઝાબ વિશે વારંવાર વિચારવું. જૂઠુ બોલવાથી નુકસાન જ થવાનું છે એ વાત દિલમાં બેસાડી લેવી. પ્યારા મિત્રો ! આ બધી વાતોને લક્ષમાં લો, બોલતી વખતે વિચારો અને જે કાંઈ કહો સાચું

જ કહો. આવી ટેવ પાડવી અને જૂઠ બોલવાથી ઉઠાવવી પડતી શરમ અને પસ્તાવાને હમેશાં નજર સામે રાખવું એ જ જૂઠથી બચવાનો ઈલાજ છે.

### ★ જૂઠુ બોલવું ક્યાં જાઈઝ ? ★

મારા પ્યારા ભાઈઓ ! જૂઠુ બોલવું એ ઘણી ખરાબ વાત છે છતાં કેટલીક વખતે એ જરૂરી બની જાય છે, અને શરીઅતે તેને જાઈઝ અને વાજિબ સુધ્ધાં ગણાવ્યું છે :–

(૧) સાચુ બોલવાથી ફસાદ (લડાઈ, ઝઘડો)નો ભય હોય, અથવા પોતાને નુકસાન થવાની પાકી ખાત્રી હોય, કોઈ મુસલમાનની જાન જોખમમાં પડી જતી હોય, જાઈઝ માલ જવાનો ભય હોય, કોઈ ગુનોહ થઈ ગયો હોય અને કોઈ જાલિમ પૂછપરછ કરે, કોઈ મુસલમાનના માલ કે ઐબ વિશે પૂછવામાં આવે, આ પ્રસંગોમાં મુનાસિબ જૂઠ બોલવું વાજિબ છે.

(૨) બે શખ્શો વચ્ચે સંપ કરાવવા માટે અથવા એક ભાઈએ બીજા ભાઈને માઠુ લાગે એવી વાત કરી હોય કે અપશબ્દો વાપર્યા હોય એના વિશે પૂછવામાં આવે ત્યારે અને પોતાને લગતી કોઈ અંગત વાત કહેવાથી કોઈ મો'મિન ભાઈ સાથે અદાવત કે ઝઘડો થવાનો ભય હોય ત્યારે જૂઠનો આશરો લેવો જાઈઝ છે.

(૩) પોતાની સ્ત્રી કોઈ વસ્તુની માંગણી કરે જેને પૂરી કરવી પોતાના ગજા ઉપરાંતની વાત હોય, કોઈ સારું કામ જે સાચુ બોલવાથી પૂર્ણ ન થઈ શકતું હોય અને જેહાદ (લડાઈ)માં દુશ્મનને ધોકો આપવા પણ જૂઠ બોલવું જાઈઝ છે.

**મસ્અલો** : જે પ્રકારનું બોલવાનો આદત મુજબ રિવાજ પડી ગયો છે કે લોકો તેને અતિશયોક્તિ જ ગણતા હોય તેનો ખરો અર્થ મુરાદ ન લેતા હોય તે જૂઠમાં દાખલ નથી. દા.ત. એવું કહે કે હું તમારી પાસે હજાર વખત આવ્યો અથવા હજાર વખત મેં તમને કહ્યું વગેરે.

### ★ વાદાખિલાફીની બુરાઈ ★

પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! આજે આપણા સમાજમાં ફક્ત જૂઠ નહીં દરેક જાતની બુરાઈઓ જોવા મળે છે જે પૈકી એક બહુ જ તુચ્છ કૃત્ય વાદાખિલાફી છે. આ એક એવું કામ છે કે જે વ્યક્તિ પણ આ કામ કરે છે તેનું સમાજમાં કોઈ સન્માન નથી રહેતું. આ કામ કર્યા બાદ કોઈપણ વ્યક્તિ આવી વ્યક્તિનો ભરોસો નથી કરતી.

મારા ભાઈઓ ! વાદાખિલાફી એક ઐબ છે. વાદાખિલાફીનું કારણ ક્યાં તો મજબૂરી હોય છે ક્યાં તો મક્કારી તથા દગાબાઝી છે. એક વ્યક્તિ કોઈનાથી એવો વાયદો કરી બેસે છે જેને પૂરો કરવો તેના માટે મુશ્કેલ અથવા અશક્ય હોય છે એટલા માટે તે મજબૂરીથી વાદખિલાફી કરે છે. અને કોઈ વ્યક્તિ વાયદો કરીને પોતાની જરૂરત પૂરી કરે છે, ફાયદો તો મેળવી લે છે, પણ વાયદો પૂરો નથી કરતો. આ વાદાખિલાફી પણ છે અને ધોકો આપવું પણ અને મક્કારી પણ છે. પ્યારા મિત્રો ! વાદાખિલાફી એક ઐબ છે અને અલ્લાહ તઆલા "સુબ્હાન" છે, દરેક ખરાબીથી પાક છે અને વાદાખિલાફીથી પણ પાક છે. તેણે પોતાના જે બંદાઓથી બદલાનો વાયદો ફર્માવ્યો છે, તો તેને જરૂર પૂરો કરશે, અને જે બંદાઓથી સજાનો વાયદો ફર્માવ્યો છે તેને પણ પૂરો કરશે ભલે પછી તે દુનિયામાં હોય કે આખેરતમાં. અલ્લાહ તઆલા દરેક ઐબથી પાક છે અને તે પસંદ કરે છે કે તેના બંદા પણ ઐબ તથા બુરાઈઓમાં ન સપડાય બલ્કે તેની સિફાતનો આઈનો તથા પ્રતિબિંબ બને, એટલા માટે તે હુકમ આપે છે કે વાયદાઓને પૂરા કરો. ફર્માવે છે :–

"અને પૂરા કર્યા કરો પોતાના વાયદાઓને, બેશક ! તે વાયદાઓ વિશે કયામતના દિવસે સવાલ કરવામાં આવશે." *(સૂ. બની ઈસ્રાઈલ, આ–૩૪)*

આવો ! તમારી સમક્ષ હદીષે પાકની રોશનીમાં વાદાખિલાફીને રજૂ કરું છું :–

પ્યારા વાંચક મિત્રો ! વાયદા પાલનની વિશેષતા અને વાદાખિલાફીની બુરાઈનો અંદાઝો હુઝૂર ﷺના આમાલ તથા ફર્માન પરથી કરો જેમની જિંદગી આપણા માટે શ્રેષ્ઠ નમૂનો છે. હઝરત અનસ

રદિયલ્લાહુ અન્હુ (رضي الله عنه)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ પોતાના દરેક ખુત્બામાં ફર્માવ્યા કરતા હતા કે, "જે અમાનતદાર નથી તે, પૂરો વાયદો પૂરો નથી કરતો તે પૂરો દીનદાર નથી." તકવો અને પરહેઝગારી મેળ વવા માટે કેટલીય કોશિશ કેમ ન કરવામાં આવે પણ તે વખત સુધી કોઈ મુત્તકી અને દીનદાર નથી બની શકતું જ્યાં સુધી કે વાદાખિલાફીને છોડી ન દે, કેમ કે વાદાખિલાફી તકવાની વિરૂધ્ધ છે એટલે કે નિફાક (મુનાફિકતપણુ)ની નિશાનીઓમાંથી છે. જેવું કે હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضي الله عنهએ બયાન કર્યું છે કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "જે વ્યક્તિમાં ચાર ઐબ હોય તે તદ્દન મુનાફિક હશે, અને જેમાં આ ચારમાંથી કોઈ એક હોય તેમાં મુનાફિકતપણાની નિશાની હશે, ત્યાં સુધી કે એને છોડી ન દે. તે ચાર ઐબ (ખરાબી) આ છે : (૧) જ્યારે તેની પાસે અમાનત મૂકવામાં આવે તો ખયાનત કરે. (૨) જ્યારે વાત કરે જૂઠ્ઠુ બોલે. (૩) જ્યારે વાયદો કરે તો વાદાખિલાફી કરે. (૪) જ્યારે ઝઘડો કરે તો ગાળો ભાંડે. *(બુખારી, મુસ્લિમ)*

પ્યારા ભાઈઓ ! હુઝૂર ﷺએ જે વાતનો હુકમ આપ્યો તેના ઉપર પહેલાં પોતે અમલ કરીને બતાવ્યો છે. ઉપરોક્ત હદીષમાં વાદાખિલાફીની બુરાઈ છે તો આવો ! જોઈએ કે હુઝૂર ﷺ પોતાની જિંદગીમાં કેટલી હદ સુધી વાદાખિલાફીથી બચતા અને કેવી સ્થિતિઓમાં હુઝૂર ﷺએ વાદા વફાઈ કરી.

હઝરત અબ્દુલ્લાહ બિન અબુલહમ્સા رضي الله عنهનું બયાન છે કે એલાને નબુવ્વત પહેલાં મેં હુઝૂર ﷺ સાથે એક સોદો કર્યો. મારે થોડીક રકમ આપવાની બાકી રહી ગઈ તો મેં વાયદો કર્યો કે હું હમણા લાવી આપુ છું તમે અહીં જ મારી રાહ જોજો. હું ગયો અને પાછો આવવાનું ભૂલી ગયો. ત્રણ દિવસ પછી મને યાદ આવ્યું તો હું તે જગ્યાએ પહોંચ્યો, ત્યારે મેં હુઝૂર ﷺને તે જ જગ્યાએ હાજર જોયા. આપ ﷺએ ફક્ત આટલું જ કહ્યું કે, હે નવજવાન ! તેં મને મુશ્કેલીમાં નાખી દીધો ! હું અહીં ત્રણ દિવસથી તારી રાહ જોઈ રહ્યો હતો ! *(અબૂ દાઊદ)*

વાદા વફાઈ નબી કરીમ ﷺની અગણિત વિશિષ્ટતાઓમાંથી એક બહુ જ વિશેષ ખુસૂસિયત છે જેને આપ નાઝુકથી નાઝુક સ્થિતિમાં પણ અદા કરતા રહ્યા. પ્યારા મિત્રો ! સુલહે હુદૈબિયાનો વાકયો સીરતે મુબારકાની બધી કિતાબોમાં તફસીલ સાથે રિવાયત કરવામાં આવ્યો છે. આ મૌકા પર એક દર્દનાક મંઝર જોવામાં આવે છે કે કુરૈશ તરફથી પ્રતિનિધિ બનેલા સુહેલ બિન અમ્ર કુરૈશી સાથે હુદૈબિયાનો કરાર નક્કી થઈ રહ્યો છે. હજુ કરાર પૂરો નથી થયો કે અચાનક સહાબાએ કિરામની નજર એક બદહાલ વ્યક્તિ પર પડી જે સાંકળોમાં જકડાયેલો હતો અને આમ તેમ પડતો અથડાતો હુઝૂર ﷺના દામનમાં પનાહ લેવા માટે આવી રહ્યો હતો. તે આપ ﷺની સામે આવી પડી ગયો અને દર્દનાક અવાજમાં કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ મને બચાવો ! પોતાની પનાહમાં લઈ લો ! આ સાંભળી મઝલૂમોના મદદગાર હુઝૂર ﷺ તેના પર પોતાનો દામને રહમત નાખવા જ ઈચ્છતા હતા કે સુહેલે કરારનું કાગળ મૂક્યું અને બૂમ પાડી ! જો તમે એને પનાહ આપી તો આ કરાર નહીં થાય ! હુઝૂરે ફર્માવ્યું, આ કોણ છે ? તો તેણે કહ્યું, આ મારો પુત્ર અબૂજન્દલ છે જે મુસલમાન થવાની સજા ભોગવી રહ્યો છે ! એને પાછો મોકલો, નહીં તો આપણા વચ્ચેનો કરાર રદ ! હુઝૂર ﷺએ ફર્માવ્યું, અમે હરગિઝ વાદાખિલાફી નહીં કરીએ. હઝરત ઉમર ફારૂક رضي الله عنهથી પોતાના ભાઈનો આ હાલ ન જોવાયો, આપે તલ્વાર કાઢી અને સુહેલ પર હુમ્લો કરવા ઈચ્છતા હતા કે એમને હુઝૂર ﷺએ રોકયા અને અબૂજન્દલને હુકમ આપ્યો કે તમે પાછા ફરી જાવ ! અને સબ્ર કરો. અલ્લાહ તમારી મદદ ફર્માવશે, કેમ કે અલ્લાહ સબ્ર કરવાવાળાઓની સાથે છે. અબૂજન્દલને ખેંચીને લઈ જવામાં આવી રહ્યા છે અને પોતાના આકા ﷺનો હુકમ પૂરો કરવામાં વાયદાના પાબંદ ગુલામ સહાબાએ કિરામ ભીની આંખોથી આ નઝારો જુએ છે અને તડપતા રહી જાય છે. આ છે વાદા વફાઈની તાલીમ અને તેનો નમૂનો ! ઈમાનવાળાઓ માટે

અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ ﷺએ વાદા વફાઈની જેટલી તાકીદ કરી છે અને પોતાની રઝામંદીનો જે રીતે ઈઝહાર કર્યો છે એવી જ રીતે એટલી જ વાદાખિલાફીની બુરાઈ પણ બયાન કરી છે, અને એના પર પોતાની નારાઝગીનો ઈઝહાર કર્યો છે. અલ્લાહ તઆલા કુર્આનમાં ઈર્શાદ ફર્માવે છે :–

"બેશક ! જે લોકો ખરીદે છે અલ્લાહના વાયદા અને પોતાની કસમોના બદલામાં થોડી કિંમત ! આ તે (બદનસીબ) લોકો છે કે તેમના માટે આખેરતમાં કોઈ હિસ્સો નથી, અને અલ્લાહ તેમનાથી વાત નહીં કરે અને ન તેમની તરફ જોશે કયામતના દિવસે, અને ન તેમને પાક કરશે અને તેમના માટે દર્દનાક અઝાબ છે. *(સૂ. આલિ ઈમરાન, આ–૭૭)*

પ્યારા વાંચક મિત્રો ! જરા વિચારો કે વાદાખિલાફી ભલે એક અખ્લાકી ગુનો છે જેના પર કોઈ હદ મુકર્રર નથી, પરંતુ આયતે કરીમામાં જે સજાઓનો ઝિક્ર કરવામાં આવી રહ્યો છે તેનાથી મોટી કઈ સજા હોઈ શકે ? ગુનો તો એક છે પણ એટલો બધો નુકસાનવાળો અને ખરાબ કે એની સજાઓ પાંચ છે : આખેરતની નેઅમતોથી મેહરૂમી, રબ તઆલા એવા વ્યક્તિ સાથે વાત નહીં કરે, અલ્લાહ તઆલાની કરમની નજરથી પણ મેહરૂમ રહેશે અને ગુનાહોની ગંદકીથી પણ પાક નહીં કરવામાં આવે. આ ચાર સિવાય બીજા દર્દનાક અઝાબ પણ તેને આપવામાં આવશે. મારા ભાઈઓ ! જે વ્યક્તિના દિલમાં જરા પણ ઈમાન છે તેના માટે આ સજાઓ વિશે વિચારવું જ પોતાની ઈસ્લાહ (સુધારણા) માટે પૂરતુ છે. કાશ ! આપણે વિચાર કરીએ કે આજે આપણા સમાજમાં બીજી બદઅખ્લાકીઓ (કુસંસ્કાર)ની જેમ વાદાખિલાફી પણ આમ છે, અને એટલા પ્રમાણમાં આમ છે કે તેને કર્યા બાદ તેના પર અફસોસનો ઈઝહાર પણ નથી કરવામાં આવતો, બલ્કે બીજાઓને ગર્વભેર ખુશીથી કહે છે કે, "મેં આજે ફલાણાની સાથે વાદાખિલાફી કરી એને છેતરી લીધો !"

### ★ પોતાની સુધારણા કરો, નહીં તો ! ★

પ્યારા ભાઈઓ ! આ આદત છોડી દો, કારણ કે કોઈ પણ કૌમ દુનિયામાં ઈજ્જત તથા વકાર મેળવવા ઈચ્છે તેના માટે જે નિશાનીઓ છે તેમાંથી એક એ કે તે કૌમના લોકોનું વાયદાના પાકા હોવુ અને એને પૂરા કરવું છે, કેમ કે વાદાખિલાફીના લીધે તે કૌમ વેરવિખેર થઈ એક બીજાથી જુદી પડી જાય છે, એક બીજા સાથે ફરેબ (ધોકા)ની આદી (આદતવાળી) બની જાય છે, પારસ્પરિક હમદર્દીનો જઝબો ખતમ થઈ જાય છે અને આવી રીતે આખી કૌમ ખુદગર્ઝીનો શિકાર બની જાય છે, મક્કારી તથા ધોકાબાઝીની આદી બની જાય છે અને બીજાઓની નજરમાં બેઆબરૂ તથા કમજોર થઈ જાય છે. જેથી હે ઈમાનવાળાઓ ! "પોતાના વાયદાઓને પૂરા કરો" જેથી ઝિલ્લત તથા બેઈજ્જતી અને તેના કારણોથી સુરક્ષિત રહો અને એક વકારવાળી કૌમ બની દુનિયામાં જીવન વિતાવી શકો.

મારા પ્યારા ભાઈઓ તથા બહેનો ! આજે આપણા સમાજમાં તો જૂઠ અને વાદાખિલાફી એટલા પ્રમાણમાં આમ છે કે જૂઠ તો બાળક દૂધ પીતુ હોય ત્યારથી જ તેને શીખવાડવામાં આવે છે, જેનુ આગળ વર્ણન થયું છે. અને રહી વાદાખિલાફી તો તે વેપારથી લઈ જિંદગીના દરેક ક્ષેત્રે જોવા મળે છે. મારા ભાઈઓ ! ગૌષે પાક رضی اللہ نی મહોબ્બતનો દાવો કરો છો તો તેમના નક્શેકદમ પર ચાલવાની કોશિશ કરો. તેમણે તો ડાકૂઓની સામે પણ જૂઠનો સહારો ન લીધો અને પોતાની માતાને કરેલા વાયદાને પૂરો કરી વાદાખિલાફીથી બચ્યા ! આપણે ફક્ત "ગૌષ કા દામન નહીં છોડેંગે !"ના નારાથી નહીં પણ તેમનો કિરદાર અપનાવીને પોતાની મહોબ્બતનો સબૂત આપવો જોઈએ. મારા ભાઈઓ ! જૂઠ અને વાદાખિલાફીથી પરહેઝ કરીને તો જુઓ, ઈન્શાઅલ્લાહ ! તમારા પર ખુદા એવો કરમ ફર્માવશે કે દીન તથા દુનિયા બંનેમાં કામયાબ થઈ જશો. અલ્લાહ તઆલાથી દુઆ છે કે નિફાકની આ નિશાઓથી આપણી હિફાઝત ફર્માવે. *(આમીન)*

# સૂફીઈઝમની
## હકીકત તેના પર વાંધા અને જવાબો

:: રજૂકર્તા ::
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

*(હપ્તો છેલ્લો.....)*

### ★ શું સૂફીઓ સન્યાસી જેમ જીવતા હતા ?! ★

વિરોધીઓ એ પણ વાંધો ઉઠાવે છે કે સૂફીઓએ સાધુ, સ્વામીઓ, પાદરીઓની જેમ દુનિયાથી સંબંધ કટ કરી લીધો હતો. અલ્લાહ તઆલાની તે નેઅમતો જે તેણે પોતાના બંદાઓ માટે પેદા કરી હતી તેનાથી તેઓ લાભ ઉઠાવવાને બદલે દૂર થઈ ગયા હતા, જ્યારે કે હદીષે પાકમાં મૌજૂદ છે : "ઈસ્લામમમાં સન્યાસને કોઈ સ્થાન નથી."

બેશક ! સૂફીઓ પ્રારંભમાં દરેક પ્રકારના હંગામાઓથી દૂર થઈને એકાંત અપનાવી લે છે અને સારુ ખાવું, સારુ પહેરવું, રાતે આરામ કરવો વગેરેને ત્યજી દે છે, પરંતુ એ એમનો જીવન ધ્યેય નથી હોતો કે એવું જ જીવ્યા કરે બલ્કે ટેમ્પરરી દિલની સફાઈ તથા નફસની તર્બિયત (કેળવણી)ના માટે એ મુજાહિદાઓને અપનાવે છે, અને જ્યારે તે મક઼સદમાં કામયાબ થઈ જાય છે અને અલ્લાહ તઆલાના ઈશ્ક઼ના નૂરથી એમના સીના મુનવ્વર થઈ જાય છે, બુરી આદતોથી તેમની તબિઅત પૂર્ણપણે નફરત કરતી થઈ જાય છે અને સારા અખ્લાક઼ો તેમની બીજી ફિતરત બની જાય છે, ત્યાર પછી (નફ્સ સાથે) જંગના ક્ષેત્રમાં ઈસ્લામનો ઝંડો લઈને તેઓ ડગ માંડે છે. તેમના તર્બિયત પામેલા નફસોના માર્ગમાં રંજ તથા મુસીબતોની કોઈ ચટ્ટાન આડ નથી બની શકતી, ઈબ્લીસની કોઈ ધોકાબાજી તેમને પ્રભાવિત નથી કરી શકતી, બલ્કે તેઓ અડગતાના પયકર બનીને તસ્લીમો રઝાના કાંટાળા માર્ગે ધીરે ધીરે પસાર થતા ચાલ્યા જાય છે. અને **તે શખ્સ જે પોતાની જિંદગી ઈસ્લામના માટે વક઼્ફ઼ કરવા ચાહતો હોય અને દુનિયાના ખૂણે ખૂણે આ પયગામે હક઼્ક઼ને પહોંચાડવા માટે મેદાનમાં નીકળવા માંગતો હોય તેના માટે અનિવાર્ય છે કે તે પ્રથમ તઝકિયાએ ક઼લ્બ (દિલની સફાઈ) તથા નફસની તર્બિયતની કઠિન મંઝિલોને કામયાબીથી પાર પાડી લે,** જો તેમાં જરા પણ ખામી બાકી રહી તો તેની અદના સરખી ગલતી ઈસ્લામની પ્રતિષ્ઠાને સખત નુકસાન પહોંચાડવાનો સબબ બનશે.

આજે જ્યારે આપણે ઈસ્લામની તબ્લીગના માટે ઈલ્મને જ પૂરતો સમજીએ છીએ અને ઈબાદત રિયાઝત, મુજાહિદાને ગૈર જરૂરી બલ્કે કેટલાક ઈસ્લામ વિરૂદ્ધની ચીજ ઠરાવે છે ! તો આપણી તબ્લીગનો રંગ જ બદલાઈ ગયો છે, વાતમાં અસર છે ન વઅઝ તથા નસીહતમાં કોઈ પરિણામ મળે છે અને આપણી અખ્લાક઼ી કમજોરીઓ ડગલે ને પગલે જાહેર થાય છે જે ઈસ્લામની મઝાકનો સબબ બને છે. તમે વિચારો કે કાફિરોની સાથે ઘમસાણની લડાઈ શરૂ છે, તમે સૈનિકની ભરતી કરો છો, તો શું તેમને ભરતી કર્યા બાદ તરત જ જંગના મેદાનના તરફ રવાના કરી દેશો કે પછી જંગના મેદાનથી ખૂબ દૂર એક છાવણીમાં મોકલશો જ્યાં ફોજી કાયદા ક઼ાનૂન ઉપરાંત શસ્ત્રો વાપરવાની કલા શીખશે અને જ્યારે તેઓ એ ટ્રેનિંગ પીરિયડને સંપૂર્ણ કરી લેશે ત્યારે તેઓ એના પાત્ર થશે કે તેમને જંગના મેદાનમાં કોઈ આમના સામનાવાળી જગાએ નિયુક્ત કરવામાં આવે. જો તમે ઉતાવળમાં નવા નવા સૈનિકોને તરત જ

જંગમાં ધકેલી આપશો તો તેઓ દુશ્મનને બદલે પોતાના દોસ્તોને નુકસાન પહોંચાડશે, અને એ પણ બને કે તેઓ ખૂદ પોતાની જ ગોળીનું નિશાન બની જાય.

સન્યાસી, સાધુ, સ્વામીઓ તથા ઈસાઈઓની નજીક રહબાનિયત (સન્યાસીપણુ) જીવનનો હેતુ છે, તેઓ જીવનભર અપરણિત રહી સંસાર ત્યાગે છે અને તેઓ સદા માટે દુનિયાથી અલગ થઈને જિંદગી પસાર કરવામાં જ સલામતી તથા નજાત સમજે છે. સૂફિયાએ કિરામને ત્યાં આવો કોઈ ખયાલ તદન નથી. **સૂફિયાએ કિરામની જિંદગીઓનો અભ્યાસ કરવામાં આવે તો ચમકતા સૂરજની જેમ એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે તેમણે દુનિયાનો ત્યાગ કરવાની સૂચના નથી આપી બલ્કે દુનિયાના માપ વિનાના ઉપયોગ તથા તેની મહોબ્બતમાં ગુમ થઈ જવાથી મના કરી છે. તેમણે શાદીઓ કરી, તેમનાં બીવી બચ્ચાં હતાં, તેમનાં પોતાનાં અંગત મકાનો તથા હર્યા ભર્યા ખેતરો હતાં. આ વાસ્તવિક્તાઓની મૌજૂદગીમાં તેમના પર રહબાનિયત (સન્યાસ)નો આક્ષેપ કઈ રીતે યોગ્ય ગણાશે.** અને કુર્આને કરીમનો હુકમ છે, અલ્લાહ તઆલા પોતાના ખાસ બંદાઓની આ પ્રમાણે પ્રશંસા કરે છે ! :–

''رِجَالٌ لَا تُلْهِيْهِمْ تِجَارَةٌ وَّلَا بَيْعٌ عَنْ ذِكْرِاللهِ'' અા તે પાકબાઝ મર્દો છે કે અલ્લાહ તઆલાના ઝિક્રથી તેમને ન તિજારત ગાફેલ કરી શકે છે અને ન ખરીદ વેચાણ.''

હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہનો ઈર્શાદ પણ સાંભળો ! :–

''દુનિયા ત્યાગનો અર્થ એ નથી કે કોઈ માણસ પોતે પોતાને નગ્ન કરે અને લંગોટ બાંધીને બેસી જાય, બલ્કે અમારી નજીક દુનિયા ત્યાગ એ છે કે લિબાસ પણ પહેરે, ખાવા પણ ખાય અને હલાલની જે ચીજો મળે તેનો ઉપયોગ પણ કરે, પરંતુ દૌલતને ભેગી કરવાની તરફ આકર્ષિત ન થાય અને દિલમાં તેને જગા ન આપે.''

### ★ શું સૂફીઈઝમ કોઈ નશો છે જે અમલને પાંગળો કરે છે ?! ★

વિરોધીઓ કહે છે કે, ''તસવ્વુફ એક નશો છે અને સૂફીઓએ મિલ્લતના અમલની મજબૂતીને કમજોર બલ્કે લક્વાગ્રસ્ત કરીને રાખી દીધી છે. તેમનો એ આગ્રહ છે કે લોકોએ જોઈએ કે તસવ્વુફની બનાવેલી સોનેરી રૂપેરી જંજીરોથી પોતાનો છૂટકારો કરાવે અને તસવ્વુફ (સૂફીઈઝમ)ના પેદા કરેલા કાલ્પનિક વાતાવરણમાંથી નીકળીને વાસ્તવિક્તાની કડવી સચ્ચાઈઓથી ભેટવા તેયાર થઈ જાય.''

અમે ખૂબ જ જિમ્મેદારી તથા ખાત્રીપૂર્વક કહીએ છીએ કે **આ આક્ષેપ સરાસર ગલત તથા પાયાહિન છે**, હક઼ીક઼ત એનાથી ઉલ્ટી છે, એ બુઝુર્ગોએ (સૂફીઓએ) મિલ્લતની મુર્દા રગોમાં હમેશાં નવી રૂહ ફૂંકી છે. તેમની ફયઝે નિગાહથી હોસલાઓમાં બુલંદી, નિશ્ચયોમાં મજબૂતી, વલવલાઓમાં સ્ફૂર્તિ અને અમલી શક્તિ, વીજળીક ઝડપ તથા ચમક પેદા થાય છે. તમો જરા પૂર્વગ્રહની પટ્ટી હટાવી દો અને ઈસ્લામની તબ્લીગની ચળવળના જવાંમર્દ ઝંડાધારીઓના નક઼્શે ક઼દમને જોતા જોતા તે મેદાનો સુધી પહોંચવાની કોશિશ કરો જ્યાં હક઼્ક઼ે બાતિલ પર ક઼ાયમી જીત મેળવી લીધી છે.

### ★ અખંડ ભારતમાં ઈસ્લામ કોણે ફેલાવ્યો ? ★

અખંડ ભારત પર એક ઉડતી નજર નાખો, સંજરનો એક દરવેશ (ખ્વાજા ગરીબ નવાઝ) ઈસ્લામની તબ્લીગના જઝબાથી ચૂર થઈને પોતાના વતનને છોડે છે, પોતાના કુટુંબીઓ સગાંઓને અલવિદા કહે છે, પોતાની માલ દૌલત તથા સ્થાયી સંપત્તિથી હાથ ખંખેરીને એકલો બુતક઼દાએ હિંદનું રૂખ કરે છે. અહીં (હિંદમાં) કેટલાય એવા ખૂણાઓ

હતા જ્યાં ઈસ્લામે કદમ જમાવી લીધા હતા તો કોઈ આસાન જગાએ ચાલ્યો જાત ! પરંતુ એના હોસલાની બુલંદી અને અને એના ઈરાદાની અડગતા અને એના જોશની તીવ્રતા એને રાજપૂતોના એ ઈલાકામાં લઈ જાય છે જ્યાં કુફ્રની કાળી રાત છવાયેલી છે, એક સર્વ સત્તાધીશ રાજા ત્યાંનો સત્તાધારી છે, તે (દુરવેશ) જાલિમ (પૃથ્વીરાજ) રાજાના રાજ્યના કોઈ દૂરના ખૂણાને પોતાનું રહેઠાણ નથી બનાવતો બલ્કે તેની રાજધાની (અજમેર)માં જઈને પોતાનો મુસલ્લો બિછાવી દે છે ! આખી આબાદી મૂર્તિપૂજક છે અને પોતાના તે શિર્કમય અકીદાઓમાં અતિશયોક્તિ કરી રહી છે. તેઓ પોતાના તે મઅબૂદોની વિરુદ્ધ કોઈ વાત સાંભળવાનું માન્ય નથી કરી શકતી, મોટા મોટા બ્રાહ્મણો એ લોકોના અકીદા તથા માન્યતાની રક્ષાના માટે દરેક પ્રકારના ઈલ્મો તથા (જાદૂ વગેરે) વિદ્યાઓથી સજ્જ છે. સત્તાના સિંહાસન પર પૃથ્વીરાજ જેવો જાલિમ તથા જાબિર રાજા બિરાજમાન છે. આવા વિપરિત વાતાવરણમાં જે શખ્સ હક્કની દા'વત આપે છે અને દરેક પ્રકારના ખતરાઓના સામે છાતી તાણીને ઉભો થઈ જાય છે અને પછી **ઈસ્લામના પરચમને એવી રીતે લહેરાવે છે કે તેને સદીઓની ક્રાંતિ પર નમાવી નથી શકતી. તે શખ્સ કોણ છે ? તે એક સૂફી છે ! તસવ્વુફ (સૂફીઈઝમ)ના રંગમાં તેનું જાહેર તથા બાતિન (અંતર), તેનું દિમાગ, તેનું દિલ, તેની સોચ અને તેની જીભ સૌ રંગાયેલાં છે ! શું આવા શખ્સના બારામાં તમે એવું કહી શકો છો કે તેની તા'લીમાત અમલની મજબૂતીને લક્વાગ્રસ્ત કરી દેનારી છે, તે જીવન સંગ્રામથી ફરારનો માર્ગ બતાવે છે ?!** જો તમારામાં એ હિંમત છે તો તમે કહો અને કહેતા રહો, પરંતુ તમારા આ શોર મચાવવાથી હકીકત નષ્ટ નથી થઈ શકતી. **તે દરવેશની (ખ્વાજા ગરીબ નવાઝની) જ ખાનકાહના ફયઝ પામેલા સૂફીઓ હિંદુસ્તાનના પૂર્વ પશ્ચિમમાં ફેલાય જાય છે અને કુફ્ર તથા શિર્કનો અંધકાર જે સદીઓથી અહીં તંબૂઓ જમાવી બેઠો હતો તેને પોતાના કલંદરાના નારા વડે નેસ્તોનાબૂદ કરીને રાખી દે છે.** કાશ ! આ પ્રકારના નુફૂસે કુદ્સિયા (પવિત્ર નફ્સો) મિલ્લતને હમેશાં મયસ્સર થતા.

### ★ દુનિયામાં ઈસ્લામના પ્રચારમાં સૂફીઓનો કિરદાર ★

કદાચ વાંધો ઉઠાવનારાઓના ઈલ્મમાં નહીં હોય કે જ્યારે ચંગેઝી તોફાને ઈસ્લામી જગતને વેરવિખેર કરીને રાખી દીધુ હતું, હજારો આબાદ શહેરો વેરાન કરી દેવામાં આવ્યા હતાં, લાખો બેગુનાહોને કત્લ કરી દેવામાં આવ્યા હતા, સૌથી સુંદર શહેર બગદાદની ઈંટથી ઈંટ બજાવી દેવામાં આવી હતી, બુદ્ધિ તથા શાણપણથી સોચનારા ઈસ્લામના ભાવિ બાબતે નિરાશ થઈ ગયા હતા ! ત્યારે ખબર છે તમને કે આ ખતરનાક તોફાનનું રુખ કોણે ફેરવી દીધું હતું ?! **કોણે ઈસ્લામના દુશ્મનોને ઈસ્લામની શમ્અના પરવાના બનાવી દીધા હતા ? તે આ જ સૂફીઓના ટોળાની વ્યક્તિ હતી જેની એક નજરે સમગ્ર વાતાવરણમાં હલચલ મચાવી દીધી હતી** ! ઈશારો પામતાં હલાકૂખાનના પુત્ર તગૂદારખાનને ઈસ્લામની દા'વત આપવાના માટે તશરીફ લાવ્યા. તે શિકારથી પરત આવી રહ્યો હતો. પોતાના મહેલના દરવાજા પર એક દરવેશને જોઈને તેણે મઝાકમાં પૂછ્યું, **"હે દરવેશ ! તમારી દાઢીના વાળ સારા છે કે મારા કૂતરાની પૂછડી ?!"** આ બેહૂદા સવાલ પર આપ તદ્દન ગુસ્સે ન થયા અને ખૂબ જ સંયમપૂર્વક ફર્માવ્યું, **"જો હું મારી જાંનિષારી તથા વફાદારીથી મારા માલિકની ખુશ્નુદી (રાજીપો) હાંસલ કરી લઉં તો મારી દાઢીના વાળ સારા છે, નહીં તો તમારા કૂતરાની પૂછડી સારી છે જે આપનું આજ્ઞા પાલન કરે છે અને આપના માટે શિકારની સેવા આપે છે."** તગૂદારખાન આ અણધાર્યા જવાબથી ખૂબ જ પ્રભાવિત થયો અને આપને મહેમાનની હૈસિયતથી

પોતાની પાસે રોક્યા, અને આપની કોશિશથી તેણે પર્દા પાછળ ઈસ્લામ સ્વીકારી લીધો પણ પોતાની કૌમના વિરોધના ડરથી તેની જાહેરાત ન કરી. પછી તેમને એવું કહીને વિદાય કર્યા કે હાલ આપ જાવ, મારી કૌમને હું માનસિક રીતે ઈસ્લામ સ્વીકાર માટે તૈયાર કરીશ, જેથી આપ વતન પરત થઈ ગયા.

અમુક અરસા પછી આપનો ઈન્તેકાલ થઈ ગયો. વફાતથી પહેલાં પોતાના પુત્રોને વસિયત કરી કે તેઓ તગૂદારખાનની પાસે જાય અને તેને પોતાનો વાયદો અપાવે. અમુક સમય બાદ તેઓ તગૂદારખાનની પાસે પહોંચ્યા અને પોતાની ઓળખ આપી અને પોતાના આવવાનો સબબ દર્શાવ્યો. તેણે કહ્યું, અન્ય સર્વ સરદાર ઈસ્લામ સ્વીકારવા તૈયાર છે પરંતું ફલાણો સરદાર હજી ઈસ્લામ સ્વીકારવા તૈયાર નથી, જો તે સીધા માર્ગે આવી જાય તો આ મુશ્કેલી સરળ થઈ શકે છે. આપે તેને બોલાવી મંગાવ્યો અને તબ્લીગ કરી. તેણે કહ્યું, મારી આખી જિંદગી જંગના મેદાનમાં ગુજરી છે જેથી હું ઈલ્મી દલીલો નથી સમજી શક્તો, મારી એક જ માંગણી છે કે આ દરવેશ મારા પહેલવાન સાથે મુકાબલો કરે, જો એને પછાડી આપે તો હું મુસલમાન થઈ જઈશ ! તગૂદારખાને આપનું દુબળુ પાતળુ કમજોર શરીર જોઈને આ માંગણીને રદ કરવા ચાહ્યું, પણ આપે એ ચેલેન્જને મંજૂર કરી લીધી. મુકાબલાના માટે તારીખ તથા સ્થળ નક્કી થઈ ગયું. નિશ્ચિત દિવસે અસંખ્ય લોકો આ અજીબો ગરીબ દંગલ જોવા માટે એકત્ર થઈ ગયા. એક તરફ દુબળો પાતળો કમજોર અતિ વૃદ્ધ માણસ અને બીજી તરફ હટ્ટો કટ્ટો તંદુરસ્ત નવજુવાન ! તગૂદારખાને ખૂબ જ કોશિશ કરી કે આ મુકાબલો ન થાય પરંતુ તે દરવેશ મુકાબલો કરવા આગ્રહી રહ્યા. જ્યારે બંને પહેલવાન અખાડામાં નીકળ્યા તો આપે એટલા જોરથી પોતાના હરીફને એક તમાચો માર્યો કે તેનુ માથુ ફાટી ગયું, તે બેહોશ થઈને જમીન પર પડી ગયો. તે સરદાર વાયદા પ્રમાણે મેદાનમાં નીકળ્યો અને આપના હાથને બોસો આપ્યો અને પોતાના મુસલમાન થવાનું એલાન કરી દીધું. તગૂદારખાને પણ પોતાના ઈમાનની જાહેરાત કરી અને પોતાનું નામ અહમદ રાખ્યું.

હલાકૂખાનનો એક કાકાનો છોકરો હતો જેનું નામ બરકા હતું તેને પણ હઝરત શયખ શમ્સુદ્દીન બાખૂરીએ ઈસ્લામથી પાવન કર્યો. **આ રીતે આ પાક આદતોવાળા સૂફીઓની ઈમાની બહાદુરીએ તથા હૃદયાકર્ષક તબ્લીગી તરીકાથી સનમખાનાથી કા'બાના પાસબાન મળી ગયા.**

કુસ્તુન્તુનિયાની ફતહનો બનાવ એ ઈસ્લામી ફતહોમાંનો એક અજોડ બનાવ છે. તમો જાણો છો કે ૨૨ વર્ષના સુલ્તાન મુહમ્મદને કોણે એ કઠિન ચળ વળને સર કરવા માટે ઉત્તેજીત કર્યો હતો ? તે એક સૂફી હતા (હઝરત આકા શમ્સુદ્દીન) જે સુલ્તાન મુહમ્મદના મુર્શિદે તરીકત હતા. તેમના પ્રોત્સાહન તથા બશારતે આ અજોડ કારનામુ અંજામ આપ્યુ.

જે સૂફીઓની ઉમદા કોશિશોના સદકામાં દુનિયામાં ઈસ્લામ ફેલાયો, કિલ્લા તથા શહેરો ફતહ થયાં, કૌમો તથા દેશોનાં મુકદ્દર સવર્યાં, તેમના બારામાં આ દેશના લોકો એવું કહે કે તસવ્વુફ (સૂફીપણુ) એક નશો છે, ચિંતન તથા વિચારણાની શક્તિઓને નિષ્ક્રિય કરી દે છે, અમલની મજબૂતીને અપંગ બનાવી દે છે તો આ જુલ્મ પર કોને શિકાયત કરવામાં આવે !

### ★ સૂફીઓ વિશે ગૈરો શું કહે છે ?! ★

આવો ! ગૈરોને પૂછીએ કે તેઓ સૂફીઓના બારામાં શું મંતવ્ય ધરાવે છે. પ્રો. ખલીક અહમદ નિઝામીનું એક લખાણ વાંચો :–

''યૂરોપના મુસ્તશ્રિક જ્યારે ઈસ્લામી ઈતિહાસનો અભ્યાસ કરે છે તો તેમને એ જોઈને આશ્ચર્ય થાય છે કે મુસલમાનોની રાજકીય પડતી કદી તેમના દીની નિઝામ (વ્યવસ્થા)ને તબાહ ન કરી શકી, બલ્કે પ્રોફેસર હિટ્ટીના કથનાનુસાર મોટા ભાગે એવું થયું કે ઈસ્લામની રાજકીય અતિ અંધકારમય પળોમાં મઝહબી ઈસ્લામે અમુક

અતિ શાનદાર કામયાબીઓ હાંસલ કરી. હોલેન્ડના એક પોસ્ટ ગ્રેજ્યુએટે દબાયેલા શબ્દોમાં આ વાત પર આશ્ચર્ય પ્રદર્શિત કર્યું કે ઈસ્લામનું રાજકીય અધઃપતન તો વારંવાર થયું પરંતુ રૂહાની ઈસ્લામમાં પ્રગતિનો ક્રમ સતત ચાલુ રહ્યો. *(તારીખે મશાઈખે ચિશ્ત, પેજ-૯)*

મઝકૂર પ્રોફેસરે એક મશહૂર મુસ્તશ્રિક્ એચ.એ. આર્ગબ (GIBB)ના એક પ્રવચનનો પણ હવાલો આપ્યો છે જે તેમણે ઓક્સફર્ડ યુનિવર્સિટીની મજલિસના સમક્ષ કર્યું હતું. આર્ગબે કહ્યું :–

"ઈસ્લામી ઈતિહાસમાં અનેકવાર એવા મોક઼ાઓ આવ્યા કે ઈસ્લામી સંસ્કૃતિ (કલ્ચર)નો સખ્તીપૂર્વક મુક઼ાબલો કરવામાં આવ્યો, પરંતુ તેમ છતાં તેને દબાવી ન શકાયું, તેનું મહાન કારણ એ છે કે તસવ્વુફ (સૂફીઈઝમ) અથવા સૂફીઓની વિચાર શૈલી તુરત જ એની મદદે આવી જતી હતી અને તેને પોતાની શક્તિ તથા મજબૂતી આપી દેતી હતી જેથી કોઈ શક્તિ એનો મુક઼ાબલો કરી શકતી ન હતી."

ઈસ્લામના વિરોધીઓ અને બુરુ ચાહનારા તો આ તોફાની શક્તિનો અંદાજો કરીને કાંપી રહ્યા છે જે તસવ્વુફ (સૂફીઈઝમ)ના મીઠા ઝરણાના મૂળેથી મિલ્લતને હાંસલ થાય છે, અને આ બાજુ કહેવાતા મુસ્લિમો છે કે આવી લઘુતાગ્રંથિમાં પીડાઈ રહ્યા છે અને શંકાકુશંકાઓ ખડી કરીને આ સફાઈ કરનાર ઝરણાને ડહોળુ કરવા મથી રહ્યા છે.

તસવ્વુફ (સૂફીઈઝમ)નો ઈતિહાસ તથા સૂફિયાએ કિરામની પવિત્ર જિંદગીઓને જોઈને એક ન્યાયપ્રિય વ્યક્તિ એ નિર્ણય કરવા પર મજબૂર બને છે કે **ઈસ્લામ સાથે તસવ્વુફને તે જ સંબંધ છે જેવો કે રૂહને શરીર સાથે છે, ખુશ્બુને ફૂલની પાંખડી સાથે છે અને રોશનીને ચંદ્ર સાથે છે.** જ્યારથી તસવ્વુફની તરફ આપણુ આકર્ષણ ઘટી ગયું છે ત્યારથી ઈબાદતોના ગુલશનમાં જે ફૂલો ખિલે છે તે એ મહકથી વંચિત છે, અમલોનાં જે ઝાડો છે તે ફળ થી વંચિત છે, શરીર તો બારગાહે ઈલાહીમાં ઝુકે છે પરંતુ રૂહને ખબર સુદ્ધાં નથી થતી ! જીભ તસ્બીહ વ તહલીલમાં વ્યસ્ત થાય છે પણ દિલ કોઈ અન્ય રણમાં ભટકી રહ્યું હોય છે, ન ઈબાદતોમાં મજા રહી ન અમલોની નૂરાનિયતના જલ્વા નજર આવે છે.

### ★ અંતમાં જરૂરી ગુઝારિશાત ★

વર્તમાનકાળ ભૌતિકવાદી છે, દરેક વ્યક્તિ ભૌતિક સંપત્તિ, ભૌતિક લિજ્જતો તથા મજાઓ અને ભૌતિક શાનો શૌકતની પ્રાપ્તિના માટે દીવાનાવાર કામમાં લાગેલો છે. આ દૌરમાં એને એની તદ્દન કોઈ પરવા નથી કે પાકીઝા અખ્લાક઼ી પ્રતિષ્ઠાઓ કઈ રીતે પાયમાલ થઈ રહી છે, રૂહાનિયતનો સુશોભિત ચહેરો શાથી બેડોળ થઈ રહ્યો છે અને દિલની દુનિયા લોભ લાલચ અને હસદ તથા કીનાની ગંદકીઓથી કેટલા અંશે બદ્‌બૂદાર થઈ રહી છે. જો આ દીવાનગી આપણને કોઈ સારા પરિણામથી મિલાવી દેત તો અમે જરા પણ એના વિરુદ્ધ વિરોધનો અવાજ બુલંદ ન કરત, પરંતુ આપણે ઉખાડી આંખોએ જોઈ રહ્યા છીએ કે **આપણે ખૂબ જ ઝડપભેર પડતી તથા અધોગતિની નિકટ થતા જઈ રહ્યા છીએ, અને આ એવો ખાડો છે જેમાં જે ક઼ૌમ પડી છે પછી એને ઉભરવાનુ નસીબ નથી થયું. મિલ્લતના શુભેચ્છકો પર ફર્ઝ બને છે કે તેઓ પોતાની સર્વ ઈલ્મી, રૂહાની તથા અમલી ક઼ાબેલિયતોને કામે લગાડીને પોતાની ક઼ૌમને એ ખાડામાં પડવાથી બચાવે. એનો સૌથી અસરકારક તરીક઼ો એ છે કે એ પાકીઝા ફિતરત હસ્તીઓનો સાફ સુથરો કિરદાર પેશ કરે જ્યાં લિલ્લાહિયત, ખુલૂસ, ક઼નાઅત (થોડામાં સંતોષ), બેપરવાઈ, ઉચ્ચ હિંમત, બહાદુરી, સખાવત તથા દરેક માનવીથી પુષ્કળ હમદર્દીના અન્વાર (કિરણો) દિલ તથા દષ્ટિને રોશની બખ્શી રહેલ હોય. અને આ સર્વ ખૂબીઓ પોતાની પૂરી ચમક દમક સાથે સૂફિયાએ કિરામના જીવન ચરિત્રોમાં જ મયસ્સર થઈ શકે છે.**

અંતમાં એક અદના ગુઝારિશ કરવાની પરવાનગી

ચાહું છું કે કોઈ **વલીએ કામિલના સજ્જાદાનશીનની જિમ્મેદારીઓ** ખૂબ જ મહત્વની હોય છે. અકીદતમંદો પોતાના શયખના જાનશીનથી ખૂબ જ અપેક્ષાઓ રાખે છે, એટલા માટે સજ્જાદાનશીન માટે અનિવાર્ય છે કે ઈલ્મ તથા વિદ્યામાં પણ ઉચ્ચ કક્ષાએ હોય અને અખ્લાક઼ તથા કિરદારમાં પણ દષ્ટાંતરૂપ હૈસિયતનો માલિક હોય. એટલા માટે એમને દરખાસ્ત છે કે પોતાની જાહેરી તથા બાતિની ઔલાદમાંથી જે ફરઝંદને તે પોતાની જાનશીની માટે સિલેક્ટ કરે તેની તા'લીમી તથા અખ્લાક઼ી કેળવણી પ્રતિ ખાસ ધ્યાન કરે, તે પ્રાચીન અર્વાચીન એજ્યુકેશનનો માહિર બને, "મશહૂર" આલિમ, યુનિવર્સિટીઓનો ફાઝિલ બને અને તેની સાથે સાથે તેનો અખ્લાક઼ તથા કિરદાર એટલો ઉચ્ચ હોય કે કોઈ બુરુ ઈચ્છનાર આંગળી ન ચીંધી શકે. આવા હોનહાર સપૂત જ આ પુરફિતન દૌરમાં ફક઼ીરી તથા દુરવેશીની શમ્અને રોશન રાખી શકે છે. ડો. ઈકબાલે સાચુ કહ્યું છે :–

*હવા હૈ તંદો તેઝ લેકિન ચિરાગ અપના જલા રહે હૈ*
*વો મર્દે દરવેશ જિસકો હક઼્ક઼ને દીએ હૈ અંદાઝે ખુસ્રવાના*

વિરોધીઓ આ તસવ્વુફના ક્રમને કોશિશો છતાં ન નુકસાન પહોંચાડી શક્યા ન ભાવિમાં પહોંચાડી શકશે. આપણને જે નુકસાન પહોંચાડયું છે તે જાહિલ તથા કમજોર કિરદારના સૂફી બની બેઠેલાઓએ જ પહોંચાડયું છે. *(મક઼ાલાત, અઝ : પીર કરમશાહ અઝહરી)*

એક વાત ખાસ ધ્યાનમાં રાખશો કે અમે એ વાતથી ઈન્કાર નથી કરતા કે સૂફીઓની સફોમાં એવા લોકો ઘૂસી ગયા છે જે જાહેરી રીતે આબિદ તથા ઝાહિદ હોવાનો ઢોંગ કરે છે પણ અસલમાં તેની પાછળ તેમનો હેતુ માલ તથા વાહ વાહ કમાવાનો છે, પરંતુ મને બતાવો કે માનવજીવનના કયા ક્ષેત્રમાં આ બનાવટી લોકો નથી ?! સ્કોલર્સ, ડોકટર્સ, પ્રોફેસરો, ટીચરો, ન્યાયાધિશો, વેપારીઓ, કલાકારો સર્વ ઠેકાણે આવા લોકો મૌજૂદ છે જેઓ પોતાના ગૃપના માટે બદ્‌નામીના સબબ છે. પરંતુ તેમ છતાં એમના વજૂદથી સાચા સત્યપંથી લોકોથી મળતો લાભ ઓછો નથી થતો, તો બનાવટી સૂફીઓના કારસ્તાનોથી અસલ સાચા સૂફીઓની મહાનતાને કાંઈ આંચ આવવાની નથી. અમે જે સૂફીઓની ચર્ચા કરી તે સાચા અર્થમાં સૂફી લક઼બને પાત્ર છે, નહીં તો લો ! બનાવટી સૂફીઓ વિશે સાચા સૂફીઓએ શું દર્શાવ્યું તે પણ જોઈ લો.

### ★ "બનાવટી સૂફી" વિશે સાચા સૂફીઓ શું કહે છે ? ★

કેટલાક જાહિલ પીરો "પીરકા બેટા પીર" એમ વિના લાયકાતે વારસાગત સજ્જાદા બની જાય છે અને **ઈલ્મે દીન હાંસલ કર્યા વિના તરીક઼તના શહનશાહ બનવાની ડંફાસો મારે છે અને પોતાની વાકછટાથી પબ્લિકને આંજી દઈને શરીઅતથી તથા અમલોથી બેપરવા થઈ જાય છે, દાઢીઓ ટૂંકાવી કે મૂંડાવીને ફરે છે, તો કેટલાક અનેક વિંટીઓ આંગળીઓમાં પરોવીને અને કેટલાક તો નમાઝો ત્યજી દઈને લોકોમાં રૂઆબ છાંટે છે કે અમે તો મક્કામાં નમાઝ પઢીએ છીએ.....વગેરે.** તો એવા લોકોની શાન ઠેકાણે લાવવા અંતમાં મહાન સૂફી બુઝુર્ગોની કિતાબોમાંથી અમુક વાતો રજૂ કરીએ છીએ તો પબ્લિક પણ તેવાઓને ઓળખી લે અને અલ્લાહ તૌફીક઼ આપે તો એવા બની બેઠેલા પીરો સૂફીઓ પણ તૌબા કરીને તસવ્વુફની પાકીઝા રાહને બદ્‌નામ કરવાથી બચે.

**સયફુલ ગ઼ૌષુલ આ'ઝમ** નામની કિતાબમાં છે કે : **"બનાવટી સૂફી કહે છે કે** જ્યારે બંદો મહોબ્બતના સ્થાને (એટલે કે તરીક઼તમાં) પહોંચી જાય છે તો એના માટે શરીઅતની બધી અમરો નેહી (શરીઅતના હુકમો) રદ થઈ જાય છે. (એટલે કે માફ થઈ જાય છે) એના કારણે તેઓ નમાઝ નથી પઢતા, રોઝા, નથી રાખતા, હરામને હલાલ સમજે છે, તેથી એટલા માટે આ બધા કાફિર જહન્નમી થઈ ગયા અને કાયમ માટે દોઝખમાં સબડીને અઝાબ ચાખતા રહેશે."

**અન્વારુલ આરિફીન** માં છે કે **હઝરત મુજદ્દિદ અલ્ફેષાની** ફર્માવે છે કે :–

''અહવાલ (કશ્ફની હાલત) શરીઅતના તાબા હેઠળ છે. અને શરીઅત કતઈ છે અને ખુદાની વહીથી સાબિત થયેલ છે. અને અહવાલ ઉમૂરે ઝન્ની (ધારણાથી નક્કી થયેલ) છે જે કશ્ફ અને ઈલ્હામથી સાબિત છે.''

એના પછી હઝરત ફર્માવે છે કે :–

''કેટલાક અધુરા દરવેશ (બનાવટી સૂફી) પોતાના કશ્ફ પર ભરોસો કરીને શરીઅતે મુતહ્હરાનો ઈન્કાર અને વિરોધ કરવા લાગે છે. જો હઝરત મૂસા કલીમુલ્લાહ علیہ السلام પણ હુઝૂર ﷺના સમયમાં હોત તો એમને પણ નબી ﷺની પૈરવી કર્યા વગર કોઈ રસ્તો ન હતો, તો પછી આ કોરબાતિનો (દિલના આંધળા એટલે બનાવટી સૂફી)ને વિરોધ કરવાનો શું હક્ક છે ?''

**મરગૂબુલ કુલૂબ**માં હુઝૂર ﷺની એક હદીષ નકલ કરવામાં આવી છે કે હુઝૂર ﷺ ફર્માવે છે :–

**''જે શખ્સ ઈલ્મે દીન પ્રાપ્ત કર્યા વગર ઝાહિદ (દુનિયાથી મોઢું ફેરવી લઈને ખુદાની નજદીકી પ્રાપ્ત કરવાવાળો) બને છે તે જીવનના અંતકાળમાં પાગલ થઈ જાય છે.''** *(હવાલો : ઈલ્મે દીનનું મહત્વ તથા સૂફીપણાની વાસ્તવિક્તા, અઝ : હઝરત મૌલાના કારી અબ્દુલ કલામ રઝવી)*

**ઈમામ શાફઈ** رضی اللہ عنہ ફર્માવે છે કે, **''અલ્લાહ તઆલાએ કદી પણ કોઈ જાહિલ (અજ્ઞાની)ને પોતાનો વલી બનાવ્યો નથી.''**

**ગૌષ પાક** رحمۃ اللہ علیہ તરીકતની રાહ પર ચાલનાર સૂફીની ઓળખ દર્શાવતાં ફર્માવે છે :–

''ખુદા સિવાય કોઈ ચીજની તરફ ધ્યાન ન લઈ જાય (તરીકતની રાહ પર ચાલનાર) જે એવું ઈચ્છે તે એનાથી નકકી કરેલી હદોને (શરીઅતને) કદી ન ઓળંગે અને એના દરેક 'અમરો નેહી' (કામ કરવા કે ન કરવાના હુકમો)ની હિફાઝત કરે. જો શરીઅતની હદોમાંથી કોઈ હદમાં ખલેલ પાડશે તો જાણી લે કે તું ફિત્નામાં પડેલો છે, નિઃશંક ! શૈતાન તારી સાથે રમત કરી રહેલ છે, તો તું તરત જ શરીઅતના હુકમ તરફ પાછો વળી જા અને એને વળગી જા અને પોતાના નફસની ઈચ્છાઓ છોડી દે, એટલા માટે કે જે હકીકત શરીઅતની દ્રષ્ટિએ સ્વીકાર્ય ન હોય તે હકીકત બાતિલ છે. *(તબકાતુલ ઔલિયા)*

**આ જ ગૌષે પાક** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે :–

''ફિકહનો ઈલ્મ પ્રાપ્ત કર ! ત્યાર બાદ ખલ્વતનશી (દુનિયાથી સંબંધ છોડી ખૂણામાં બેસી ઈબાદત કરનાર) બન. જે ઈલ્મ વગર ખુદાની ઈબાદત કરશે તે જેટલું સમારશે તેના કરતાં વધુ બગાડશે. પોતાની સાથે ખુદાની શરીઅતની શમ્આ લઈ લે.'' *(બેહજતુલ અસરાર)*

**સૈયદુત્તાએફા હઝરત જુનૈદ બગદાદી** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે :–

''જેણે ન કુર્આન યાદ કર્યું ન હદીષ લખી એટલે કે **જે શરીઅતના ઈલ્મથી માહિતગાર નથી તો તરીકતના વિષયમાં એનું અનુસરણ ન કરો અને એને પોતાનો પીર ન બનાવો,** કારણ કે આપણો આ તરીકતનો ઈલ્મ એકદમ કુર્આન અને હદીષનો પાબંદ છે.'' *(રિસાલએ કુશૈરિયહ)*

**સુલતાનુલ આરિફીન હઝરત બાયઝીદ બોસ્તામી** رحمۃ اللہ علیہ ફર્માવે છે કે :–

''જો તમે કોઈ વ્યકિતને જુઓ કે એવી કરામત પામેલ છે કે હવા ઉપર પલાંઠી વાળી બેસી શકે છે તો એનાથી છેતરાશો નહીં, જ્યાં સુધી એ ન જુઓ કે ફર્ઝો તથા વાજિબો અને મકરૂહ તથા હરામ તદ્ઉપરાંત શરીઅતની હિફાઝત માટેના જરૂરી આદબોમાં એની શું હાલત છે ?'' *(રિસાલએ કુશૈરિયહ)*

**આરિફ બિલ્લાહ હઝરત અબૂ અબ્દુલ્લાહ ઈબ્ને ખફીફ** ફર્માવે છે કે :–

''તસવ્વુફ (સૂફીપણુ) એનું નામ છે કે દિલ સ્વચ્છ

કરવામાં આવે અને શરીઅતમાં હુઝૂર ﷺની પૂરેપૂરી પૈરવી (અનુસરણ) કરવામાં આવે.'' *(તબકાતે કુબરા)*

**ઈમામ શહાબુદ્દીન સુહરવર્દી** પોતાની કિતાબ ''અવારિફુલ મઆરિફ''માં ફર્માવે છે કે :–

''કેટલાક ફિત્નાખોરોએ સૂફીઓનો વેશ ધારણ કરી લીધો છે જેથી સૂફી તરીકે ઓળખાય, જો કે એમને સૂફીઓથી કાંઈ લેવા દેવા નથી. પરંતુ તેઓ ઘમંડ તથા ભ્રમમાં સપડાએલા છે અને કહે છે કે એમનાં દિલ કેવળ ખુદાની તરફ વળી ગયેલાં છે અને આ જ ધ્યેય સુધી પહોંચી જવું છે ! અને શરીઅતના નિયમોનું પાલન કરવાનું એ (બનાવટી સૂફી) સામાન્ય લોકોના માટે જ હોવાનું જણાવે છે ! એમની આ વાત તદ્દન બેદીનીની તથા અલ્લાહ તઆલાની બારગાહથી દૂર કરી દેનાર છે, એટલા માટે કે જે હક઼ીક઼તને શરીઅત રદ કરી દે તે હક઼ીક઼ત નથી પરંતુ બેદીની જ છે.'' *(અવારિફુલ મઆરિફ)*

આ જ **ઈમામ સુહરવર્દી** ફર્માવે છે કે :–

''એ મારો અક઼ીદો (માન્યતા) છે કે જે વ્યકિતના હાથે ચમત્કાર થાય અને તે શરીઅતના હુકમોનું સંપૂર્ણ પાલન કરતો ન હોય તો તે વ્યકિત **બેદીન** છે, અને એ ચમત્કાર જે તેના હાથે જાહેર થાય તે કરામત નથી પણ **છેતરપિંડી** તથા **ઈસ્તેદરાઝ** છે.'' *(નફહાતુલ્ ઉન્સ, વધુ માટે વાંચો : ઈલ્મે દીનનું મહત્વ તથા સૂફીપણાની વાસ્તવિક્તા)*

સારાંશ કે પબ્લિક પણ સાચા અર્થમાં રાહે સુલૂક તથા તસવ્વુફ શું છે તેને સમજે અને સાચા તથા બનાવટી સૂફીઓનો ફરક ઓળખી લે તો તસવ્વુફ વિશે કોઈ ગલતફહમી નહીં રહે.

અંતમાં વાંચકોના લાભ ખાતર **પીર કેવો હોવો જોઈએ ?** એના સંબંધમાં **કમસે કમ ચાર શરતો** ઉલમાએ દર્શાવી છે તેની નોંધ કરી લેશો અને **આ શરતોને આધિન ન હોય તે સૈયદ કે ગૈર સૈયદ કોઈ પણ હોય તે પીર જ નથી !** એટલું જાણી લઈને ગુમરાહીથી બચશો. ખુદા નખ્વાસ્તા કોઈનો પીર આ શરતો મુજબનો ન હોય તો તે અન્ય સાચા પીરની તલાશમાં લાગી જાય !

## ★ પીર થવાની શરતો ★

**(૧) ''સુન્ની સહીહુલ અક઼ીદાવાળા હોવું''**
પીર જો સુન્ની સહીહુલ અક઼ીદાવાળો ન હોય તે પીર શું બનશે, પરંતુ પોતે જ ગુમરાહ અથવા કાફિર હશે. એના હાથમાં હાથ આપવો શૈતાનના હાથમાં હાથ આપવા સમાન છે. આજે ઘણા ઉઘાડા બેદીન વહાબી–દેવબંદી કે જેઓ મુદ્દલમાં તો ઔલિયાએ કિરામનો ઈન્કાર કરનાર તથા દુશ્મન છે છતાં છેતરપિંડી માટે તેમણે પીરી મુરીદીની જાળ ફેલાવેલ છે. સાવધાન ! એમનાથી સાવચેત રહેશો, નહીં તો ઈમાન પણ ગુમાવી બેસશો.

**(૨) ''પીર સાચા અર્થમાં આલિમ હોય અથવા જાહેરી ઈલ્મમાં ઓછામાં ઓછો એટલો માહિતગાર હોવો જોઈએ કે બધી દીન માટે જરૂરી બાબતો (જરૂરીયાતે દીન)નો જાણકાર હોય. હરામ તથા હલાલ, હક્ક઼ તથા બાતિલ, કુફ્ર તથા ઈમાનની વચ્ચે તફાવત કરી શકતો હોય. તે ઉપરાંત પોતાને જરૂરી બધા મસાઈલોમાં બીજા કોઈનો મોહતાજ ન હોય પરંતું પોતે જ દીની કિતાબોમાંથી પ્રાપ્ત કરી શકે.''** જો પીરમાં એટલો ઈલ્મ નહીં હોય તો તે હક્ક઼ તથા બાતિલ, કુફ્ર તથા ઈમાન, હલાલ તથા હરામમાં તફાવત નહીં કરી શકે. ખાસ કરીને જરૂરિયાતે દીન જેના પર ઈમાનનો આધાર છે તો જ્યારે એનું જ્ઞાન નહીં હોય તો એના પર અમલ કેવી રીતે કરી શકશે ?! અને આજે નહીં તો કાલે ગુમરાહિયતના દલદલમાં ફસાવાનો ચોક્કસ ખતરો છે. એટલા માટે આવા બેઈલ્મ–જાહિલ પીરને પીર બનાવવો જાણે કે શૈતાનના મસ્ખરાને પીર બનાવ્યો ગણાશે એનો ખુલાસો ઉપર આવી ગયો છે.

**(૩) ''પીર ફાસિક઼ તથા ફાજિર ન હોય.** એટલે કે ઉઘાડે છોગે વધુ પેજ નં. **૧૫**....પર



# ઈલ્મની પ્રગતિમાં મુસ્લિમોનો ફાળો

અઝ : **હઝરત અલ્લામા પીર મુહમ્મદ કરમશાહ અઝહરી–કરાચી**

અનુવાદ : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** *(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

આ એક સિધ્ધ થયેલ હક઼ીક઼ત છે કે જ્યાં સુધી ઈલ્મની રોશની ન હોય ત્યાં સુધી બુદ્ધિ તથા સમજની આંખ જોઈ શકતી નથી. ઈલ્મની જ્યોત જો મંદ પડી જાય અથવા ઓલવાય જાય તો માનવીના વિચારોને અંધશ્રધ્ધા તથા ખુરાફ઼ાતો પોતાની લપેટમાં લઈ લે છે, તેની શક્તિઓ તથા ક્ષમતાઓ નિર્માણ તથા સુધાર કરતાં વિનાશ તથા બગાડ કરવા માટે વધુ ઉપયોગ થવા લાગે છે, જેના પરિણામે તેનાથી એવાં દુષ્કૃત્યો તથા કુકર્મો અસ્તિત્વમાં આવે છે જેનાથી શૈતાનની પેશાની પણ શરમ તથા લાજના પસીનાથી તરબોળ થઈ જાય છે ! વતની, ક઼ૌમી તથા વંશિય કે ભાષાકિય પક્ષપાતો તેને ખૂંખાર તથા હિંસક પ્રાણી બનાવી દે છે, તેની તે ખૂબીઓ તથા ક્ષમતાઓ કે જેનાથી તેના ખાલિક઼ તથા માલિકે તેને નવાજ્યો છે તે આમ જ બેકાર પડી રહે છે.

## ★ કુર્આનનો આવેલ સૌ પ્રથમ આદેશ ! ★

અલ્લાહ તઆલા એ જે રબ્બુલ આલમીન છે તેણે માનવતાની હિદાયત તથા માર્ગદર્શન માટે પોતાના મહબૂબ બંદા તથા રસૂલને રહમતુલ્લિલ્ આલમીન બનાવીને મોકલ્યા. જે હિદાયત તથા માર્ગદર્શનનો સંગ્રહ (કુર્આન મજીદ) આપ ﷺ ઉપર નાઝિલ ફ઼ર્માવ્યો તેની પાંચ બરકતવાળી આયતો જે સર્વ પ્રથમ નાઝિલ થઈ તેમાં ન તો ઈબાદતે ઈલાહીનો આદેશ આપવામાં આવ્યો, ન સારા તથા ઉચ્ચ અખ્લાક઼ (વર્તાવ)ની તાકીદ કરવામાં આવી, ન તેમાં ગુનાહો તથા બુરાઈઓથી બચવાનો નિર્દેશ આપવામાં આવ્યો. અને ન તો તે ક઼ાઈદાઓ તથા ઉસૂલોને તેમાં બયાન કરવામાં આવ્યા જેના ઉપર "ઈસ્લામી સમાજના સર્વોચ્ચ મહેલનું નિર્માણ" ઈસ્લામના પ્રારંભિક પાકીઝા હેતુઓમાંથી એક છે, બલ્કે "ઈક઼રઅ"નો આદેશ આપી ઈલ્મ તથા ઈરફ઼ાનના અનમોલ ખજાનાની ચાવી તેના (ઈન્સાનના) હાથમાં આપી દેવામાં આવી. આ ઉપરાંત માનવી ઉપર કરવામાં આવેલ અસંખ્ય એહસાનોમાંથી માત્ર બે એહસાનોના વર્ણનને પર્યાપ્ત ગણવામાં આવ્યું છે : એક છે માનવીની રચના (તખ્લીક઼), બીજું છે પોતાની રચનાની સર્વોત્તમ કૃતિ એટલે કે ઈન્સાનને ઈલ્મના ઝવેરાતથી શરગાણવાનું વર્ણન.

ક઼લમ જે ઈલ્મની પ્રગતિનો અસરકારક આધાર છે તેને પણ છોડી દેવામાં ન આવી બલ્કે તેના મહત્વ તથા મહાનતાને પ્રગટ કરવા માટે તેનું પણ વર્ણન કરી આપ્યું. અલ્લાહનું ફ઼ર્માન છે :–

اِقْرَاْ بِاسْمِ رَبِّكَ الَّذِیْ خَلَقَ ۚ خَلَقَ الْاِنْسَانَ مِنْ عَلَقٍ ۚ اِقْرَاْ وَرَبُّكَ الْاَكْرَمُ ۙ الَّذِیْ عَلَّمَ بِالْقَلَمِ ۙ عَلَّمَ الْاِنْسَانَ مَا لَمْ یَعْلَمْ ؕ

"તમે પઢો પોતાના રબના નામની સાથે, જેણે (સૌને) પેદા ફ઼ર્માવ્યા છે. પેદા કર્યો માનવીને જામેલા લોહી દ્વારા, પઢો ! તમારો પરવરદિગાર ઘણો કરીમ છે જેણે ઈલ્મ શિખવાડયો ક઼લમ દ્વારા, તેણે જ શિખવાડયું માનવીને જે તે ન જાણતો હતો." *(પા. ૩૦, સૂ. અ઼લક઼, આ. ૧–૫)*

તમે પોતે વિચારો કે જે પવિત્ર કિતાબની શરૂઆત ઈલ્મની મહાનતાના બયાનથી કરવામાં આવી હોય, તો એ કિતાબ ઉપર સાચા દિલથી ઈમાન લાવનારાઓનાં દિલોમાં ઈલ્મ પ્રાપ્ત કરવાના કેટલા ઉમંગો હશે ?! અને આ ઉમંગોને પાર પાડવા માટે કેટલી કોશિશો તથા મહેનતોથી તેઓએ કામ લીધું હશે ?

## ★ આદમ عليه السلامની ફરિશ્તાઓ પર ફઝીલતનો સબબ શું ? ★

કુર્આને કરીમે પોતાના માનવાવાળાઓનાં દિલો ઉપર ઈલ્મની અઝમત તથા મહાનતાની મોહર છાપી દેવા માટે આદમ عليه السلامની પેદાઈશનો કિસ્સો પહેલા સિપારામાં ઘણો વિસ્તાર સાથે રજૂ કર્યો છે. જ્યારે જમીન તથા આસમાનના ખાલિક઼ તથા માલિકે હઝરત આદમને પોતાના ખલીફા બનાવવાની ઈચ્છા જાહેર કરી તો ફરિશ્તાઓએ અર્ઝ કરી, "અમો દિવસ રાત તારી પાકી પ્રશંસા તથા શુક્ર ગુજારીમાં મગ્ન રહીએ છીએ, આ પદ તથા ખૂશનસીબી અમને મળવી જોઈએ." ત્યાં એનું કારણ વર્ણન કરવામાં આવ્યું કે આદમને આ પદ તથા દરજ્જા માટે કેમ પસંદ કરવામાં આવ્યા ? એટલા માટે નહીં કે તે સિંહથી વધુ શક્તિ ધરાવે છે, હાથીથી વધુ બોડીવાળા છે, હરણાથી વધુ ઝડપવાળા છે, અથવા ફરિશ્તાઓથી વધુ ઈબાદત ગુજાર છે. આ ખૂબીઓમાંથી એકને પણ આ માટીના માનવીને ખિલાફત અર્પણ કરવાનો આધાર ન બનાવવામાં આવ્યો, બલ્કે ઈલ્મનું માનવીની અગ્રતા તથા ઈજ્જતનું કારણ ઠરાવવામાં આવ્યું. ઈર્શાદે રબ્બાની છે :–

وَعَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا ثُمَّ عَرَضَهُمْ عَلَى الْمَلٰٓئِكَةِ فَقَالَ اَنْۢبِئُوْنِيْ بِاَسْمَآءِ هٰٓؤُلَآءِ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ۝

"અને અલ્લાહ તઆલાએ શિખવાડી આપ્યાં આદમને સંપૂર્ણ વસ્તુઓનાં નામ, પછી રજૂ કર્યા તેમને ફરિશ્તાઓ સમક્ષ અને (તેઓથી) ફર્માવ્યું, બતાવો ! મને આ વસ્તુઓનાં નામ જો તમે (પોતાની દષ્ટિએ) સાચા હોઉ." *(પા. ૧, સૂ. બક઼રહ, આ. ૩૦–૩૧)*

જ્યારે ફરિશ્તાઓએ પોતાની આજીજી (લાચારી)ને સ્વીકારી તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

قَالَ اَلَمْ اَقُلْ لَّكُمْ اِنِّيْٓ اَعْلَمُ غَيْبَ السَّمٰوٰتِ وَالْاَرْضِ وَاَعْلَمُ مَا تُبْدُوْنَ وَمَا كُنْتُمْ تَكْتُمُوْنَ ۝ "શું મેં તમને ન કહ્યું હતું કે હું ખૂબ (સારી રીતે) જાણુ છું દરેક છુપી વસ્તુઓને આસ્માન તથા જમીનની, અને હું જાણું છું જે કામ તમે જાહેર કહો છો અને જે કાંઈ તમે છુપાવો છો." *(પા. ૧, સૂ. બક઼રહ, આ. ૩૩)*

આ આયતોમાં કુર્આને કરીમે સ્પષ્ટ કરી આપ્યું કે દરેક મખ્લૂક઼ ઉપર તદ્ઉપરાંત નૂરાની મલાઈકા ઉપર હઝરત આદમ عليه السلامની મહાનતા તથા ફઝીલતનું કારણ તેમનો ખુદાદાદ ઈલ્મ છે. હવે જે કોઈ પણ માનવી પોતાના વાલિદે બુઝર્ગવારની આ બુઝુર્ગી તથા મહાનતાનો વારસદાર બનવા ઈચ્છતો હોય તો તેના ઉપર જરૂરી છે કે તે ઈલ્મની પ્રાપ્તિ માટે પોતાની તમામ શક્તિઓ, ક્ષમતાઓને ઉપયોગમાં લાવે.

## ★ કુર્આનનો દુનિયાની ચીજો પર ચિંતન મનનનો આદેશ ★

આ ઈલ્મનો અર્થ માત્ર અમુક ધાર્મિક કિતાબોનો ઈલ્મ હાંસલ કરવું નથી, બલ્કે ચિંતન, મનન, સંશોધન તથા વારંવાર અનુભવો દ્વારા ગુપ્ત હક઼ીક઼તો તથા વાસ્તવિક્તાઓ ઉપરથી પરદો ઉઠાવવાની સતત તાક઼ીદ કરવામાં આવી છે. અને કાએનાતની આ તમામ નાની મોટી વસ્તુઓને અલ્લાહ તઆલાની તૌહીદ (એક હોવાના) માટેની આયાતે બય્યેનાત એટલે કે રોશન તથા સ્પષ્ટ દલીલો દર્શાવવામાં આવી. કુર્આને કરીમનું કદાચ કોઈ પેજ એવું હશે જ્યાં **افلا تتفكرون، افلا تتذكرون، افلا تعقلون** (શું તમને અક્ક઼લ નથી ? શું તમે નસીહત નથી લેતા ? શું તમે ચિંતન નથી કરતા ?!)ની તાક઼ીદ કરવામાં ન આવી હોય. સૂરજનો ઉદય તથા તેનું આથમવું, ચાંદમાં વધારો ઘટાડો, રાત દિવસનું ચક્ર, હવાઓનો સુસવાટ, વરસાદનું વરસવું, કડીઓનું પુષ્પમાં રૂપાંતર થવું, પહાડોની ઊંચાઈઓ તથા સમૂહોની વિશાળતા આ તમામમાં એક મો'મિન બંદાને ચિંતન મનન કરવાનું વારંવાર આમંત્રણ આપવામાં આવ્યું છે. તેનો લાભ એ બતાવવામાં આવ્યો કે તેનાથી તમને મારેફતે ઈલાહી (અલ્લાહની ઓળખ) નસીબ થશે. આ રીતની અસંખ્ય આયતોમાંથી માત્ર એક આયતને અહિંયા રજૂ કરવાની કોશિશ કરીશ :–

سَنُرِيْهِمْ اٰيٰتِنَا فِي الْاٰفَاقِ وَفِيْٓ اَنْفُسِهِمْ حَتّٰى يَتَبَيَّنَ لَهُمْ اَنَّهُ الْحَقُّ "જો તેઓ ગૌરો ફિક્ર (ચિંતન)થી

કામ લેશે તો અમે આસ્માન તથા જમીનની ક્ષિતિજમાં કાએનાતનું જે મીના બજાર સજાવવામાં આવ્યું છે, અને ખૂદ તેમની જાતમાં ભેદો તથા મઅરેફતોના જે ખજાના છુપાયેલા છે તેમાં કુદરત, હિકમત તથા ઈલ્મની એવી રોશન દલીલો દેખાડી શું જેનાથી એ વાત સ્પષ્ટ થઈ જશે કે આ જ હક્ક઼ છે." *(પારા–૨૫, સૂ. હા મીમ સજદા, આ. ૫૬)*

મુસલમાનની નજાતનો દારોમદાર અલ્લાહની મઅ્રેફત ઉપર છે. અને આ મઅ્રેફતની પ્રાપ્તિનો માર્ગ જે કુર્આને કરીમે નક્કી કરી બતાવ્યો છે તે એ જ છે કે આપણે કાએનાતની દરેક વસ્તુને તથા તેમાં પ્રગટ થતા પરિવર્તનોને બારીક દષ્ટિથી જોઈએ અને તેમને પોતાના સંશોધનિય વર્તુળમાં લાવીએ.

અલ્લાહના ઈર્શાદો ઉપરાંત હુઝૂર ﷺએ પોતાના ગુલામોનો ઈલ્મની પ્રાપ્તિ અંગે જે ઉત્સાહ જગાડયો છે તેણે મુસલમાનોનો ઈલ્મી શોખ એટલો તીવ્ર કરી આપ્યો કે તેમણે (મુસલમાનોએ) એક થોડીક જ મુદ્દતમાં ઈલ્મ તથા મઆરિફના દરિયા વહાવી આપ્યા.

## ★ ઈલ્મ પ્રાપ્તિ જેહાદ ફી સબીલિલ્લાહ સમાન ★

એક હદીષમાં ઈર્શાદ ફર્માવ્યું કે, **"જે વ્યક્તિ ઈલ્મ પ્રાપ્ત કરવા માટે પોતાના ઘરેથી નીકળે છે તે જાણે અલ્લાહની રાહમાં જેહાદ કરી રહ્યો છે, જ્યાં સુધી કે તે ઘરે પરત આવી જાય."**

રહમતે આલમ ﷺએ ઈલ્મ પ્રાપ્તિ અંગેની જદ્દો જેહાદ તથા કોશિશને જેહાદ ફી સબીલિલ્લાહના સમાન બનાવી આપું.

અન્ય એક હદીષમાં ઈર્શાદ છે કે "હઝરત અબૂ દરદા ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને આ ફર્માવતાં સાંભળ્યા છે કે, "જે વ્યક્તિ કોઈ માર્ગ ઉપર એટલા માટે ચાલે કે તે ઈલ્મ હાંસલ કરે તો અલ્લાહ તઆલા તેના માટે જન્નતના માર્ગો આસાન ફર્માવી આપે છે અને ફરિશ્તાઓ તાલિબે ઈલ્મ (ઈલ્મ પ્રાપ્ત કરનાર) માટે પોતાની નૂરાની પાંખો બિછાવી આપે છે જેથી તેઓ તેના આ સારા અમલ ઉપર પોતાની રઝામંદીને જાહેર કરે. અને આસ્માનો તથા જમીનોની સંપૂર્ણ મખ્લૂક઼ો આલિમ માટે મગફેરતની દુઆ કરે છે, ત્યાં સુધી કે પાણીમાં રહેતી માછલીઓ પણ (દુઆ કરે છે.) એક આલિમને એક આબિદ ઉપર એટલી ફઝીલત પ્રાપ્ત છે જેટલી કે ચાંદને સિતારાઓ ઉપર. ઉલ્મા અંબિયાના વારસદાર છે કેમ કે અંબિયા પોતાની વારસાઈમાં દીનાર તથા દિરહમ નથી છોડી જતા, તેઓ પોતાની વારસાઈમાં ઈલ્મ છોડી જાય છે, જેણે ઈલ્મ પ્રાપ્ત કર્યો તેણે અંબિયાની વારસાઈમાંથી એક મોટો ભાગ પ્રાપ્ત કર્યો."

## ★ ઈલ્મની રોશની ફેલાવવામાં મુસલમાનોનો ઉત્સાહ ★

આ પ્રકારનાં બીજાં કેટલાયે શોખને ઉત્તેજીત કરનાર ફર્માને નબવી હતાં જેના કરિશ્માતી પ્રભાવે જહાલત તથા અંધ વિશ્વાસોની ગોદમાં પરવરિશ પામેલા અરબોને ઈલ્મ તથા હિદાયતના દીવાના બનાવી આપ્યા, તથા તેઓ ઈલ્મની શમ્અ ઉપર પરવાનાઓની જેમ કુર્બાન થવા લાગ્યા. જે સજ્જનોને સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَના પાકીઝા જીવન ચરિત્રમાં અભ્યાસ કરવાનું સૌભાગ્ય મળ્યું છે તેઓ જાણે છે કે એક એક હદીષને હાંસલ કરવા માટે તેઓ હજારો માઈલની દૂરી કાપીને જતા હતા. ઈલ્મની આ જ અપાર તડપ તેમણે પોતાની આવનાર પેઢીઓને વારસા રૂપે આપી છે. આ નેક નસીબ બાપદાદાઓના ખુશનસીબ તથા ભાગ્યશાળી ફરઝંદોએ ઈલ્મ તથા મઅ્રેફતના મેદાનમાં એવા અજોડ વિજયો પ્રાપ્ત કર્યા કે આજે દુનિયાની કોઈ પણ ક઼ૌમ તેમની બરાબરીનો દાવો નથી કરી શકતી. કિતાબોના લખાણ તથા સંપાદનની પરંપરા સહાબાએ કિરામના યુગથી જ શરૂ થઈ ચૂકી હતી. પરંતુ જેમ જેમ મુસલમાનોના વિજયો તથા કામયાબીઓનું વર્તુળ વિસ્તરતુ ગયું તેમ ઈલ્મ તથા કલા વિદ્યામાં પણ તેમનાં કારનામાંઓ આસ્માનને સ્પર્શવા લાગ્યાં. હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہની ખ્વાહિશ મુજબ એક ઈસાઈ આલિમ ઈબ્ને આસાબે તિબ્બ (પ્રાચીન ચિકિત્સા પધ્ધતિ)ની અમુક કિતાબોનું અરબીમાં

ભાષાંતર કર્યું. અબ્દુલ મલિક (ખલીફા)ના મીર મુન્શી સાલિમે ''અરસ્તૂ''નાં અમુક પુસ્તકોનું અરબીમાં ભાષાંતર કર્યું. અબ્બાસી ખલીફાઓએ તો ઈલ્મ તથા હિકમતની રોશનીને ફેલાવવામાં હદ કરી આપી ! તેમણે ઈસ્લામી શાસનમાં અલગ અલગ રાજ્યોમાં બલ્કે અન્ય દેશોમાં પણ પોતાના ખાસ કાર્યકરો મોકલ્યા જેમની પાસે અશરફીઓથી ભરેલી થેલીઓ હોતી. તેઓ અલગ અલગ ઠેકાણેથી પ્રાચીન હસ્તલિખિત લખાણોના કિંમતી અદ્‌ભૂત નમૂના લઈને બગદાદ પહોંચતા. જ્યાં જ્યાં પણ કોઈ આલિમ તથા ફનકાર (વિદ્યા કલા નિષ્ણાત) વિશે ખબર પડતી તો ખલીફાઓ તેમને પોતાના દરબારની શોભા બનાવવામાં ગર્વ અનુભવતા હતા. તેવા એહલે ઈલ્મ તથા કલા વિદ્યાના જાણકારોને આર્થિક સમસ્યાઓથી બેપરવા કરીને (એટલે રોજી રોટીનો બંદોબસ્ત કરી આપીને) અન્ય ભાષાઓની ઈલ્મી કિતાબોને અરબીમાં ભાષાંતર કરવાની જવાબદારી સોંપી દેવામાં આવતી.

અબ્બાસી ખલીફાઓના શાસનકાળમાં સંપૂર્ણ યૂનાનની ફિલોસોફી કે જે અવાવરૂ હાલતમાં બંધ કમરાઓ તથા બિસ્માર લાઈબ્રેરીઓની તીજોરીઓમાં પડી હતી તેને માત્ર અરબીમાં ભાષાંતર કરવામાં ન આવી બલ્કે તેની એવી શરહો (સમજૂતીઓ) લખવામાં આવી જેમાં આ કિતાબોની સંક્ષિપ્ત ચર્ચાઓને વિસ્તૃત તથા સ્પષ્ટ રીતે બયાન કરી દેવામાં આવી. જ્યાં જ્યાં તે વાંધાઓ તથા શંકાઓ હતી તેને પણ દૂર કરી દેવામાં આવી. જ્યાં જ્યાં યૂનાની ફિલોસોફરોની વિચારસરણીએ ઠોકર ખાધી હતી તેની પણ સુધારણા કરવામાં આવી. મુસલમાન ઉલ્મા પહેલાના તત્વચિંતકો તથા ફિલોસોફરોના અંધ વિશ્વાસુ ન હતા, બલ્કે તેઓ તેમની કિતાબોનો અભ્યાસ કરતા અને તેમાં ગૌરો ફિક્ર (ચિંતન) તથા વિચાર વિમર્શનો હક્ક્ અદા કરી દેતા અને જ્યાં જરૂરી હોય ત્યાં ટીકા ટીપ્પણીનો ફરીઝો પણ ઘણી દિલેરી તથા દયાનતદારી સાથે અંજામ આપતા. ''બત્લીમૂસ'' જે એક મશ્હૂર તથા માહિર ખગોળ શાસ્ત્રી હતો તેના વિચારો તથા સિધ્ધાંતો ઉપર મુસ્લિમ ઉલ્માએ ભરપૂર ટીકાઓ કરી. તે ઉલ્માએ અતિ મહેનત કરીને તારાઓ તથા ગ્રહોના સ્થાનો તથા તેમની સ્થિતિઓ નક્કી કરી. તે ગ્રહોની ચાલ તથા ગતિની સ્પષ્ટતા કરી. સૂરજ ગ્રહણ તથા ચંદ્ર ગ્રહણ કેમ થાય છે તેનાં મૂળ કારણોને પ્રકાશિત કર્યા. જો તે મુસ્લિમ આલિમોએ યૂનાની ફિલોસોફીને જીવંત કરવા માટે રાત દિવસ એક ન કર્યા હોત તો અરસ્તૂ (એરિસ્ટોટલ) તથા તેના ગુરૂ અફલાતૂનને આજે કદાચ કોઈ ઓળખતુ પણ ન હોત.

ઈસ્લામી જગતના પશ્ચિમી ખૂણા કરતબાથી લઈને તેના અંતિમ પૂર્વ કિનારા સુધી હજારો દર્સગાહો (એજ્યુકેશન સેન્ટરો) એવી કાયમ હતી જ્યાં દરેક સમયે વિદ્યાર્થીઓની ભીડ જામેલી રહેતી.

''વિલ ડયૂરોન'' લખે છે કે :–

(તે સમયે) ભૂગોળશાસ્ત્રીઓ, ઈતિહાસકારો, ખગોળશાસ્ત્રીઓ, ફકીહો, મુહદ્દિષો, વૈધો, ફિલોસોફરોની ભીડના કારણે સડકો ઉપર ચાલવું મુશ્કેલ હતું. *(એજ ઓફ ફઈથ, પેજ–૨૩૭)*

નાનીથી નાની મુસ્લિમ વસ્તીઓ જ્યાં પણ હતી ત્યાં એક મસ્જિદનું હોવું આવશ્યક હતું. મસ્જિદો માત્ર ઈબાદત માટે જ ન હતી બલ્કે ઈબાદતગાહની સાથે સાથે તે દર્સગાહો (ઈલ્મી કેન્દ્રો) પણ હતી. ઈસ્લામી જગતમાં લાખો કરોડોની સંખ્યામાં નાની મોટી જેટલી મસ્જિદો હતી તે મદ્‌રસાઓના (વિદ્યા કેન્દ્રના) રૂપમાં પણ ઉપયોગ થતી હતી, જ્યાં તે આબાદી તથા મહોલ્લાના બાળકો તથા બાળકીઓ ઈલ્મ પ્રાપ્ત કરવા માટે હાજર થતાં હતાં. મસ્જિદો ઉપરાંત દરેક મોટા શહેરમાં મોટા મોટા દારુલ ઉલૂમો તથા જામિઆઓ હતા. બગદાદ શહેરમાં જગ પ્રસિધ્ધ ''જામિઆ નિઝામિયા'' સિવાય અન્ય ત્રીસ મોટી મોટી કોલેજો હતી જેમાં હજારો વિદ્યાર્થી એક સમયમાં તાલીમ પ્રાપ્ત કરતા હતા. ''મિર્ઝા હૈરત દહેલ્વી'' હાલાતે સઅદી નામની કિતાબના પેજ–૬૭ ઉપર લખે છે કે :

## ★ મુસ્લિમોનાં એજ્યુકેશન સેન્ટરો તથા લાયબ્રેરીઓની રોમાંચક દાસ્તાન ★

''દારુલ ઉલૂમ નિઝામિયા સંપૂર્ણ એક શહેર હતું. અસંખ્ય કમરાઓ તથા એક વિશાળ હોલ જેમાં લગભગ દસ હજાર માણસો સમાય શકતા હતા. અહિંયા કુર્આન, હદીષ, ફિક્હ, ફલસફા, ગણિતશાસ્ત્ર, ખગોળ વિજ્ઞાન તથા

બીજા અન્ય જ્ઞાનો (ઈલ્મો)ની પૂરેપૂરી વ્યવસ્થા હતી. એક વિભાગ અપ્રસિધ્ધ (અજનબી) ભાષાઓ માટેનો હતો. જ્યાં યૂનાની, ઈબ્રાની, લેટીન, સંસ્કૃત તથા ફારસી જેવી ભાષઓ શિખવવામાં આવતી હતી. આ ઈલ્મો સિવાય તીરંદાઝી (બાણ વિદ્યા) તલવારબાજી તથા ઘોડે સવારીનો પણ અભ્યાસ કરાવવામાં આવતો હતો.''

ખલીફા અબ્દુર્રહમાન ત્રીજાએ (ઈ.સ. ૯૧૨ થી ૯૬૧) ઉન્દલુસ (સ્પેન)ની રાજધાની કરતબામાં એક ભવ્ય યુનિવર્સિટીની સ્થાપ્ના કરી. તેમાં માત્ર ઉન્દલુસના જ છત્રો તાલીમ પ્રાપ્ત કરતા ન હતા બલ્કે યૂરોપના અન્ય દેશો તથા આફ્રિકા, એશિયાના તાલિબે ઈલ્મો (વિદ્યાથીઓ) ઈલ્મ તથા હિકમતના આ મધૂર ઝરણાથી પોતાની પ્યાસ બુઝાવવા હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહેતા હતા. આ યુનિવર્સિટીની લાઈબ્રેરી પણ ઘણી વિશાળ હતી, અલગ અલગ વિદ્યાઓ તથા વિષયો ઉપર છ (૬) લાખથી વધુ કિતાબો ત્યાં ઉપસ્થિત હતી. આ કિતાબોની એક સંપૂર્ણ યાદી હતી જે ચાલીસ ભાગોમાં સંપાદિત કરવામાં આવી હતી, તેની મદદથી અભ્યાસ કરનારને જે પણ કિતાબની જરૂરત હોતી તે સરળતાથી પ્રાપ્ત થઈ જતી હતી.

કલૂની (ફ્રાંસ)નો પીટર એવીટ લખે છે કે :–

''હસ્પાનિયાના રોકાણ દરમ્યાન મેં જોયું કે ફ્રાંસ, જર્મની તથા બ્રિટનના વિદ્યાર્થીઓ વધુથી વધુ સંખ્યામાં અરબોના ઈલ્મી મર્કઝો (એજ્યુકેશન સેન્ટરો)માં એકત્ર થઈ રહ્યા છે.'' *(તશ્કીલે ઈન્શાનિયત, ૨૮૫)*

આ ઈલ્મી મર્કઝો (વિદ્યા કેન્દ્રો) ફક્ત કરતબા સુધી સીમિત ન હતાં, બલ્કે સ્પેનના તમામ મોટા મોટા શેહરોમાં યુનિવર્સિટીઓ સ્થાપિત હતી. તલીતલા શહેરમાં મુસ્લિમોની એક યુનિવર્સિટી કાયમ કરી હતી જ્યાં યૂરોપના દરેક દેશના છાત્રો આવતા હતા તથા તાલીમ પ્રાપ્ત કરતા હતા. ત્રણ ફાઝિલો (વિદ્વાનો) જેમની ઉપર આખા ઈંગ્લિસ્તાનને ગર્વ છે તેઓ તલીતલા યુનિવર્સિટીથી ફારિગ થયા હતા :–

(૧) **રોબર્ટ** : જેણે કુર્આને કરીમને તથા ખ્વારઝમીના અલ્જિબ્રાને (બીજ ગણિત) લેટીન (ઈટાલીની પ્રાચીન ભાષા)માં રૂપાંતર કર્યુ.

(૨) **માઈકલ સ્કોટ** : આ સ્કોટલેન્ડનો રહેવાસી હતો. તેણે સાત વરસ તલીતલા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીની હૈસિયતથી ગુજાર્યાં. તેણે અરસ્તૂ (એરિસ્ટોટલ), ઈબ્ને રૂશ્દની કિતાબો તથા ખગોળશાસ્ત્રની, અખ્લાક (સંસ્કાર)ની કેટલીયે અરબી કિતાબોને લેટીન ભાષામાં રૂપાંતરિત કરી.

(૩) **ઐડલ હાર્ડ** : આ બારમી સદીનો બ્રિટિશ આલિમ (સ્કોલર) છે જેણે અરબીમાં કમાલ પ્રાપ્ત કરવા માટે સીરિયાનો સફર કર્યો.

સ્પેન સિવાય અરબોએ ફ્રાંસના એક મશ્હૂર શહેર માઉન્ટ બ્લેયર તથા ઈટાલીનાં કેટલાયે શહેરોમાં દર્સગાહો સ્થાપી હતી જેમાં પેડુ તથા મસ્યા આ બે શહેરો ઘણા મશ્હૂર થયાં જ્યાં બૂઅલી સીના તથા અબુલ કાસિમ ઈબ્ને અબ્બાસ ઉન્દલુસીની કિતાબો કોર્સમાં સામેલ હતી. આ જ મદ્રસાઓથી ઈટાલીના બે મશ્હૂર સર્જન ફિલોપીસ (ઈ.સ. ૧૫૨૨) તથા વૈસાલ્યુસે સર્જરીમાં મહારત પ્રાપ્ત કરી ખ્યાતનામ થયા. સુપ્રસિધ્ધ જ્યોતિષ ગેલેલિયો (ઈ.સ. ૧૬૪૨) આ જ મુસ્લિમ દર્સગાહો (એજ્યુકેશન સેન્ટરો)થી ફૈઝ પામેલ હતો.

## ★ ઈલ્મ (એજ્યુકેશન)ની પ્રગતિમાં મુસ્લિમ શાસકોનો રોલ ★

બેશક ! કુર્આનની તાલીમાત તથા સરકારે મદીના ﷺના ઈર્શાદોએ મુસલમાનોના દિલોમાં ઈલ્મ તથા હિકમતના ઊંચાથી ઊંચા શિખરોને સર કરવાનો જઝ્બો પૈદા કરી આપ્યો હતો, અને તેઓએ પોતાની જીવનયાત્રાને આ જ મક્સદ તથા ધ્યેયને પ્રાપ્ત કરવા માટે વક્ફ કરી દીધી હતી, પરંતુ ઈલ્મની આ અજોડ પ્રગતિમાં નિશ્ચિત રીતે તે બાદશાહો તથા હાકેમોનો પણ એક મોટો રોલ રહ્યો છે જેમણે આલિમો, હકીમો, ફિલોસોફરોની સેવા ખાતર

પોતાના ખજાનાઓનાં દ્વારો ખુલ્લા કરી આપ્યાં હતાં. તેઓ પોતાની દાદ તથા કૃપા, દાન વડે આલિમો તથા ફાઝિલોને એ રીતે બેપરવા કરી આપતા કે આર્થિક સમસ્યાઓની ફિકર તેમને ક્યારે પણ ન સતાવતી. હારૂન રશીદ ખલીફાનો ખાસ ચિકિત્સક (તબીબ) જિબ્રઈલ ઈબ્ને બખ્ત યુશૂઅ જે એક મોટો લેખક પણ હતો અને હારૂન રશીદ બાદશાહનો ખાસ તબીબ (ડોક્ટર) પણ હતો. તેની વાર્ષિક આવકનો અંદાઝો લગાડો :–

| | |
|---|---|
| સરકારી પગાર .................... | એક લાખ વીસ હજાર દિરહમ વાર્ષિક |
| પ્રોપર્ટીની આવક ................ | પંદર લાખ દિરહમ વાર્ષિક |
| તોહફા તથા ભેટો ................. | એક લાખ દિરહમ વાર્ષિક |
| યહયા બિન ખાલિદ વઝીર તરફથી ............. | છ લાખ દિરહમ વાર્ષિક |
| જાફર બિન યહયા તરફથી ............... | બાર લાખ દિરહમ વાર્ષિક |
| ફઝલ બિન યહયા તરફથી ............... | છ લાખ દિરહમ વાર્ષિક |
| અન્ય ઉમરાવો તરફથી ................. | બે લાખ દિહરમ વાર્ષિક |
| **ટોટલ ....................** | **તેંતાલીસ લાખ દિરહમ વાર્ષિક** |

રોમમાં એક 'લ્યૂ' નામી એક સુપ્રસિધ્ધ ફિલોસોફર હતો મામૂન રશીદ (અબ્બાસી ખલીફા)એ કેસરે રોમ (રોમના હાકેમ)ને પત્ર લખ્યો કે તે 'લ્યૂ'ને ખલીફાના દરબારમાં મોકલી આપે તો તે તેના બદલામાં **ચાલીસ મણ સોનુ** રોમના બાદશાહને અદા કરશે, આ ઉપરાંત હમેશાં માટેની સુલેહનો પણ વાયદો કર્યો. મામૂન રશીદે કિતાબો લખવા તથા સંપાદન કરવા તથા અનુવાદ કરવા માટે એક વિભાગ ''દારુલ હિકમત''ના નામે સ્થાપ્યો હતો, નિશ્ચિત કરેલ પગાર ઉપરાંત **જે આલિમ કોઈ નવી કિતાબ લખીને રજૂ કરતો તો તે કિતાબને સોનામાં તોલવામાં આવતી તથા સોનુ તે કિતાબના લેખકને પધરાવી દેવામાં આવતું !**

મામૂન રશીદના સમક્ષ એક શાયર મુહમ્મદ બિન વુહૈબે એક કસીદો પઢયો, તો મામૂને **દરેક શેઅર (પંક્તિ)ના બદલામાં એક હજાર દીનાર ઈનામ** આપ્યું. આલિમો તથા ફાઝિલો ઉપર ઈનામ તથા ઈકરામ અને સખાવત તથા ઉદારતાની દાસ્તાન તો ઘણી લાંબી છે, ક્યારેક ક્યારેક તો આપણને ફુઝૂલ ખર્ચીનો પણ વહેમ થવા લાગે છે, પરંતુ **સખાવત તથા દાન શીલતાની આ વર્ષા એ ઈલ્મ તથા હિકમતના આ સદાબહાર ગુલશનોને રંગો તથા સુગંધોથી પરિપૂર્ણ કરી આપ્યા, અને આજે પણ તેની મહેક તથા ખુશ્બુથી અંતરો પણ સુગંધિત નજર આવે છે.**

## ★ લાયબ્રેરીઓની રચના તથા કિતાબોની સંખ્યા ★

મુસલમાનોને ઈલ્મ પ્રાપ્તિ તથા તેની પ્રગતિ પ્રત્યે જે શોખ તથા ઉત્સાહ હતો તેનો અંદાજો તે લાયબ્રેરીઓ તથા કિતાબ ઘરોની સ્થિતિઓ વાંચીને લગાડી શકાય છે જે કિતાબ ઘરો તેમણે ઠેક ઠેકાણે સ્થાપ્યાં હતાં. અને આ તે યુગની વાત છે જ્યારે કે કાગળનાં કારખાનાઓ લાખો ટન કાગળ બનાવવામાં કાર્યરત ન હતાં, બલ્કે કાગળનું અસ્તિત્વ દુર્લભ હતું. આ ઉપરાંત પ્રેસ પણ હજુ બનાવવામાં ન આવ્યું હતું કે તે ઈલેક્ટ્રોનિક શક્તિ વડે કલાકોમાં હજારો પેજોને છાપી શકે. તમામ કિતાબો હાથ વડે લખવામાં આવતી હતી, તેવા યુગમાં આટલી મોટી મોટી લાયબ્રેરીઓનું અસ્તિત્વમાં આવવું એ નિશ્ચિત રીતે આ ઈલ્મની એક કરામત છે. આ કરિશ્મો તથા કરામત નિશ્ચિત રીતે મુસલમાનોનો ઈલ્મ પ્રેમ તથા ઈલ્મ પ્રત્યેના ઉમંગનું પરિણામ છે. પહેલાં રજૂ કરવામાં આવ્યું છે કે કુરતુબા યુનિવર્સિટીની લાયબ્રેરીમાં છ લાખ કિતાબો હતી જેની અનુક્રમણિકા ચાલીસ ભાગોમાં તૈયાર કરવામાં આવી હતી. તદ્ઉપરાંત અન્ય સિત્તેર (૭૦) લાયબ્રેરીઓ પણ આ એક જ શહેરમાં હતી. દરેક મસ્જિદ તથા મકતબ માટે તેને અનુરૂપ એક લાયબ્રેરીનું હોવું જરૂરી હતું. બાદશાહો, ખલીફાઓ, વઝીરો, ગવર્નરો પોત પોતાની લાયબ્રેરીઓને

વિશાળ, સુંદર તથા વ્યવસ્થિત બનાવવામાં એક બીજાથી આગળ વધવા માટે ભરપૂર કોશિશો કરતા હતા. જર્મનીની એક મશહૂર પશ્ચિમી ભાષાઓની નિષ્ણાત ડો. ઝિગ્રીડ હેકે એક કિતાબ લખી છે જેનું અરબી ભાષાંતર બૈરૂતમાં ''શમ્સુલ અરબ તસ્તિઓ અલલ ગરબ''ના ટાઈટલથી પ્રસિધ્ધ થયું છે, તેમાં તેણીએ આ ઈતિહાસને ઘણા વિસ્તારપૂર્વક રજૂ કર્યો છે કે અરબી સંસ્કૃતિએ યૂરોપને કેટલી હદ સુધી પ્રભાવિત કર્યો છે. તેમાં અરબોના સ્થાપેલ કિતાબ ઘરો તથા લાયબ્રેરીઓ વિશે તેણી લખે છે :–

''ઈ.સ. ૮૯૧માં બગદાદમાં એક સોથી વધુ લાયબ્રેરીઓ હતી, અને દરેક શહેરમાં એક લાયબ્રેરી સ્થાપ્વામાં આવતી હતી જેમાંથી દરેક વ્યક્તિને ઈજાઝત હતી કે જે પણ કિતાબનો અભ્યાસ કરવા ઈચ્છે તે લઈ શકે છે. લાયબ્રેરીની ઈમારત સાથે જ કેટલાયે હોલ હોતા જ્યાં બેસીને લોકો કિતાબોનો અભ્યાસ કરતા. આ ઉપરાંત લેખકો તથા અનુવાદકો માટે અલગ અલગ રૂમ બનાવવામાં આવતા જ્યાં બેસીને તેઓ શાંતિથી સંપાદન તથા અનુવાદનો શોખ પૂરો કરતા. તેમજ અગત્યના વિષયો ઉપર એક બીજાની સાથે વિચાર વિમર્શ કરતા. દરેક હોસ્પિટલની સાથે પણ એક લાયબ્રેરી હોતી જ્યાં તિબ્બ (ચિકિત્સા)ના વિષયો પર મહત્વની કિતાબો ઘણી વ્યસ્થિત રીતે ક્રમબદ્ધ રાખવામાં આવતી હતી જેનાથી ઈલ્મે તિબ્બ (ચિકિત્સા શાસ્ત્ર)ના છાત્રો તથા શિક્ષકો બરાબર ફાયદો ઉઠાવતા.''

નસીરૂદ્દીન તૂસીએ ''મૂરાગા''માં જે વૈધશાળા (પ્લેનેટોરિયમ)ની સ્થાપ્ના કરી હતી તેમાં તેણે ચાર લાખ પ્રાચીન હસ્તલિખિત લખાણો ભેગાં કર્યાં હતાં. બુખારાનો સુલ્તાન મુહમ્મદ અલ્મન્સૂર બીમાર પડયો. ઈબ્ને સીના જેની ઉંમર હજુ અઢાર વરસ હતી, તેણે સુલ્તાનનો ઈલાજ કર્યો. અને સુલ્તાન તંદુરસ્ત થઈ ગયો તો તેણે ઈબ્ને સીનાને તેનો બદલો આપવા માટે એ રસ્તો કાઢયો કે તેને પોતાની અંગત (પર્સનલ) લાયબ્રેરીથી ફાયદો ઉઠાવવાની પરવાનગી આપી દીધી. તેના મહેલનો લગભગ હિસ્સો કિતાબોથી ભર્યો હતો જ્યાં દરેક વિષયની કિતાબો, અલગ અલગ રાખવામાં આવી હતી. ઈબ્ને સીનાએ કેટલાયે વરસો આ કિતાબ ઘરમાં ગુજાર્યાં. તે લખે છે કે, ત્યાં મેં એવી એવી કિતાબો જોઈ જેનાં નામો પણ લગભગ લોકોએ સાંભળ્યાં નહીં હોય.

કાહેરા (કેરો)માં ખલીફા અઝીઝ બિલ્લાહે જે કિતાબ ઘર સ્થાપ્યું હતું તેમાં કિતાબોની સંખ્યા સોળ (૧૬) લાખ હતી, જેમાં ગણિત શાસ્ત્રની છ હજાર પાંચસો (૬૫૦૦), ફિલોસોફીની અઢાર હજાર (૧૮૦૦૦) કિતાબો હતી. તેનો પુત્ર જ્યારે સત્તા ઉપર આવ્યો તો તેણે એક અન્ય શાનદાર લાયબ્રેરી ઉભી કરાવી જેમાં અભ્યાસ કરનાર માટે અઢાર (૧૮) હોલ હતા જ્યાં બેસીને લોકો પોતાની ઈચ્છા મુજબની કિતાબોનો અભ્યાસ કરતા. કદાચ આ જ લાયબ્રેરીઓને જોઈને ઈ.સ. ૯૯૯માં વોર્ન ઔરિયેકે સીફત્રોસ બીજાના નામથી રોમાનો પોપ બન્યો હતો તેણે ઘણા નિરાશાજનક અંદાજમાં કહ્યું હતું :–

''આ એક હકીકત છે કે આખા રોમમાં એક વ્યક્તિ પણ એટલી ક્ષમતા નથી ધરાવતો કે તે આ મહાન લાયબ્રેરીના દરવાજા ઉપર દરબાન (ગેટ કીપર) તરીકે ફરજ બજાવી શકે !''

## ★ મુસલમાનોની ઈલ્મી પ્રગતિનો આશ્ચર્યજનક અહેવાલ ★

મુસલમાનોની ઈલ્મ સંબંધે પ્રગતિ તથા તરક્કીના આ આશ્ચર્યજનક તથા અદ્ભૂત અહવાલ તે યુગની વાત છે કે જ્યારે યૂરોપે ઈસાઈયત સ્વીકાર કર્યાને હજારો વરસ વિતી ચૂક્યાં હતા, અને હજુ સુધી તેઓ અંધશ્રધ્ધાઓ તથા ખોટી માન્યતાઓના અંધકારમાં ભટકી રહ્યા હતા, જે દૌરમાં મુસલમાનોની લાયબ્રેરીઓ લાખો કિતાબોથી સુસજ્જ હતી અને દરેક ફન (વિષય) તથા શાસ્ત્રમાં તેમણે તેહકીક (રિસર્ચ) તથા સંશોધનના ઝંડાઓ ખોસી દીધા હતા, તથા હમેશાં જીવંત રહેનારી કિતાબો વડે ઈન્સાનિયતનો દામન માલામાલ કરી આપ્યો હતો એ અરસામાં યૂરોપમાં કિતાબોના લખાણ તથા સંપાદનની ગતિ જોઈને તમને ચોક્કસ આશ્ચર્ય થશે તથા આ એક હજાર વરસના સમયગાળામાં ઈલ્મ પ્રત્યે તેમની ગતિવિધિઓ કેવી હતી તે જાણી તમો ચોંકી ઉઠશો !

ડો. ગુલામ જીલાની બર્ક લખે છે કે :–

બારમી સદી ઈ.સ. સુધી ઈસાઈ યૂરોપમાં કિતાબોના સંપાદન અંગેની ઝડપ આ પ્રમાણે હતી :–

| દેશ | સમયકાળ | લેખકોની સંખ્યા | કિતાબોની સંખ્યા |
|---|---|---|---|
| રોમ (પશ્ચિમ તથા પૂર્વ) | ઈ.સ. ૫૫૫ થી ૧૩૮૦ સુધી | લગભગ ૨૦ | લગભગ ૫૦ |
| જર્મની | ઈ.સ. ૧૩૫૦ થી ૧૩૮૦ સુધી | લગભગ ૫૦ | લગભગ ૧૦૦ |
| ફ્રાંસ | ઈ.સ. ૧૦૫૦ થી ૧૩૮૦ સુધી | લગભગ ૧૦ | લગભગ ૧૫ |
| બ્રિટન | ઈ.સ. ૧૧૬૦ થી ૧૩૮૦ | લગભગ ૧૫ | લગભગ ૨૫ |
| **ટોટલ** | | **૯૫** | **૧૯૦** |

## ★ યૂરોપની ઈલ્મ દુશ્મનીની દર્દનાક દાસ્તાન ! ★

**જાણે આખા યૂરોપના કલમકારોએ અંદાજિત હજાર વરસમાં બસો કિતાબો લખી.** હવે તમે જાતે જ વિચારો કે **જ્યારે ઈસ્લામી જગતની દરો દીવાર ઈલ્મો હિકમતની રોશનીથી જગમગી રહી હતી ત્યારે યૂરોપ જેહાલત તથા અજ્ઞાનતાની ગીચ તથા અંધકાર ભરી ખાડીમાં પડેલુ હતું. ફક્ત એટલું જ નહીં કે તેમને ઈલ્મ પ્રત્યે કોઈ રુચી ન હતી, બલ્કે ઈલ્મની સાથે તેઓને જે દુશ્મની હતી તેની દાસ્તાનો વાંચીને તો કાળજુ પણ ફાટી નીકળે છે !** જ્યાં જ્યાં પણ તેઓને ઈલ્મ તથા હિકમતનો દીપક રોશન નઝર આવ્યો તેમણે તેને બુજાવીને જ દમ લીધો ! અને જેણે આ દીપકને પ્રગટાવ્યો હતો તેને પણ ભયાનક સજાઓ આપી ! ઈસાઈયત કબૂલ કર્યા પછી એક લાંબી મુદ્દત સુધી યૂરોપ રોમના પોપોના તાબા હેઠળ રહ્યું, અને પાપાઈ શાશનમાં માત્ર દીની કિતાબોના અભ્યાસને જ ઈલ્મની અંતિમ સીમા સમજવામાં આવતી હતી. આ કષ્ટદાયક હકીકત તરફ વાંચકોનું ધ્યાન દોરવાની કોઈ ખાસ જરૂરત નથી કેમ કે તેમણે પોતાની આસ્માની કિતાબોમાં તેહરીફ (ફેરફાર) તથા ઈચ્છા મુજબના પરિવર્તનો કરવાની જ પરંપરા સદીઓ સુધી ચાલુ રાખી જેથી તે કિતાબોનું અસલ રૂપ બદલાઈ ગયું અને એ જ ઈચ્છા અનુસાર ફેરફાર કરી નાખેલ કિતાબોને ઈલ્મ તથા તાલીમની અંતિમ હદ યકીન કરી લેતા હતા. તેનાથી હટીને જો કોઈ સતત વિચાર તથા ચિંતન અને તેહકીક તથા પ્રેક્ટિકલથી કોઈ અન્ય વાસ્તવિક્તાને પ્રાપ્ત કરી લેતો તો ન માત્ર એટલું જ કે તેને બુરુ ભલુ કહેતા, બલ્કે તેને ભયાનક સજાઓ આપવામાં આવતી. ''ડરીયરે'' પોતાની મશહૂર કિતાબ ''ધર્મ તથા સાઈન્સનું યુધ્ધ''માં કેટલાક આ પ્રકારના દર્દનાક બનાવો નકલ કર્યા છે જેને સાંભળીને પ્યારા વાંચકો પણ યૂરોપની બૌદ્ધિક અધોગતિ તથા નીચ વિચારસરણી ઉપર માતમ કરવાથી પોતાને રોકી નહીં શકે !

(૧) યૂનાન (ગ્રીસ)ની એક છાત્રા જેનું નામ ''હાએપીશા'' હતું. ઈ.સ. ૪૧૪ માં ઈલ્મ પ્રાપ્ત કરવા માટે એલેકઝેન્ડ્રી ઈસ્કંદરિયા આવી. વરસો વરસ તે ઈલ્મ પ્રાપ્તિમાં વ્યસ્ત રહી, ત્યાં સુધી કે તેણી ફિલોસોફીમાં ઉસ્તાદ ગણાવા લાગી. તેણીને અફલાતૂન તથા અરસ્તૂની ફિલોસોફી, ગણિતશાસ્ત્ર તથા આંકડાશાસ્ત્રના વિષયોમાં ઘણી મહારત પ્રાપ્ત હતી. ઈસ્કંદરિયાના ''બિશપ સાઈરલે'' તેના ઉપર કુફ્રનો ફત્વો આપ્યો. એક દિવસ તેણી દર્સ આપવા માટે પોતાની દર્સગાહમાં જઈ રહી હતી. બિશપ સાઈરલે મોકલેલા અમુક પથ્થર દિલ રાહિબો (પાદરીઓ)એ તેણીને પકડી લીધી. પહેલાં તો તેને નિર્વસ્ત્ર કરીને બજારમાં ઘસેડવામાં આવી, ત્યારબાદ તેઓ તેણીને ગિર્જા (ચર્ચ)માં લઈ ગયા ત્યાં ધારદાર તેજ છીપોની કાંચળી વડે તેની ચામડી ઉઝેડીને પથ્થર વડે તેનું માથુ તોડયું, લાશના ટુકડા ટુકડા કર્યા અને તેને આગમાં નાખી આપ્યા.

(૨) ગેલેલિયો (ઈ.સ. ૧૬૪૨) ફ્લોરેન્સ, ઈટાલીનો તે પ્રસિદ્ધ ખગોળ શાસ્ત્રી છે જેણે દૂરબીનની શોધ કરી. જ્યારે તેણે કારનીકીના સૂર્ય સંબંધિત પધ્ધતિવાળા સિધ્ધાંતની હિમાયત કરી તો પોપે તેની ઘરપકડ કરી ધાર્મિક અદાલત સમક્ષ રજૂ કર્યો. અદાલતે તેને જેલમાં ધકેલી આપ્યો જ્યાં તે દસ વરસ સુધી અતિ કષ્ટદાયક જીવન

વિતાવી ઈ.સ. ૧૬૪૨ માં મૃત્યુ પામ્યો.

(૩) ઈટાલીનો મશહૂર ફિલોસોફર ''બ્રોનો''ને ધાર્મિક અદાલતે ઈ.સ. ૧૬૦૦ માં જીવતો સળગાવી નાખ્યો.

હું આ દાસ્તાને અલમ (દર્દભરી દાસ્તાન)ને લંબાવીને પ્યારા વાંચકોનાં દિલો દિમાગને અધિક ઘા પહોંચાડવા નથી માંગતો, પરંતુ એક વાત જે એનાથી પણ વધારે દુઃખદાયક છે તે રજૂ કરવા માંગુ છું.

યૂરોપે પોતાના આલિમો (સ્કોલર્સ) તથા વિધ્વાનો સાથે જાનવરો જેવા વર્તાવ કર્યા છે, તે પણ માનવતા પર એક મોટો અત્યાચાર હતો, પરંતુ ઈલ્મો હિકમતના જે અદ્‌ભૂત ખજાનાઓ મુસલમાન ઓલ્મા તથા ફાઝિલોએ પોતાના જીવનભરના રાત્રિ જાગરણ તથા ખૂને જિગરની મિલાવટથી સંપાદિત કર્યા હતા, જ્યાં જ્યાં પણ યૂરોપિયોના હાથમાં વહીવટ આવ્યો ત્યાં ત્યાં તેમણે આ ખજાનાને પણ સળગાવીને રાખ કરી નાખ્યો. સ્પેનમાં મુસ્લિમોના ચાર મોટા મોટા સાંસ્કૃતિક કેન્દ્રો હતાં : કુર્તુબા, ગરનાતા, સિસ્લી, તલીતલા, દરેક કેન્દ્રમાં જેમ કે ઉપર બયાન કરવામાં આવ્યું શાનદાર લાયબ્રેરીઓ હતી. જ્યારે ''ફ્રિડીનને'' મુસ્લિમ શાસનનો ત્યાં ખાત્મો કરી નાખ્યો તો આ ઈલ્મો હિકમતના અનમોલ ખજાનાઓને પાદરીઓએ આગની ભેટ ચઢાવી દીધા. ફક્ત તલીતલામાં મુસલમાનોની એંસી (૮૦) હજાર કિતાબો આગના હવાલે કરી આપી. *(તશ્કીલે ઈન્સાનિયત, પેજ–૨૫૦)*

તરાબુલ્સમાં તે યુગની એક મહાન લાયબ્રેરી હતી જેમાં કિતાબોની સંખ્યાં ત્રીસ (૩૦) લાખ બતાવવામાં આવે છે. સલીબી જંગો દરમ્યાન એક વખત સલીબના ઝંડાધારીઓનું લશ્કર આ શહેરમાં ઘૂસવામાં સફર થઈ ગયું તો તેમણે આ કિતાબ ઘરને આગ લગાડી દીધી, તમામ કિતાબો સળગાવી નાખી તથા મુસલમાનોની છસો વરસની મહેનતને આગમાં ઝોંકી દીધી !

મુસલમાનોનો આ ઈલ્મી સરમાયો યૂરોપના તંગદિલ પાદરીઓ તથા રાજાઓએ સળગાવીને રાખ કરી નાખ્યો અને જે કાંઈ પણ કસર બાકી હતી તે તેરમી સદીમાં તાતારીઓએ પૂરી કરી નાખી. તેમાયે બગદાદ, કૂફા, બસ્રા, હલબ, દમિશ્ક, નીશાપૂર, ખુરાસાન, ખ્વારઝમ તથા શીરાઝની સેંકડો લાયબ્રેરીઓ જેમાં કિતાબોની કુલ સંખ્યા ત્રણ કરોડથી વધુ હતી તેને ભસ્મ કરી નાખી, અસંખ્ય ઓલ્માને શહીદ કરી નાખ્યા.

## ★ વર્તમાનકાળમાં મુસ્લિમોની ફરજ શું છે ? ★

તે ઉમ્મત જેનો સૌથી પહેલો સબક઼ ''ઈક઼રઅ'' હતો તે ઉમ્મતે ઈલ્મ પ્રાપ્તિ માટે તથા તેની પ્રગતિ અંગે જે ઉદારતા સદીઓ સુધી દાખવી છે અને દરેક જગ્યાએ ઈલ્મો હિક઼મતના અન્વારથી ઉજાશ કરી આપ્યું, હજારો યુનિવર્સિટીઓ, લાખો દારુલ ઉલૂમો તથા અસંખ્ય મદ્રસાઓ પોતાના શાસનોમાં ક઼ાયમ કર્યા તથા આલિમો, ફનકારો (કલા વિદ્યા નિષ્ણાતો)ની હોસલા અફઝાઈ (પ્રોત્સાહન) માટે પોતાના ખજાનાઓના દરવાજા ખોલી નાખ્યા, આ પરિણામ હતું તે રબ્બાની સબક઼ (પાઠ)નું જે કાએનાતના હાદી ﷺને પોતાના ખાલિક઼ તથા માલિકે સૌથી પહેલાં પઢાવ્યો હતો.

આપણે જે અસ્લાફ (પૂર્વજ બુઝુર્ગો)ના વારસદાર છીએ તેમનાં કારનામાંઓ તમે જોયાં. આપણી પણ ફરજ બને છે કે આપણે પણ વર્તમાન નિષ્ક્રિયતા તથા શિથિલતાને તોડીને ઈલ્મ તથા હિક઼મતની દુનિયામાં જે ખોટી માન્યતાઓ તથા અંધ વિશ્વાસોનો અંધકાર રાત દિવસ ફેલાય રહ્યો છે તેનો નાશ કરીએ તથા સાચા ઈલ્મના દીપકને જલાવી ફરીથી માનવ જગતને અંધકારભરી રાતોને આપણી સતત મહેનત તથા લગાતાર કોશિશો વડે (ઈલ્મનો) ઉજાસ તથા પ્રકાશ ભરી દઈએ. *(મક઼ાલાત, અઝ : પીર કરમશાહ અઝહરી)*

રબ્બે કરીમથી દુઆ છે કે જગતભરમાં ઈલ્મના ડંકા વગાડનારી આ ક઼ૌમે મુસ્લિમ ફરીથી ઈલ્મ દોસ્ત બને અને ઈલ્મી તરક્કીઓ કરીને ઈસ્લામી સુસંસ્કૃત કલ્ચર તથા અમ્નનો માહોલ જગતભરમાં બનાવવા પોતાના ઈલ્મનો ઉપયોગ કરે, નહીં કે જેમ ઈલ્મનો દુરૂપયોગ કરી પશ્ચિમી તથા અમેરિકીઓ જગતને જહન્નમ બનાવવા મથી રહ્યા છે.

# બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

**★ બાલાસિનોરમાં જામિઆ ઉમ્મુલ અવલિયા દરિયાઈ ★**

**બાલાસિનોર** : (જિ. ખેડા) ખાતે તા. ૩–૭–૧૦ના રોજ અસરની નમાઝ બાદ એક રૂહાની જલસામાં પીરે તરીકત હઝરત સૈયદ સફીયુલ્લાહબાવા દરિયાઈના મુબારક હસ્તે આપની સરપરસ્તીમાં તથા હઝરત હાફિઝ કારી મુહમ્મદ ઈદરીસખાન બાલાસિનોરીની સદારતમાં વિવિધ ઉલમા તથા સાદાતની હાજરીમાં મુસ્લિમ બચ્ચીઓ માટેના મદ્રસાની સંગે બુન્યાદ રાખવામાં આવી. સખીદાતા આ કામમમાં ભરપુર સહકાર કરે એવી અપીલ છે.

**સંપર્ક કરો** : જન. સેક્રેટરી : હાજી અ. રશીદ ગુજરાતી, હૈદરી ચોક, મદીના મસ્જિદ પાછળ, બાલાસિનોર, જિ. ખેડા, મો. ૯૯૯૮૧૮૬૫૯૪

**જંબુસર** : (જિ. ભરૂચ) મુકામે તા. ૧૨–૭–૨૦૧૦ના રોજ ઈશાબાદ જુમ્મા મસ્જિદ ખાતે "જશ્ને ઈમામે આ'ઝમ" رضی اللہ عنہ મનાવાયો જેમાં મૌલાના ઈસ્માઈલ દહેગામી તથા અન્ય હઝરાતે નઅતના ગુલદસ્તા પેશ કર્યા પછી મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી દહેગામી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ વલવલાઅંગેઝ મુખ્તસર બયાન કર્યું અંતમાં હઝરત મૌલાના સૈયદ અમીનુદ્દીન કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવી)એ શાને ઈમામે આ'ઝમ رضی اللہ عنہ પર શાનદાર ગુફતગૂ કરી તથા અહલે હદીષની પોકળતાને છતી કરી હાજરજનોનાં ઈમાન તાજાં કરી આપ્યાં હતાં.

**★ વલણમાં મસ્જિદે રઝાની સંગેબુન્યાદ ★**

**વલણ** : (તા. કરજણ) મુકામે તા. ૧૨–૭–૨૦૧૦ના રોજ અસરની નમાઝ બાદ હઝરત મૌલાના સૈયદ અમીનુદ્દીન કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)ના મુબારક હસ્તે હઝરત સદરુદ્દીનબાવા رحمۃ اللہ علیہ દરગાહ સંકૂલમાં "મસ્જિદે રઝા"ની સંગે બુન્યાદ રાખવામાં આવી. અસરની નમાઝ બાદ સંક્ષિપ્ત પ્રોગ્રામમાં તિલાવતે કુર્આને પાક જનાબ કારી ઈરફાન નમાઝી (મુદર્રિસ : દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ)એ અનોખા અંદાઝમાં પઢી બાદમાં નઅતે પાક પેશ કરી હાજરીનને મેહઝૂઝ કર્યા છેવટમાં હઝરત સૈયદ અમીનુદ્દીન સાહબે ટૂંકમાં પણ જામેઅ અસરકારક બયાન મસ્જિદના સંબંધે કર્યું હતું. દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામના નાઝિમે આ'લા દાઉદભાઈ ગોરજી તથા હાફિઝ અબ્દુલ્લાહ ઝંઘારવી સાહબ, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચના નાઝિમે આ'લા હાફેઝ હનીફ રિફાકતી, મૌલાના ઈસ્માઈલ અમજદી રોઝા ટંકારવી, મૌલાના હસન અશરફી હલદરવી (પેશ ઈમામ : વલણ મસ્જિદ), હાફેઝ યાકૂબ રઝવી હલદરવી, હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાળા, પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી વગેરેએ હાજરી આપી હતી તથા અન્ય મકામી તથા આસપાસ સુન્નીઓએ ઉત્સાહભેર હાજરી આપી સંગે બુન્યાદનો પ્રોગ્રામ કામયાબ બનાવ્યો હતો. મઝકૂર મસ્જિદના કામને સંપૂર્ણ કરવા માટે સખીદાતાઓને ખાસ અપીલ છે કે પોતાના તથા મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે ભરપુર સહાય કરશો–કરાવશો.

**સંપર્ક કરો** : ધી વલણ ગુલશને અજમેરી સુન્ની અંજુમન કમિટી, C/o. હઝરત સદરુદ્દીનબાવા દરગાહ, નાની સેલારવાડી, હાજી યાકૂબ સુલેમાન વાંસીવાળા–વલણ, તા. કરજણ, મો. ૯૭૧૪૨૭૩૫૦૨ તથા ૯૮૯૮૭૦૬૧૯૨

**★ શાદી મુબારક ! ★**

**દયાદરા** : મુકામે તા. ૧૧–૬–૨૦૧૦ જુમ્આની નમાઝ બાદ નૂરાની–મુખ્તારુલ મસાજિદ મસ્જિદ દયાદરામાં દાઉદ સુલેમાન દેરાવાલાના નેક ફરઝંદ હાફિઝ મોહસિનના નિકાહ ટંકારીઆ નિવાસી મુબારક મૂસા બશેરીની નેક દુખ્તર રોશનબાનુ (તંત્રીની ભાણી) સાથે રાખવામાં આવ્યા. કિર્અત, કસીદા બુર્દા શરીફ પઢાયા પછી નિકાહ મૌલાના શાહજહાં મિસ્બાહીએ પઢાવ્યા. બાદ સલાતો સલામ પઢવામાં આવી. દુઆ સરકારે કલાંના સાહબઝાદા હઝરત સૈયદ અલી અશરફ સાહબ કછોછવીએ કરી હતી.

**પીપળીયા** : (તા. વાગરા) મુકામે હાફેઝ અબ્દુલ્લાહ રાજના વાલિદ સાહબ હાફિઝ અ. રહમાન રાજ તા ૭–૭–૨૦૧૦ના રોજ ઈન્તેકાલ કરી ગયા.

તેમના ઈસાલે સવાબ અર્થે રૂા. ૨૫૧/– હાફિઝ સાહબ તરફથી મળ્યા છે. રબ્બે કરીમ મર્હૂમની મગફેરત ફર્માવે. જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) –*તંત્રી*

**માપલ્લી** : (તા. ઉંઝા) અહીંયાં પર શહનશાહે ગુજરાત હુઝૂર સૈયદઅલી મીરાંદાતાર સરકાર رحمۃ اللہ علیہનાં વાલેદા મોહતરમા હઝરત સૈયદા રાસ્તી અમ્મા સાહેબ رضی اللہ عنہاનો ઉર્સ શરીફ રજબ ચાંદ–૧૬ અને અંગ્રેજી તા. ૨૯–૬–૨૦૧૦ના રોજ મનાવવામાં આવ્યો. સાંજે ૭.૦૦ વાગે દરગાહ શરીફમાં જુલૂસની સાથે સંદલ શરીફ, ઈશાની નમાઝ બાદ કુર્આન ખ્વાની, મીલાદ શરીફ તથા વાએઝનો પ્રોગ્રામ થયો. *રજૂકર્તા : સૈયદ હસનઅલી મુહમ્મદમિયાં હુસૈની (મુ.પો. માપલ્લી, તા. ઉંઝા)*

**★ નાપાડમાં જશ્ને સિદીકે અકબર رضی اللہ عنہ ★**

**નાપાડ** : (તા. આણંદ) ૨૨–જમાદીઉલ આખર ઈશા બાદ હઝરત પંજનત શહીદ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن દરગાહ શરીફ પાસે હઝરત સૈયદ મુખ્તારહુસૈન ચાચાબાવા કાદરીની સરપરસ્તીમાં જશ્ને સિદીકે અકબર (رضی اللہ عنہ) મનાવાયો જેમાં સ્થાનિક તથા બહારના નઅત ખ્વાનોએ નઅતો પઢી તથા ઉલમાએ કિરામે શાને હઝરત સિદીકે અકબર رضی اللہ عنہ માં બયાનો કર્યા હતાં. –*રજૂકર્તા : મૌલાના મુહમ્મદ અન્વર રઝા અજમેરી (નાપાડ)*

**ઉમલ્લા** : (તા. ઝઘડિયા) ખાતે તા. ૯–૭–૨૦૧૦, ૨૭ રજબુલ મુરજ્જબની રાત્રે શબે મેઅરાજનાં મોકા પર સુન્ની દા'વતે ઈસ્લામીનો સુન્ની ઈજતેમા મસ્જિદમાં થયો જેમાં નઅતે પાકના ગુલદસ્તા પછી નમાઝનો પ્રેક્ટિકલ તરીકો મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ ઈમરાનભાઈ (પાલેજ)એ બતાવ્યો તથા મસાઈલ શીખવાડયા હતા. અંતે હાફેઝ વલી મછાસરવીએ દુઆ ગુજારી હતી.

**ઉમલ્લા** : ખાતે લાલભાઈ મુહમ્મદભાઈ ઘંટીવાળાને ત્યાં પૌત્ર જન્મ થતાં તેની ખુશી રૂા. ૫૦૦/– **બરકાતે ખ્વાજા** (માસિક)ને તથા રૂા. ૫૦૦/– **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ**ને આપ્યા છે. નામ મુહમ્મદ શાકિર રાખ્યું છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ નવાંગતુકને બંને જહાનમાં આબાદ રાખે, માં બાપ તથા દાદા તથા સૌની આંખોની ઠંડક બને. (આમીન) –*તંત્રી*

**રાજપારડી** : રિઝવાન રાજાને ત્યાં પુત્ર જન્મની ખુશીમાં રૂા. ૫૦૦/– **બરકાતે ખ્વાજા** (માસિક)ને આપ્યા છે. ગુલામ અહમદ રઝા નામ આપ્યું છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદકામાં પુત્રને તથા કુટુંબીજનોને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન) –*તંત્રી*

**કુરચણ** : (તા. આમોદ) જનાબ શબ્બીર આદમ અંગૂઠી તરફથી પુત્ર ધો. ૧૦માં ઉત્તીર્ણ થવાની ખુશીમાં રૂા. ૫૦૦/– **ઈસ્લામિક વેલ્ફેર મિશન**ને મળ્યા છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદકામાં એમને બંને જહાનમાં કામયાબી બખ્શે. (આમીન) –*તંત્રી*

***નોંધ** : સ્થળ સંકોચને કારણે ઘણા સમાચારો નથી લઈ શકાયા તો દરગુઝર કરશો. –તંત્રી*

**લેખ હરીફાઈનું પરિણામ......**

વિષય : **ઈસ્લામમાં જૂઠ તથા વાદાખિલાફીની બુરાઈ અને આપણો માહોલ**

**પ્રથમ નં : અબ્દુર્રહમાન દાઉદ પટેલ-પારખેત**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**બીજો નં. : મુહમ્મદ મુઈનુલ હક્ક-મોડાસા**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ મુસ્તફાઈયા–હલદરવા)*

**ત્રીજો નં. : અબ્દુર્રઉફ યાકૂબ પટેલ-પાલેજ**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**હવે કયા વિષય પર લેખ મોકલશો ?!**

## નવી પેઢીની ઈસ્લામથી દૂરીના સબબો તથા તેનો ઈલાજ

આજે યંગ જનરેશનમાં પશ્ચિમી કલ્ચર, બેહયાઈભરી ફેશનોમાં મોટાઈ સમજવું અને ઈસ્લામી લિબાસ, દાઢી વગેરેથી નાનમ અનભવવું તથા છોકરીઓનું અંગ પ્રદર્શન કરવું અને પર્દો કરવાથી શરમાવું, નમાઝ તથા અન્ય શરીઅતની વાતોથી દૂર રહેવું વગેરે માટે કોણ જવાબદાર છે તથા એમને શી રીતે સુધારી શકાય એ સંબંધે ચિંતનયુક્ત લખાણ કરવું.

**તા. ૧૦–૧૦–૨૦૧૦ સુધીમાં આ વિષયે લેખ મોકલી આપવો.** -*તંત્રી*

# રમઝાન મુબારકમાં આ સંસ્થાઓને ભૂલશો નહીં !

➡ **ઈસ્લામિક વેલ્ફેર મિશન**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા. પો. **દયાદરા** તા. જિ. ભરૂચ (ગુજરાત), પિન–૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,

**નોંધ** : આપણી આ પ્યારી સંસ્થા થકી ગરીબ આબાદીઓમાં લગભગ **૨૨૦**, મદ્રસા–મસ્જિદના સંચાલનોમાં સહકાર કરવામાં આવે છે તેમજ અન્ય સહાયનાં કામો થાય છે તથા....

➡ **અંજુમને રઝાએ મુસ્તફા**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા. પો. **દયાદરા** તા. જિ. ભરૂચ (ગુજરાત), પિન–૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,

અહલે સુન્નત વ જમાઅત, મસ્લકે આ'લા હઝરતના પ્રચાર તથા પ્રસાર માટે એલાને હક્ક ડંકાની ચોટ પર કરતી આ અનોખી સંસ્થા થકી વરસભર ઉચ્ચ કોટીના ઉલમાનાં લખાણોની કિતાબો પ્રસિદ્ધ થતી રહે છે તો આ કાર્યમાં સહાય કરો. વાર્ષિક મેમ્બર ફી રૂા. ૩૦૦/– ભરીને વર્ષ ભર ઘર બેઠાં અણમોલ કિતાબો મંગાવો.

**આપની લિલ્લાહ, ઝકાત, સદકા, ઉશ્ર, ફિત્રા, ન્યાઝ.... વગેરેની રકમો ઉપરોક્ત બંને સંસ્થાઓને મોકલી સહકાર કરશો એવી નમ્ર અરજ છે.**

➡ **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા**, ઠે. ચાર રસ્તા, બસ સ્ટેન્ડ પાસે, મુા.પો. તા. **આમોદ**, જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, આલિમ, હાફિઝ, કારી, ઈમામ તથા મુબલ્લિગ બનવા માટેના વર્ગો ચાલે છે. આપની હલાલ કમાઈમાંથી લિલ્લાહ, ઝકાત, સદકા, ઉશ્ર, ફિત્ર, ન્યાઝ... વગેરે મોકલી ભરપુર સહકાર કરશો. તેમજ તમારાં તેજ બુદ્ધિવાળાં બાળકોને દાખલો અપાવવા અમારો સંપર્ક કરશો. (મર્યાદિત તલબાને જ દાખલ આપવામાં આવે છે.)

*–લિ. (પ્રમુખ) પટેલ શબ્બીર અલી રઝવી, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧*

## છે કોઈ હદીષોના પ્રચારનો ચાહક ?!

**નુઝહતુલ કારી શરહે બુખારી** એટલે **"બુખારી શરીફની શરહ (ભાગ-૨)"** હાલમાં છપાઈને આવી ગઈ છે. તો પોતાના મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે આ કામમાં કોણ છે જે અમારી મદદ કરે ?! અંદાજીત ખર્ચ **રૂા. ત્રણ લાખ તેત્રીસ હજાર** (૫૦૦૦ કોપી)નો ખર્ચ થયો છે. બિલની ચૂકવણી હજી બાકી છે. તો અમારા આ સાહસમાં અલ્લાહ વ રસૂલની મહોબ્બતને ખાતર કોણ છે જે અમને ટેકો કરે ?! **રૂા. ૩૦૦/-** ભરી **"અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા"**ના **મેમ્બર** થનારને આ કિતાબ તથા વરસભર છપાતી અન્ય કિતાબો ફ્રીમાં ઘેર બેઠાં મળશે.

**સંપર્ક કરો :-** તંત્રી બરકાતે ખ્વાજા, ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૧૦૪૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## દારુલ ઉલૂમ ગુલશને અજમેર-ભરૂચ

ઠે. રયહાન નગર, બાવા રયહાન દરગાહ પાસે

ભરૂચની ધરતી પર વર્ષોથી ચાલી રહેલા સુન્ની ઈદારામાં હાફિઝ, ક઼ારી આલિમની સાથો સાથ કોમ્પ્ટયુરની તા'લીમ પણ આપવામાં આવે છે તો આપના આ ઈદારાને લિલ્લાહ ઝકાત, સદક઼ા, ખયરાત, ન્યાઝ....વગેરે આપી અપાવી સહકાર કરશો એવી અપીલ છે.

નાઝિમે આ'લા : **હાફેઝ મુહમ્મદ હનીફ રિફાક઼તી**

મો. ૦૨૬૪૨-૨૫૫૭૦૮મો. ૯૮૨૪૧૩૬૨૫૭

## દારુલ ઉલૂમ અન્વારે મુસ્તફા-સેહલાવ

રાજસ્થાનના રેતાળ વિસ્તારમાં એહલે સુન્નતની શમ્અને રોશન રાખતા ઘાસ વાંસનાં બનેલા મકાનોમાં ચાલતા આ ઈદારામાં હાફિઝ, આલિમ, ક઼ારીની તેમજ દીની તથા દુનિયવી તા'લીમના પણ વર્ગો ચાલે છે તો આપની સખાવતમાં એને જરૂર યાદ રાખશો.

ઠે. સેહલાઉ, પો. ગરડીયા, તા. રામસર

જિ. બાડમેર (રાજ.) ફોન : ૦૨૯૮૫૨૧૭૨૫૧

મો. ૦૯૪૧૪૧૨૭૧૮૬, ૯૯૮૨૩૧૨૬૩૫

**ઔષધ ઉપચાર**

**ઘર બેઠાં વજન ઘટાડો-વધારો તથા વા-પગનાં સાંધા, ઘુંટણ-એડી તેમજ હાડકાની તીવ્ર વેદના પર અત્યંત અસરકારક હર્બલ ઈલાજ ૧૦૦% નિર્દોષ ગેરેંટેડ.**

સંપર્ક : **ઈસ્માઈલ સાલેહ** મુ.પો. દયાદરા (ભરૂચ) ફોન : (૦૨૬૪૨) ૨૮૦૩૨૨, ૨૧૩૫૩૦

મો. ૯૮૯૮૧૦૪૯૯૫ *(દવા વી.પી. પોષ્ટ દ્વારા પણ ઉપલબ્ધ)*

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. પટેલ યુવતી** : જ. તા. ૧૯-૬-૧૯૮૬, એજ્યુ. પી.ટી.સી પાસ (સૂરત તરફ)

**૨. પટેલ યુવતી** : ઉ. વ. ૩૦, દેખાવડી, એજ્યુ. $7^{Th}$ Pass મિડિયમ અંગ્રેજીમાં, ઉંચાઈ : ૫.૬', વજન : 75 Kgs., ભાષા જાણકાર : ઈંગ્લિશ, ગુજરાતી, ઉર્દૂ (ભરૂચ સાઈડ)

**૩. રાજ યુવતી** : જ. તા. ૧૯-૧૧-૧૯૮૧, ઉંચાઈ : ૫.૦', વજન : 53 Kgs., એજ્યુ. B. sc. (Chem.) Lab Chemist (કરજણ સાઈડ)

**૪. શેખ યુવતી** : જ. તા. ૧૦-૧૦-૧૯૮૩, ઉંચાઈ : ૫.૧', એજ્યુ. B.com $1^{st}$ class, IATA Foundation Degree in The Avitation Management $1^{st}$ Class, ભાષા : હિંદી, ગુજરાતી, ઈંગ્લિશ, ઉર્દૂ. (અમદાવાદ)

**૫. મોમિન વિધુર** : ઉ. વ. ૪૨, નિઃસંતાન, વિધુર, S.S.C. પાસ, એક હાથે અંપગ, કાપડનો વેપાર, આવક : રૂા. ૯૦૦૦/-, કાઠિયાવાડના વતની, હાલ : સુરત

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)-કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧